
મુન્તખબુલ કુરાન

અરબી-ગુજરાતી તરજુમા સાથે

અલ્વી હદીસ ગ્રુપ
(મૌલાના મોહમ્મદ તકી હાફિઝ)



અનુક્રમણિકા

- દુઆનું મહત્વ અને શરતો
- સુરે હમ્દ
- સુરે યાસીન
- સુરે રહેમાન
- સુરે વાકેઆ
- સુરે અન્કબુત
- સુરે રૂમ
- સુરે દુખાન
- સુરે જુમ્આ
- સુરે મુલ્ક
- સુરે નબઅ
- સુરે આઅલા
- સુરે શમ્સ

- સુરે કદ્ર
- સુરે ઝીલઝાલ
- સુરે આદિયાત
- સુરે કારેઅહ
- સુરે નસ્ર
- સુરે કૌસર
- સુરે તૌહિદ
- સુરે ફલક
- સુરે નાસ
- આયતલ કુર્સી

દુઆનું મહત્વ અને શરતો

એ જીંદગી, શું કામની કે જે બંદગીથી ખાલી હોય! મોત અને હયાતના ફલસફા તો એ જ છે કે ખુદ ખાલિકે હકીકીની ઈબાદત કરવામાં આવે. શંકા નથી કે ખાલિકે કાયનાતની બધીજ મખ્લુક જિન્ન અને ઈન્સાનને ફક્ત પોતાની ઈબાદત માટે જ પેદા કર્યા છે – ("મેં જિન્ન અને ઈન્સાનને માત્ર મારી ઈબાદત માટે જ પેદા કર્યા છે").

રહેમતના માલિક રબે કરીમની બારગાહમાં દુઆ કરવી અને તૌબા-ઇનાબહ કરવી – એ ઈબાદતનું મૂળ છે

હઝરત ઇન્સાન કેટલો જ શરફ અને બુલંદી નો માલિક છે કે આખી કાએનાત તેની માટે જ પેદા કરવામાં આવી.

સંપૂર્ણ કાએનાતમાં એજ એવો ઈઝ્ઝત વાળો છે જેને ઈઝ્ઝત અને તકરીમનો હકદાર ઠેહરાવયો છે. તમામ મખલૂકાતને એની ખિદમત અને નફા માટે પેદા કરવામાં આવી, પરંતુ આટલી બધી અઝમત હોવા છતાં પણ એની ખલ્કતનો હકીકી મકસદ અલ્લાહ તઆલાની મઅરફત અને ઈબાદત રાખવામાં આવી છે.

એટલે કે ઇન્સાનનું અસલ કામ ખુદા સાથે રાબતો અને તઆલ્લુક જાળવવાનો છે. પણ એ રાબતો કેવો હોવો જોઇએ?

આટલી બધી ઈઝ્ઝત હોવા છતાં, ખુદાવંદની બારગાહમાં ઇન્સાન મોહ્તાજ છે, જયારે કે ખુદા-એ-મહબૂબની જાત ગની અને અતા કરવા વાળી છે – એટલે પૂર્ણ બેનિયાઝ.

અને અલ્લાહ જેટલું કોઈ મહાન અને બુલંદ નથી ઇન્સાન જ્યારે મુશ્કિલો તકલીફો અને પરીક્ષા માં ફસાય જાય છે ત્યારે એવી ઝાત તરફ રૂજૂ કરે જે બધીજ વસ્તુ ઉપર કુદરત રાખે છે અને દરેક વસ્તુ ની ખબર રાખે છે

દુઆ થકી ઇન્સાન પોતાની મોહ્તાજી બતાવે છે અને પોતાના રબ સમક્ષ મદદની ઈલતેજા કરે છે. સ્પષ્ટ છે કે જ્યારે ઇન્સાન મુશ્કેલી અને મુસીબતમાં ફસાઈ જાય છે ત્યારે એને એક સહારાની અને એક મદદગારની જરૂરત પડે છે.

જો એ સહારો ન મળે તો એ જીવનથી નિરાશ થઈ જાય છે અને ઘણી વાર આખરી પગલું ઉઠાવવા ની પણ કોશિષ કરી બેઠે છે એક પ્રખ્યાત નફસિયાતના માહિર પ્રમાણે, જો કોઈ કૌમમાં દવા અને

મુનાજત નો અસર ઘટી જાય તો એ કૌમ ઝવાલ અને બરબાદી નો દરવાજો ખોલી નાખે છે. જે સમાજ દવા અને ઈલતેજા ની હકીકતથી બેખબર રહે છે, તેઓ ફસાદ અને હલાકત થી મહફૂઝ રહી શકતા નથી.

દરેક ઉમ્મત, દરેક ગ્રુપ અને દરેક શખ્સનો આખરી સહારો ખુદા જ હોય છે. જ્યારે હાજત એ હદે પહોંચી જાય કે કોઈ રસ્તો બાકી ન રહે, અને મુશ્કેલાતમાંથી નીકળવાનો કોઈ રસ્તો દેખાય નહિ, ત્યારે એ હાલતમાં દુઆ જ છે જે દિલને સુકુન અને શાંતિ આપે છે. અને બેચૈની ધીરે ધીરે દૂર થવા લાગે છે. અને બેઇખ્તિયાર હાથો દુઆ માટે ઊંચા થઈ જાય છે અને ઇન્સાન કહેશે:

"એ કોણ છે કે જ્યારે કોઈ મુશ્કેલીમાં મુકાયેલો ઇન્સાન દુઆ કરે, તો

એ એની દુઃખદર્દ દૂર કરે છે?" (સુરે નમલ, આયત 62)

જ્યારે બેસહારા અને નીરાશી આવે ત્યારે શક્તિ અને તાકાત કામ આવતી નથી, કોઇ ઉપાય નથી દેખાતો, ત્યારે દુઆ જ એ રોશની અને કિરણ બનીને ઝલક દેખાડે છે. જ્યારે ઇન્સાન પાસે બીજો કોઇ રસ્તો નથી હોતો તો તે ઇલતેજા અને આજેજી કરવા લાગે અને તેની આંખોમાંથી આંસૂ વહેવા લાગે, ત્યારે દુઆનો કબૂલ થવાનો સમય નજીક હોય છે.

અને આ સમયે ઇન્સાન એક પરેશાન ઇન્સાન બનીને એક એવી હસ્તી થી પોતાને નજીક મહેસૂસ કરે છે, જે દરેક વસ્તુનો માલિક છે. એનાથી તેને તનહાઇ અને એકલાપન દૂર થવા લાગે છે, નિરાશીની કાળી છાયા છુટી જાય છે.

અને પોતાની કમજોરી અને અસહાયતા હવે ઉમ્મીદની તાકાતમાં બદલાતી અનુભવે છે. એ વિચારે છે: જો મારી પાસે દુનીયાવી સહારો નથી, તો શું થયું? મારી પાસે એ સર્વશક્તિમાન અલ્લાહ અને મઅબુદ નો સહારો છે કે જેના કબઝામાં તમામ તાકાતો અને નેઅમતો છે — જે દરેક મુસીબત અને મુશ્કેલી દૂર કરનારો છે.

ખાલિક સાથે એવો રાબતો માણસને નવી જીંદગી અને જીવવાની નવી ઉમ્મીદ બક્ષે છે. અને એના પરિણામે સુકૂન, ઇતમીનાન અને રાહત મળતી હોય છે. અને એ ખુશીથી કેહતો દેખાય છે:

أَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَئِنُّ الْقُلُوبُ

"ફકત! અલ્લાહની યાદ જ દિલને ઇતમીનાન આપે છે."

આયાતો અને રિવાયતોમાં જો દુઆના દુનીયામાં અને આખેરતમાં ફાયદાઓ પર નજર કરીએ, તો એ જાહેર થઇ જાય છે કે દુઆનું કેટલું મહત્ત્વ અને ફઝીલત છે. ખૂદ ખુદાવંદે મુતઆલએ પોતાના બંદાઓને દુઆ કરવાનું હુકમ આપ્યો છે અને પોતાના પયગંબરોને પણ ફરમાવ્યું છે કે મારા બંદાઓને દુઆ માટે કહી દો.

ادْعُونِي أَسْتَجِبْ لَكُمْ

"તમે મને પોકારો, હું તમારી દુઆ કબૂલ કરીશ."

"قُلِ ادْعُوا اللَّهَ

“તમે કહી દો કે અલ્લાહને પોકારો”

يَا مُوسَى مُرْ عِبَادِي يَدْعُونِي

"એ મૂસા! મારા બંદાઓને કહો કે તેઓ મને દુઆ માટે પોકારે."

يَا عِيسَى مُرْهُمْ أَنْ يَدْعُونِي مَعَكَ
"એ ઈસા! મોઅમીનો ને હુકમ આપો કે તેઓ તમારી સાથે મળીને મારી પાસે દુઆ માંગે"

હઝરત મૂસા અને ઈસા જેવા અઝીમ અને બુઝર્ગ અંબિયા અલયહેમુસ્સલામ તો છોડી દો, ખુદ ખાતેમુલ અંબીયા હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ પણ દુઆ માટે મઅમૂર કરવું અને હુકમ આપવો એ દુઆની ફઝીલત માટે બેહતરીન દલીલ છે અને માસૂમીન અલયહેમુસ્સલામ ના ઇરશાદાતમાં દુઆની અગત્યતા અને ફઝીલત રોજે રોશન જેવી સ્પષ્ટ છે.

રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે:

يَا عَلِي أَوْصِيكَ بِالدُّعَاءِ
“એ અલી! હું તમને દુઆ કરવા માટે
શિફારીશ કરું છું.”

બીજે જગ્યા પર રસુલુલ્લાહ સલ્લલ્લાહો
અલયહે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે:

الدُّعَاءُ مُخُّ الْعِبَادَةِ وَلَا يُهْلِكُ مَعَ الدُّعَاءِ أَحَدٌ
“દુઆ એ ઇબાદતનો મૂળ તત્વ છે, અને
દુઆ કરનાર શખ્સ કદી હલાક નહીં થાય.”

અને બીજી એક હદીસ માં ફરમાવ્યું:

تَرْكُ الدُّعَاءِ مَعْصِيَةٌ
“દુઆ છોડવી ગુનાહ છે.”

અન્ય હદીસમાં ફરમાવ્યું:

ادْفَعُوا أَبْوَابَ الْبَلَاءِ بِالدُّعَاءِ
“દુઆ દ્વારા બલાઓ અને મુશ્કેલીઓને દૂર કરો.”

હઝરત અલી અલયિહસ્સલામ ફરમાવે છે:

أَحَبُّ الْأَعْمَالِ إِلَى اللّهِ عَزّ وَجَلّ فِي الْأَرْضِ الدُّعَاءُ

“જમીન ઉપર અલ્લાહને સૌથી સારો અમલ પસંદ છે તે ‘દુઆ’ છે.”

અને ફરમાવ્યું:

الدُّعَاءُ تُرْسُ الْمُؤْمِنِ

“દુઆ મોમિન માટે ઢાલ છે \ દુઆ મોમીન ને બચાવીને રાખે છે.”

બીજી જગ્યાએ હઝરત અલી અલયિહસ્સલામ ફરમાવે છે:

مَنْ قَرَعَ بَابَ اللّهِ سُبْحَانَهُ فُتِحَ لَهُ

“જે વ્યક્તિ અલ્લાહના દરવાજા (દુઆ દ્વારા) ખટખટાવે છે, તેના માટે તે દરવાજો ખોલી દેવામાં આવે છે.”

ઇમામ મોહમ્મદ બાકિર અલયિહસ્સલામ ફરમાવે છે:

أَفْضَلُ الْعِبَادَةِ الدُّعَاءُ

"સૌથી ઉત્તમ ઇબાદત દુઆ છે. "

ઇમામ જાફર સાદિક અલયિહસ્સલામ ફરમાવે છે:

عَلَيْكَ بِالدُّعَاءِ: فَإِنّ فِيهِ شِفَاءٌ مِنْ كُلِّ دَاءٍ

"તમારા માટે દુઆ કરવી ફરજિયાત છે, કેમ કે તેમાં દરેક બીમારીઓ માટે શિફા છે."

અંબિયા અલયિહસ્સલામ જેવી બુઝર્ગ અને મઅસૂમ હસ્તીઓ પણ જ્યારે મુશ્કેલીઓ અને આફતોમાં ઘેરાઇ જતા, ત્યારે તેઓ દુઆને જ સહારો બનાવતા અને પોતાના દુઃખ દુઆ દ્વારા હકીકી રબની બારગાહમાં પેશ કરતા.

હઝરત આદમ અલયિહેસ્સલામની દુઆ:

رَبَّنَا ظَلَمْنَا أَنفُسَنَا وَإِن لَّمْ تَغْفِرْ لَنَا وَتَرْحَمْنَا لَنَكُونَنَّ مِنَ الْخَاسِرِينَ

"અય અમારા પાલનહાર! અમે પોતાનું નુકસાન કર્યું છે. જો તું અમને માફ નહીં કર અને અમારી ઉપર રહેમ નહીં કર, તો અમે નિષ્ફળ થનારામાંથી બની જશું."

હઝરત નૂહ અલયિહેસ્સલામ ની દુઆ:

فَدَعَا رَبَّهُ أَنِّي مَغْلُوبٌ فَانْتَصِرْ

"અને પાલનહાર હું પરાજિત છું, તો મારી મદદ કર."

હઝરત ઈબ્રાહીમ અલયિહેસ્સલામની દુઆ:

رَبِّ اجْعَلْنِي مُقِيمَ الصَّلَاةِ وَمِنْ ذُرِّيَّتِي رَبَّنَا وَتَقَبَّلْ دُعَاءِ

"અય મારા પાલનહાર! મને અને મારી ઓલાદને નમાઝ કાયમ રાખનારા બનાવ અને અમારા રબ! અમારી દુઆ કબૂલ કર."

હઝરત મૂસા અલયિહસ્સલામની દુઆ:

قَالَ رَبِّ اشْرَحْ لِي صَدْرِي وَيَسِّرْ لِي أَمْرِي
وَاحْلُلْ عُقْدَةً مِّن لِّسَانِي

"તેમણે કહ્યું: અય મારા પાલનહાર ! મારા દિલને વિશાળ કરી દે, અને મારા કામને સરળ બનાવ, અને મારી જીભની ગાંઠને ખોલી દે. જેથી લોકો મારી વાત સમજે"

رَبِّ إِنِّي لِمَا أَنزَلْتَ إِلَيَّ مِنْ خَيْرٍ فَقِيرٌ

"અય મારા પાલનહાર બેશક અત્યારે હું આ ખૈર અને નેકી નો તલબગાર છુ , અને હું તેના માટે સખ્ત હાજતમંદ છું."

હઝરત અયૂબ અલયિહસ્સલામની દુઆ:

وَأَيُّوبَ إِذْ نَادَى رَبَّهُ أَنِّي مَسَّنِيَ الضُّرُّ وَأَنتَ أَرْحَمُ
الرَّاحِمِينَ

"અય મારા પાલનહાર! દુઃખ અને બીમારીએ મને ઘેરી લીધો છે, અને તું જ રહેમ કરવામાં બધાજ કરતા વધારે રહેમ કરનાર છો.

હઝરત યુનુસ અલયિહેસ્સલામની દુઆ:

لَا إِلَهَ إِلَّا أَنتَ سُبْحَانَكَ إِنِّي كُنتُ مِنَ الظَّالِمِينَ

"તારી સિવાય કોઈ મઅબુદ નથી, તું પાક અને પવિત્ર છે, ખરેખર હું જ મારી જાત ઉપર ઝુલ્મ કરનારા માંથી હતો."

હઝરત ઝકરીયા અલયિહેસ્સલામ ની દુઆ:

رَبِّ لَا تَذَرْنِي فَرْدًا وَأَنتَ خَيْرُ الْوَارِثِينَ

"અય મારા પાલનહાર! મને એકલો અને (ઓલાદ વગર) ન રાખ,, અને તું બધાજ વારસદાર કરતા બેહતર છે."

હઝરત યૂસુફ અલયિહેસ્સલામની દુઆ:

أَنتَ وَلِيِّي فِي الدُّنْيَا وَالْآخِرَةِ تَوَفَّنِي مُسْلِمًا وَأَلْحِقْنِي بِالصَّالِحِينَ

"તું અય મારા પાલનહાર દુનિયા અને આખેરતમાં તું મારો માલિક છે, તું મને મુસલમાનની હાલતમાં દુનિયાથી ઉઠાવજે અને મને સાલેહીન અને સારા લોકો સાથે મિલાવી દે."

દુઆ કબૂલ થવા માટેની શરતો:

ગુનાહોમાંથી તૌબા કરવી. હૃદય અને આત્માની પવિત્રતા નફ્સની ઈસ્લાહ ની જરૂરત છે.

પહેલી શરત: હઝરત ઈમામ જાફર સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે: "જ્યારે તમારામાંથી કોઇ રબ પાસે દુનિયા અને આખેરત માટે કંઇ માંગવા ચાહે, ત્યારે પહેલા અલ્લાહના વખાણ કરે અને અલ્લાહનો શુક્ર અદા કરે અને પછી પૈગમ્બર અને તેમની આલ પર દુરૂદ મોકલે, પછી ગુનાહોનો સ્વીકાર કરે અને પછી અલ્લાહ પાસે દુઆ માંગે .

બીજી શરત: ઝીંદગી ને બહાર અને અંદરથી શુદ્ધ અને પાકીઝા બનાવે , ગસ્બી માલ અને ખોરાકથી પરહેઝ કરે. તેમજ પૈગમ્બર સલ્લલ્લાહો અલ્યહે વ આલેહી વ સલ્લમે ફરમાવ્યું છે કે જે વ્યક્તિ ઇચ્છે છે કે

તેની દુઆ કબૂલ થાય, તો તે પોતાનો ખોરાક અને કમાઈને પાક રાખે. (સફીનતુલ બહાર: ભાગ ૧. પેજ. ૪૪૮)

ત્રીજી શરત: ફિત્ના અને ફસાદ નો મુકાબલો કરવો અને હકની દાવત આપવામાં કોઈ કસર ન છોડવી, કેમ કે જેમણે અમ્ર બિલ મારુફ અને નહિ અનિલ મુનકર છોડ્યું છે, તેમની દુઆ કબૂલ થતી નથી. અને હઝરત અમીરુલ મોમેનીન ફરમાવે છે કે અમ્ર બિલ મઅરુફ અને નહિ અનિલ મુનકર કરતાં રહેવું, જો એવું ન થયું તો અલ્લાહ તમારા પર ખરાબ લોકોને હાકીમ કરી દેશે અને પછી તમારાં માંથી સારા લોકો દુઆ કરશે પણ તે કબૂલ નહીં થાય.

ચોથી શરત: અલ્લાહ સાથે કરેલા વાયદા અને વચનને વફા અને અદા કરવો પણ દુઆ કબૂલ થવા માટે એક શરત છે. જે વ્યક્તિ અલ્લાહ સાથે કરેલા વચનને પુરો નથી પાડતો,

તે પોતાની દુઆ કબૂલ થવાના આશા ન રાખે . કોઈએ હઝરત અમીરુલ મોમેનીન પાસે દુઆ ન કબૂલ થવાની ફરિયાદ કરી, તો આપે કહ્યું, "તમારા દિલ અને દિમાગે એ વસ્તુઓમાં ખયાનત કરી, જેના કારણે તમારી દુઆ કબૂલ નથી થતી. "તમે અલ્લાહને ઓળખી તેનો હક અદા નથી કર્યો , તેથી તમારી મઅરેફત અને ઓળખાણ કઈ પણ ફાયદો નથી આપતી. અલ્લાહના પયગંબર ઉપર ઈમાન છે, પરંતુ તેની સુન્નતો નો વિરૂદ્ધ કરો છો. તમે કુરાન પઢો છો પરંતુ તેની ઉપર અમલ નથી કરતા, જીભ થી કહો છો કે "અમે સાંભળ્યું છે, પણ તેની ઉપર અમલ નથી કરતા અને તેનો વિરોધ કરો છો.

તમે કહો છો કે "અમે અલ્લાહના અઝાબ થી ડરીએ છીએ", છતાં પણ અલ્લાહની નાફરમાની તરફ આગળ વધો છો , તો પછી ડર ક્યાં છે ? તમે કહો છો કે "જન્નતમાં જવાની ઈચ્છા છે", પરંતુ તમે એવા કાર્ય કરો છો જે જન્નતથી દૂર જવા માટે છે તો પછી ઈચ્છા શા માટે? અલ્લાહની નેઅમતો ખાવ છો, પરંતુ શુક્ર નો હક અદા નથી કરતા.

અલ્લાહે તમને આદેશ આપ્યો છે કે શયતાન સાથે દુશ્મની રાખો, "શયતાન તમારો દુશ્મન છે, તેને દુશ્મન સમજો", અને તમે તેની સાથે મિત્રતા અને દોસ્તી કરી છે.

તમને લોકોના ઐબ દેખાય પરંતુ તમારા ઐબ નથી દેખાતા, આ પરિસ્થિતિઓમાં કેવી રીતે આશા રાખો છો કે તમારી દુઆ કબૂલ થાય જયારે તમે પોતાની દુઆ કબૂલ થવાના દરવાજા પોતે બંધ કરી દીધા છે. અને તકવા અને પરહેજગારી અપનાવો. તમારા કાર્યોનો સુધારો કરો, અમ્ર બિલ મઅરૂફ અને નહિ અનીલ મુન્કર કરો જેથી તમારી દુઆ કબૂલ થઇ શકે. (સફીનતુ બેહાર: ભાગ. ૧ પેજ. ૪૪૮)

<u>પાંચમી શરત:</u> અમલ અને કોશિશ સાથે સાથે હોવું જોઈએ, જેમ કે મઅસૂમીન અલયહેમુસ્સલામે ફરમાવ્યું; અમલ વગર દૂઆ કરનાર એવો છે જેમણે કમાન વગર તીર ચલાવ્યું. આમાં ખુલુસ, દુનિયાથી દૂરી, અલ્લાહ પાસે દિલથી દુઆ, જે અમલ કરી શકતા હોય તે જરૂર કરે અને અલ્લાહ તરફ રૂજુઅ કરે.

દુઆ વિશે હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન અલય્હિસ્સલામ ફરમાવે છે: "યા અલ્લાહ, જો તારો આદેશ ન હોત કે મારી પાસે દુઆ માંગો, તો હું ક્યારેય પણ દુઆ ન માંગત, પરંતુ હું આ વસ્તુને તારી વિરુદ્ધ ગણત. હું એ માટે દુઆ કરું છું કારણ કે આ તારા નજીક મનપસંદ અમલ છે.

રિવાયતમાં છે કે જ્યારે નમાઝી નમાઝ પછી દુઆ માંગ્યા વગર તરતજ ઊભો થઈ જાય છે, તો અલ્લાહ ફરીશ્તાને કહે છે કે, "તમેં આને જોયો કે આ મારો બંદો મારેથી બેનીયાઝ છે અને તેને મારી જરૂરત નથી." પયગંબર સલ્લલ્લાહો અલ્યહે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે: દુઆ મોમીનનું હથિયાર છે.

દુઆ માટે મફાતિહુલ જિનાન, શેખ અબ્બાસ કુમ્મીએ જેવી પવિત્ર કિતાબ તૈયાર કરેલ છે, જેમાં દરેક અમલ દરેક ફરીઝા, દરેક જરૂરીયાત અને દરેક મુશ્કેલી અને તકલીફો થી બચવા માટેની દુઆઓ છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

સુરે હમ્દની ફઝીલત

આ સુરાને સૂરએ ફાતેહાતુલ કિતાબ કહેવામાં આવે છે એટલે કિતાબનો પ્રારંભ. આ નામથી સાબિત થાય છે કે કુરાની સુરાઓના નામ ખુદ રસુલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ આલેહી વ સલ્લમ અલ્લાહના હુકમથી રાખેલ છે તેથી આ સાબિત થાય છે કે કુરાન પયગંબરની જિંદગીના સમયમાં જ લખાઈ ગયું હતું અને તેનો પ્રારંભ સુરે ફાતેહા થી કર્યો છે.

હદીસે સકલૈન કે જે ખુબજ મશહુર હદીસ છે તેમાં હઝરત રસુલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ ઈર્શાદ ફરમાવે છે હું તમારી વચ્ચે બે કીમતી વસ્તુ છોડીને જાવ છું એક અલ્લાહની કિતાબ અને બીજું મારા અહલેબૈત. આ હદીસથી સાબિત થાય છે કે રસૂલના સમયમાં જ કુરાન એક કિતાબની સુરતમાં તૈયાર થઈ ગયું હતું.

અહલેબૈતનો ઈજમાઅ છે કે કુરાને મજીદના દરેક સુરા પહેલા બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ છે અને તે સુરાનો એક ભાગ છે માત્ર સુરે તૌબા માં બિસ્મિલ્લાહ નથી. એ સિવાય દરેક સુરામાં તે સૂરાનો હિસ્સો ગણાય છે . પયગંબરના સમયમાં મુસલમાનોની આ રિવાયત રહી છે કે આપ હઝરત સુરાની શરૂઆતમાં બિસ્મિલ્લાહની તિલાવત કરતા હતા સિવાય સુરે તોબા, તમામ સહાબીઓ અને તાબેઇનના લેખિત કુરાનમાં પણ બિસ્મિલ્લાહ લખેલું હતું, જ્યારે જે તે સમયમાં કુરાનમાં નિશાન અને નુક્તો લગાવવાનું શરુ ન હતું.

સૂરએ હમ્દ કે જેનું બીજું નામ ફાતેહતુલ કિતાબ છે, આ એ સુરો છે કે જે બધા મુસલમાન ઉપર દરરોજ નમાઝમાં 10 વખત પઢવો વાજીબ છે અને જો કોઈ આ સુરો પઢતા ભૂલી જાય તો તેની નમાઝ બાતિલ છે. હદીસ માં છે: સૂરએ ફાતેહા વગર નમાઝ નથી. (ઓયુને અખબારે રેઝા ભાગ ૨ પેજ ૨૭) સૂરએ હમ્દમાં અલ્લાહની સિફાત, કયામત, અલ્લાહની મઅરફત, દુઆ, અલ્લાહના અવલિયાથી મોહબ્બત અને અલ્લાહના દુશ્મનોથી નફરત

અને બેઝારી વિષે ઉલ્લેખ થયેલ છે.

ફાયદાઓ:

- આ સૂરો કુરાનનો સર્વ થી બેહતરીન સુરો છે અને બીજી એક રિવાયતમાં છે કે જે કોઈ આ સુરાને 70 વખત મરેલા વ્યક્તિ ઉપર પઢે તો તે જીવતો થઈ જાય તો તઅજ્જુબ ન કરતા.
- આ સુરો પઢવાથી જીસ્માની અને રૂહાની બીમારી દુર થાય છે.

સુરે ફાતેહા (સુરે અલ્હમદ)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيمِ ﴿١﴾
(૧) શરૂ કરૂ છુ અલ્લાહના નામથી જે ઘણો મહેરબાન અને બહુજ રહેમ કરવા વાળો છે
الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِينَ ﴿٢﴾
(૨) તમામ વખાણ અલ્લાહ માટે જ છે, જે તમામ દુનિયાઓનો પાલનહાર છે.

الرَّحْمَٰنِ الرَّحِيمِ ﴿٣﴾
(૩) જે ઘણો મહેરબાન, બહુજ રહેમ કરવાવાળો છે.
مَالِكِ يَوْمِ الدِّينِ ﴿٤﴾
(૪) જે કયામતના દિવસનો માલિક છે.
إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِينُ ﴿٥﴾
(૫) અમે ફક્ત તારીજ ઇબાદત કરીએ છીએ અને તારાથી જ મદદ ચાહીએ છીએ.
اهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيمَ ﴿٦﴾
(૬) તું અમને સીધા રસ્તાની હિદાયત કર.
صِرَاطَ الَّذِينَ أَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوبِ عَلَيْهِمْ وَلَا الضَّالِّينَ ﴿٧﴾
(૭) તે લોકોના માર્ગ પર જેઓને તેં નેઅમત આપી છે. ન તેઓનો માર્ગ ઉપર કે જેઓ પર તારો ગઝબ થયો અને ન તેઓનો માર્ગ ઉપર જેઓ ગુમરાહ થઈ ગયા.

સુરે યાસીનની ફઝીલત

હઝરત રસૂલ એકરમ સલ્લલ્લાહુ અલયહિ વ આલેહી વ સલ્લમ થી રિવાયત છે જે કોઇ સુરે યાસીન ને અલ્લાહની રઝામંદી માટે તિલાવત કરે તો આ દુનિયા અને આખેરતમાં અસંખ્ય ફાયદાઓ મળશે.

ગુનાહોની માફી: જે વ્યક્તિ અલ્લાહની રઝામંદી માટે સુરે યાસીનની તિલાવત કરે, તો અલ્લાહ તઆલા તેના તમામ ગુનાહો માફ કરશે. અને તેને બાર વખત કુરાને મજીદ ખતમ કરવાનો સવાબ અતા કરવામાં આવશે.

અને જે કોઇ આ સૂરાની તિલાવત કોઇ બીમાર પાસે કરે તો દરેક અક્ષરથી દસ ફરિશ્તાઓ હાજર થશે અને તેની માટે માફી માંગશે અને રૂહ કબજ થવા સુધી હાજર રહેશે જો બીમાર ખુદ આખરી સમયે તિલાવત કરશે તો રિઝવાન (જન્નતના દરવાજાનો ફરિશ્તો)

જન્નતનું પાણી પીવડાવશે, જેથી તે સૈરાબ થઇ દુનિયાથી રૂખસત થશે અને કબરમાંથી પણ સૈરાબ થઈને ઊઠશે. અને જે કોઈ સુરે યાસીન ની તિલાવત કરશે તો દુનિયા અને આખેરતની ભલાઈ તેને મળશે, કયામતની ભયાનકતા અને દુનિયાની બલાઓથી બચશે, અને તેની દરેક હાજત પૂરી થશે.

કબરસ્તાનમાં રાહત: જે વ્યક્તિ કબરસ્તાનમાં સુરે યાસીનની તિલાવત કરશે, તો અલ્લાહ તઆલા ત્યાં દફન થયેલા લોકો ઉપર અઝાબમાં રાહત અતા કરશે અને તિલાવત કરનારને તેમની સંખ્યા બરાબર નેકીઓ અતા ફરમાવશે.
રાત અને દિવસની હિફાઝત: જે વ્યક્તિ દિવસે તિલાવત કરે તે રાત સુધી મહફૂઝ રહે છે અને તેને રિઝક અતા કરવામાં આવે છે. અને રાત્રે ઊંઘવા પહેલા તિલાવત કરનારની હિફાઝત માટે હજાર ફરિશ્તાઓ નિયુક્ત કરવામાં આવે છે, અને જો તે ઇંતકાલ કરી જાય છે તો અલ્લાહ તેને જન્નતમાં દાખલ કરે છે.

સુરે યાસીન

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
શરૂ કરૂ છુ અલ્લાહના નામથી જે ઘણો મહેરબાન અને બહુજ રહેમ કરવા વાળો છે
يٰسٓ (1) وَالْقُرْاٰنِ الْحَكِيْمِ (2)
(૧) યાસીન (૨) હિકમતવાળા કુરાનની કસમ
اِنَّكَ لَمِنَ الْمُرْسَلِيْنَ(3)
(૩) (અય રસુલ) બેશક તમે રસૂલો માંથી છો
عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ(4)
(૪) બિલ્કુલ સીધા રસ્તા ઉપર છો.
تَنْزِيْلَ الْعَزِيْزِ الرَّحِيْمِ (5)

(૫) (આ કુરાન) જબરદસ્ત અને રહીમ અલ્લાહ તરફથી નાઝિલ થયેલ છે

لِتُنْذِرَ قَوْمًا مَّا اُنْذِرَ اٰبَآؤُهُمْ فَهُمْ غٰفِلُوْنَ(6)

(૬) જેથી તું તે કોમને ડરાવ કે જેમના બાપદાદાઓને ડરાવવામાં નથી આવ્યા, આ કારણે તેઓ ગાફિલ હતા.

لَقَدْ حَقَّ الْقَوْلُ عَلٰى اَكْثَرِهِمْ فَهُمْ لَا يُؤْمِنُوْنَ(7)

(૭) બેશક તેઓમાંના ઘણાખરાઓ પર અમારો હક સાબિત થઈ ચૂક્યો છે પરંતુ તેઓ ઈમાન લાવશે નહિં.

اِنَّا جَعَلْنَا فِىْ اَعْنَاقِهِمْ اَغْلٰلًا فَهِىَ اِلَى الْاَ ذْقَانِ فَهُمْ مُّقْمَحُوْنَ(8)

(૮) બેશક અમોએ તેમની ગરદનોમાં તોક નાખી દીધા છે જે તેમની હડપચીને અડેલા છે જેથી તેમના માથા ઊંચા છે.

وَجَعَلْنَا مِنْ بَيْنِ أَيْدِيهِمْ سَدًّا وَمِنْ خَلْفِهِمْ سَدًّا فَأَغْشَيْنَاهُمْ فَهُمْ لَا يُبْصِرُونَ(9)

(૯) અને અમોએ તેમની સામે દિવાલ તથા તેમની પાછળ દિવાલ રાખી દીધી, પછી તેમને (અઝાબથી) ઢાંકી દીધા, જેથી તેઓ કઇ જોવાના લાયક ન રહે.

وَسَوَآءٌ عَلَيْهِمْ ءَاَنْذَرْتَهُمْ اَمْ لَمْ تُنْذِرْهُمْ لَا يُؤْمِنُوْنَ(10)

(૧૦) અને તેમના માટે બરાબર છે તું એને ડરાવે કે ન ડરાવે, તેઓ ઈમાન લાવશે નહિં.

اِنَّمَا تُنْذِرُ مَنِ اتَّبَعَ الذِّكْرَ وَخَشِيَ الرَّحْمٰنَ بِالْغَيْبِ فَبَشِّرْهُ بِمَغْفِرَةٍ وَّاَجْرٍ كَرِيْمٍ(11)

(૧૧) તું જ તેને ડરાવી શકે છે કે જે નસીહત માને અને તાબેદારી કરે. અને એકાંતમાં ભી મહેરબાન (અલ્લાહ)થી ડરતો રહે માટે તેઓને તું માફી તથા મોહતરમ સવાબની ખુશખબર આપી દે.

إِنَّا نَحْنُ نُحْيِي الْمَوْتَىٰ وَنَكْتُبُ مَا قَدَّمُوا وَآثَارَهُمْ ۚ وَكُلَّ شَيْءٍ أَحْصَيْنَاهُ فِي إِمَامٍ مُبِينٍ (12)

(૧૨) બેશક અમે જ મુર્દાઓને જીવતા કરીએ છીએ અને તેમના અગાઉના કાર્યો અને તેની નિશાનીઓ (અમલ) લખી લઈએ છીએ, અને અમોએ દરેક વસ્તુને એક રોશન ઈમામ અને પૈશવાની તાબેઅ કરી દીધું છે.

وَاضْرِبْ لَهُمْ مَثَلًا أَصْحَابَ الْقَرْيَةِ إِذْ جَاءَهَا الْمُرْسَلُونَ(13)

(૧૩) અને (પયગંબર) તમે મિસાલના તૌર પર તે વસ્તીનું (ઇન્તેકિયા ગામનું નામ) બયાન કર્યું જેમની પાસે અમારા રસૂલો આવ્યા.

إِذْ أَرْسَلْنَا إِلَيْهِمُ اثْنَيْنِ فَكَذَّبُوهُمَا فَعَزَّزْنَا بِثَالِثٍ فَقَالُوا إِنَّا إِلَيْكُمْ مُرْسَلُونَ(14)

(૧૪) જયારે અમોએ તેમની તરફ બે રસૂલોને મોકલ્યા ત્યારે તેઓએ (તે બંનેને) જૂઠલાવ્યા, પછી અમોએ તેમની મદદ માટે ત્રીજા રસૂલને મોકલ્યા પછી તેઓએ (બધાએ કહ્યું કે) અમો સૌને તમારી તરફ મોકલાવામાં આવેલ છે.

قَالُوا مَا أَنْتُمْ إِلَّا بَشَرٌ مِثْلُنَا وَمَا أَنْزَلَ الرَّحْمَٰنُ مِنْ شَيْءٍ إِنْ أَنْتُمْ إِلَّا تَكْذِبُونَ(15)

(૧૫) તેઓએ કહ્યું કે તમે અમારા જેવા ઇન્સાન સિવાય કાંઇ નથી અને રહેમાને (અલ્લાહે) કાંઇ નાઝિલ નથી કર્યું, તમે જૂઠ સિવાય કાંઇ બોલતા જ નથી.

قَالُوا رَبُّنَا يَعْلَمُ إِنَّا إِلَيْكُمْ لَمُرْسَلُونَ(16)

(૧૬) તેમણે કહ્યું કે અમારો પરવરદિગાર જાણે છે કે અમે તમારા તરફ મોકલવામાં આવ્યા છીએ

وَمَا عَلَيْنَا إِلَّا الْبَلَاغُ الْمُبِينُ(17)

(૧૭) અને અમારી જવાબદારી (પયગામને) સ્પષ્ટ રીતે પહોંચાડવા સિવાય બીજું કાંઇ નથી.

قَالُوا إِنَّا تَطَيَّرْنَا بِكُمْ ۖ لَئِنْ لَمْ تَنْتَهُوا لَنَرْجُمَنَّكُمْ وَلَيَمَسَّنَّكُمْ مِنَّا عَذَابٌ أَلِيمٌ(18)

(૧૮) તેઓએ કહ્યું કે અમે તમને નહુસતવાળા સમજીએ છીએ, જો તમે (તબલીગ કરવાનું) રોકશો નહિં તો અમે તમને સંગસાર કરી મારી નાખીશું, અને અમારા તરફથી તમને સખત સજા આપવામાં આવશે.

قَالُوا طَائِرُكُمْ مَعَكُمْ ۚ أَئِنْ ذُكِّرْتُمْ ۚ بَلْ أَنْتُمْ قَوْمٌ مُسْرِفُونَ (19)

(૧૯) તેઓએ કહ્યું કે જો તમને નસીહત આપવા આવે તો, (સમજશો કે) તમારી નહુસત તમારી સાથે છે, બલ્કે તમે નક્કી થયેલી હદ પાર કરનાર કોમ છો.

وَجَاءَ مِنْ أَقْصَى الْمَدِينَةِ رَجُلٌ يَسْعَىٰ قَالَ يَا قَوْمِ اتَّبِعُوا الْمُرْسَلِينَ(20)

(૨૦) અને શહેરના છેવટના ભાગમાંથી એક શખ્સ દોડતો આવ્યો અને તેણે કહ્યું કે અય મારી કોમ રસૂલોની તાબેદારી કરો.

اتَّبِعُوا مَنْ لَا يَسْأَلُكُمْ أَجْرًا وَهُمْ مُهْتَدُونَ (21)

(૨૧) અય લોકો (રસૂલો)ની તાબેદારી કરો કે જેઓ તમારા પાસેથી કંઈ બદલો માંગતા નથી, તથા તેઓ હિદાયત પામેલા છે.

وَمَا لِيَ لَا أَعْبُدُ الَّذِي فَطَرَنِي وَإِلَيْهِ تُرْجَعُونَ (22)

(૨૨) અને મને શું થઈ ગયું કે જેણે મને પેદા કર્યો છે હું તેની ઇબાદત ન કરું ? અને તમો સૌને તેની જ બારગાહમાં પાછા પલટાવવામાં આવશે.

أَأَتَّخِذُ مِنْ دُونِهِ آلِهَةً إِنْ يُرِدْنِ الرَّحْمَٰنُ بِضُرٍّ لَا تُغْنِ عَنِّي شَفَاعَتُهُمْ شَيْئًا وَلَا يُنْقِذُونِ (23)

(૨૩) શુ તેના બદલે બીજાને ઇબાદત માટે પસંદ કરૂ. જો તે રહેમાન (અલ્લાહ) મને કંઇ નુકસાન પહોંચાડવાનો ઇરાદો કરશે તો ન તેઓની શફાઅત મને કંઇપણ ફાયદો પહોંચાડશે અને ન મને નજાત આપશે?!

إِنِّي إِذًا لَفِي ضَلَالٍ مُبِينٍ(24)

(૨૪) (જો હું એમ કરીશ) તો હું ખુલ્લી ગુમરાહીમાં હોઇશ.

إِنِّي آمَنْتُ بِرَبِّكُمْ فَاسْمَعُونِ(25)

(૨૫) હું તમારા પરવરદિગાર પર ઈમાન લાવ્યો છું માટે તમે મારી વાતને સાંભળો.

قِيلَ ادْخُلِ الْجَنَّةَ ۖ قَالَ يَا لَيْتَ قَوْمِي يَعْلَمُونَ(26)

(૨૬) (પરિણામે તેઓએ તે શખ્સને મારી નાખ્યો તો) તેને કહેવામાં આવ્યું કે જન્નતમાં દાખલ થઇ જા, તેણે (તમન્ના કરીને) કહ્યું કદાચ મારી કોમ પણ જાણતી હોત.

بِمَا غَفَرَ لِي رَبِّي وَجَعَلَنِي مِنَ الْمُكْرَمِينَ(27)

(૨૭) કે મારા પરવરદિગારે મને માફ કરી દીધો તથા મને મોહતરમ લોકોમાં જગ્યા આપી.

وَمَا أَنْزَلْنَا عَلَىٰ قَوْمِهِ مِنْ بَعْدِهِ مِنْ جُنْدٍ مِنَ السَّمَاءِ وَمَا كُنَّا مُنْزِلِينَ (28)

(૨૮) (તેની શહાદત પછી) ત્યાર બાદ અમોએ તેની કોમ ઉપર ન આસમાનથી કોઇ લશકર મોકલ્યું, અને ન અમે લશ્કરને મોકલવાના હતા.

إِنْ كَانَتْ إِلَّا صَيْحَةً وَاحِدَةً فَإِذَا هُمْ خَامِدُونَ (29)

(૨૯) તે ફકત એક ગર્જના હતી જેના બાદ તેઓ અચાનક ખામોશ થઇ ગયા.

يَا حَسْرَةً عَلَى الْعِبَادِ ۚ مَا يَأْتِيهِمْ مِنْ رَسُولٍ إِلَّا كَانُوا بِهِ يَسْتَهْزِئُونَ (30)

(૩૦) અફસોસ તે બંદાઓ ઉપર કે તેમની પાસે જ્યારે કોઇ રસૂલ આવે છે તો તેઓ તેની મશ્કરી કરે છે.

أَلَمْ يَرَوْا كَمْ أَهْلَكْنَا قَبْلَهُمْ مِنَ الْقُرُونِ أَنَّهُمْ إِلَيْهِمْ لَا يَرْجِعُونَ (31)

(૩૧) શું તેઓએ નથી જોયું કે અમોએ તેમની પહેલા કેટલીય કોમોને હલાક કરી નાખ્યા કે જે હરગિઝ તેમની પાસે પાછી નહિં આવે.

وَإِنْ كُلٌّ لَمَّا جَمِيعٌ لَدَيْنَا مُحْضَرُونَ (32)

(૩૨) બલકે તે બધાજને અમારી સામે હાજર કરવામાં આવશે.

وَآيَةٌ لَهُمُ الْأَرْضُ الْمَيْتَةُ أَحْيَيْنَاهَا وَأَخْرَجْنَا مِنْهَا حَبًّا فَمِنْهُ يَأْكُلُونَ (33)

(૩૩) અને તેમના માટે અમારી એક નિશાની ઊજ્જડ ઝમીન છે. જેને અમોએ સજીવન કરી અને તેમાંથી અનાજ ઊગાવીએ છીએ જેમાંથી તેઓ ખાય છે.

وَجَعَلْنَا فِيهَا جَنَّاتٍ مِنْ نَخِيلٍ وَأَعْنَابٍ وَفَجَّرْنَا فِيهَا مِنَ الْعُيُونِ (34)

(૩૪) અને તે (ઝમીન)માં અમોએ ખજૂર તથા દ્રાક્ષના બગીચાઓ પેદા કર્યા છે અને તેમાં ઝરણાં જારી કર્યા છે

لِيَأْكُلُوا مِنْ ثَمَرِهِ وَمَا عَمِلَتْهُ أَيْدِيهِمْ ۖ أَفَلَا يَشْكُرُونَ(35)

(૩૫) જેથી તેઓ તેના ફળ ખાય, જો કે આ (ફકત) તેમના હાથની મહેનત નથી પછી શા માટે શુક્ર અદા નથી કરતા?

سُبْحَانَ الَّذِي خَلَقَ الْأَزْوَاجَ كُلَّهَا مِمَّا تُنْبِتُ الْأَرْضُ وَمِنْ أَنْفُسِهِمْ وَمِمَّا لَا يَعْلَمُونَ(36)

(૩૬) પાક છે (તે ખુદા કે) જેણે દરેક વસ્તુના જોડા પેદા કર્યા છે, કે જેને ઝમીન ઊગાડે છે અને તેમની (ઈન્સાનની) જાતમાંથી (જોડા પૈદા કર્યા) અને તે વસ્તુઓમાંથી કે જેનું તેમને ઈલ્મ નથી.

وَآيَةٌ لَهُمُ اللَّيْلُ نَسْلَخُ مِنْهُ النَّهَارَ فَإِذَا هُمْ مُظْلِمُونَ (37)

(૩૭) અને તેમના માટે એક નિશાની રાત છે, જેમાંથી અમે દિવસને ખેંચી લઈએ છીએ, ત્યારે તેઓ અંધકારમાં રહી જાય છેઃ

وَالشَّمْسُ تَجْرِي لِمُسْتَقَرٍّ لَهَا ۚ ذَٰلِكَ تَقْدِيرُ الْعَزِيزِ الْعَلِيمِ(38)

(૩૮) અને સૂરજ તેના મુકર્રર મંઝિલ તરફ ચાલી રહ્યો છે, કે જે જબરદસ્ત, જાણકાર (અલ્લાહ) તરફથી મુકર્રર થયેલ છે.

وَالْقَمَرَ قَدَّرْنَاهُ مَنَازِلَ حَتَّىٰ عَادَ كَالْعُرْجُونِ الْقَدِيمِ(39)

(૩૯) અને ચાંદ માટે અમે મંઝિલો નક્કી કરી છે અને છેવટે તે ખજૂરની સૂકેલી ડાળ જેવો થઇ જાય છે.

لَا الشَّمْسُ يَنْبَغِي لَهَا أَنْ تُدْرِكَ الْقَمَرَ وَلَا اللَّيْلُ سَابِقُ النَّهَارِ ۚ وَكُلٌّ فِي فَلَكٍ يَسْبَحُونَ (40)

(૪૦) ન સૂરજ માટે યોગ્ય છે કે તે ચાંદને પામી લે અને ન રાત માટે યોગ્ય છે કે તે દિવસ કરતાં આગળ વધી જાય; અને દરેક પોતાની હદ (આસમાન)માં તરી રહ્યા છે.

وَآيَةٌ لَهُمْ أَنَّا حَمَلْنَا ذُرِّيَّتَهُمْ فِي الْفُلْكِ الْمَشْحُونِ (41)

(૪૧) અને તેમના માટે અમારી એક નિશાની (એ પણ) છે કે અમોએ તેમના બુઝરગો ને એક ભરેલી કશ્તીમાં ઉપાડયા હતાઃ

وَخَلَقْنَا لَهُمْ مِنْ مِثْلِهِ مَا يَرْكَبُونَ(42)

(૪૨) અને કશ્તી જેવી બીજી સવારીઓ પેદા કરી છે કે જેના પર તેઓ સવાર થાય છે.

وَإِنْ نَشَأْ نُغْرِقْهُمْ فَلَا صَرِيخَ لَهُمْ وَلَا هُمْ يُنْقَذُونَ (43)

(૪૩) અને જો અમે ચાહીએ તો સૌને ડૂબાડી દઇએ. પછી તેમની ન કોઇ ફરિયાદ સાંભળનારો હશે, અને ન તેમને નજાત આપવામાં આવશેઃ

إِلَّا رَحْمَةً مِنَّا وَمَتَاعًا إِلَىٰ حِينٍ (44)

(૪૪) સિવાય કે અમારી રહેમત તેમના શામીલે હાલ થાય, તથા એક ચોક્કસ મુદ્દત સુધી (દુન્યવી જીવનથી) ફાયદો હાંસિલ કરે!

وَإِذَا قِيلَ لَهُمُ اتَّقُوا مَا بَيْنَ أَيْدِيكُمْ وَمَا خَلْفَكُمْ لَعَلَّكُمْ تُرْحَمُونَ(45)

(૪૫) અને જયારે તેમને કહેવામાં આવે છે કે (અઝાબથી) ડરો કે જે તમારા સામે અથવા પાછળથી આવી શકે છે, જેથી તમારા ઉપર રહેમ કરવામાં આવે.

وَمَا تَأْتِيْهِمْ مِّنْ اٰيَةٍ مِّنْ اٰيٰتِ رَبِّهِمْ اِلَّا كَانُوْا عَنْهَا مُعْرِضِيْنَ(46)

(૪૬) અને તેમની પાસે તેમના પરવરદિગાર તરફથી નિશાનીઓમાંથી કોઈપણ નિશાની નથી આવતી સિવાય કે તેઓ તેનાથી મોઢુ ફેરવી લેતા હોય છે.

وَإِذَا قِيلَ لَهُمْ أَنْفِقُوا مِمّا رَزَقَكُمُ اللّهُ قَالَ الّذِينَ كَفَرُوا لِلّذِينَ آمَنُوا أَنُطْعِمُ مَنْ لَوْ يَشَاءُ اللّهُ أَطْعَمَهُ إِنْ أَنْتُمْ إِلّا فِي ضَلَالٍ مُبِينٍ(47)

(૪૭) અને જયારે તેમને કહેવામાં આવે છે કે અલ્લાહે જે કાંઇ તમને આપ્યું છે તેમાંથી ઈન્ફાક (ખર્ચ) કરો ત્યારે નાસ્તિકો મોઅમીનોને કહે છે કે શું અમે એવાને ખવડાવીએ કે જેને જો અલ્લાહ ચાહત, તો પોતે જ ખવડાવી દેત?! તમે લોકો ફકત ખુલ્લી ગુમરાહીમાં છો.

وَيَقُوْلُوْنَ مَتٰى هٰذَا الْوَعْدُ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ(48)

(૪૮) અને પછી તેઓ કહે છે કે જો તમે સાચા છો તો આ (કયામતનો) વાયદો ક્યારે પૂરો થશે?

مَا يَنْظُرُوْنَ اِلَّا صَيْحَةً وَّاحِدَةً تَاْخُذُهُمْ وَهُمْ يَخِصِّمُوْنَ(49)

(૪૯) તેઓ રાહ નથી જોતા સિવાય એક ગર્જનાની જે તેઓને પકડી લે એવી હાલતમાં કે તેઓ વાદ વિવાદમાં (લડાઈમાં) હોય.

فَلَا يَسْتَطِيعُونَ تَوْصِيَةً وَلَا إِلَىٰ أَهْلِهِمْ يَرْجِعُونَ(50)

(૫૦) પછી તેઓ ન કાંઇ વસીયત કરી શકશે, અને ન પોતાના બાલબચ્ચાં પાસે પાછા જઈ શકશે.

وَنُفِخَ فِى الصُّوْرِ فَاِذَا هُمْ مِّنَ الْاَجْدَاثِ اِلٰى رَبِّهِمْ يَنْسِلُوْنَ(51)

(૫૧) અને જ્યારે (બીજી વખત ફૂક) સૂર ફૂંકવામાં આવશે ત્યારે તેઓ કબરોમાંથી નીકળીને પોતાના પરવરદિગારની (બારગાહ) તરફ ઝડપથી ચાલવા માંડશે.

قَالُوا يَا وَيْلَنَا مَنْ بَعَثَنَا مِنْ مَرْقَدِنَاۜ هٰذَا مَا وَعَدَ الرَّحْمٰنُ وَصَدَقَ الْمُرْسَلُونَ (52)

(૫૨) તેઓ કહેશે કે અમને અમારી કબ્રમાંથી કોણે જગાડયા?! આ એ જ છે કે જેનો રહેમાને (અલ્લાહે) વાયદો કર્યો હતો અને તેના રસૂલોએ સાચુ જ કહ્યું હતું.

اِنْ كَانَتْ اِلَّا صَيْحَةً وَّاحِدَةً فَاِذَا هُمْ جَمِيْعٌ لَّدَيْنَا مُحْضَرُوْنَ(53)

(૫૩) (કયામત) એક ગર્જના સિવાય કંઇ નથી તરત જ તેઓ બધા અમારી સામે હાજર કરી દેવામાં આવશે.

فَالْيَوْمَ لَا تُظْلَمُ نَفْسٌ شَيْئًا وَّلَا تُجْزَوْنَ اِلَّا مَا كُنْتُمْ تَعْمَلُوْنَ(54)

(૫૪) પછી (તેઓને કહેવામાં આવશે) આજના દિવસે કોઇના ઉપર ઝુલ્મ કરવામાં નહિં આવે, અને તમો જે કંઈ અંજામ આપતા હતા ફકત તેનો બદલો આપવામાં આવશે.

اِنَّ اَصْحٰبَ الْجَنَّةِ الْيَوْمَ فِىْ شُغُلٍ فٰكِهُوْنَۚ(55)

(૫૫) બેશક જન્નતવાસીઓ તે દિવસે ખુશીમાં મશગૂલ હશે.

هُمْ وَاَزْوَاجُهُمْ فِىْ ظِلٰلٍ عَلَى الْاَرَآئِكِ مُتَّكِئُوْنَ(56)

(૫૬) તેઓ તથા તેમની ઔરતોએ જન્નતના છાયામાં સિંહાસનો પર ટેકો દિધેલ હશે.

لَهُمْ فِيْهَا فَاكِهَةٌ وَّلَهُمْ مَّا يَدَّعُوْنَۚ(57)

(૫૭) તેમના માટે ફળો હશે અને તે ઉપરાંત તેઓ જે કાંઈ ચાહશે તે (પણ) હશે.

سَلٰمٌ قَوْلًا مِّنْ رَّبٍّ رَّحِيْمٍ(58)

(૫૮) તેમના માટે તેમના મહેરબાન પરવરદિગારનો સલામ હશે.

وَامْتَازُوا الْيَوْمَ اَيُّهَا الْمُجْرِمُوْنَ(59)

(૫૯) અને અય ગુનેહગારો! આજના દિવસે (તમે તેમનાથી) જુદા થઇ જાઓ.

أَلَمْ أَعْهَدْ إِلَيْكُمْ يَا بَنِي آدَمَ أَنْ لَا تَعْبُدُوا الشَّيْطَانَ ۖ إِنَّهُ لَكُمْ عَدُوٌّ مُبِينٌ (60)

(૬૦) અય આદમની ઔલાદ ! શું મેં તમારી પાસેથી વચન નોહ્તું લીધું કે શયતાનની ઇબાદત નહીં કરતા કારણ કે તે તમારો ખૂલ્લો દુશ્મન છે.

وَأَنِ اعْبُدُونِي ۚ هٰذَا صِرَاطٌ مُسْتَقِيمٌ (61)

(૬૧) અને મારી ઇબાદત કરજો કે આજ સીધો રસ્તો છે.

وَلَقَدْ اَضَلَّ مِنْكُمْ جِبِلًّا كَثِيْرًا ؕ اَفَلَمْ تَكُوْنُوْا تَعْقِلُوْنَ(62)

(૬૨) અને તે શયતાને તમારામાંથી ઘણા લોકોને ગુમરાહ કરી નાખ્યા શું તમે વિચાર ન કર્યો?

هٰذِهٖ جَهَنَّمُ الَّتِيْ كُنْتُمْ تُوْعَدُوْنَ(63)

(૬૩) આ એ જહન્નમ છે કે જેનો તમને (દુનિયામાં) વાયદો કરવામાં આવતો હતો.

اِصْلَوْهَا الْيَوْمَ بِمَا كُنْتُمْ تَكْفُرُوْنَ(64)

(૬૪) આજે તેમાં કુફ્ર અને અલ્લાહના ઇનકારના લીધે દાખલ થઇ જાવ.

الْيَوْمَ نَخْتِمُ عَلَىٰ أَفْوَاهِهِمْ وَتُكَلِّمُنَا أَيْدِيهِمْ وَتَشْهَدُ أَرْجُلُهُمْ بِمَا كَانُوا يَكْسِبُونَ (65)

(૬૫) આજે અમે તેમના મોઢા પર મહોર મારી દઇશું (જેથી તે કાઇ બોલી શકે નહિ) તેમના હાથ બોલશે અને તેમના પગ ગવાહી આપશે કે તેઓ કેવા કાર્યો કરતા હતા.

وَلَوْ نَشَآءُ لَطَمَسْنَا عَلٰٓى اَعْيُنِهِمْ فَاسْتَبَقُوا الصِّرَاطَ فَاَنّٰى يُبْصِرُوْنَ(66)

(૬૬) અને જો અમે ચાહીએ તો તેઓની આંખોને (આ દુનિયામાંજ) આંધળી કરી દેત. પછી તેઓ રસ્તા તરફ આગળ વધવા ચાહત તો પણ તેઓ કેવી રીતે જોઇ શકત.

وَلَوْ نَشَآءُ لَمَسَخْنٰهُمْ عَلٰى مَكَانَتِهِمْ فَمَا اسْتَطَاعُوْا مُضِيًّا وَّلَا يَرْجِعُوْنَ(67)

(૬૭) અને જો અમે ચાહીએ તો તે જ જગ્યાએ તેઓના સ્વરૂપને બદલી નાખીએ જેથી ન આગળ વધી શકે ન પાછળ આવી શકે.

وَمَنْ نُّعَمِّرْهُ نُنَكِّسْهُ فِي الْخَلْقِ ؕ اَفَلَا يَعْقِلُوْنَ (68)

(૬૮) અને જેને અમે લાંબી ઉમ્ર આપીએ છીએ, તેને કમજોર ખિલ્કતમાં (બાળપણ તરફ) પલ્ટાવી નાખીએ છીએ, શું તેઓ વિચારતા નથી?

وَمَا عَلَّمْنَاهُ الشِّعْرَ وَمَا يَنْبَغِي لَهُ ۚ إِنْ هُوَ إِلَّا ذِكْرٌ وَقُرْآنٌ مُبِينٌ(69)

(૬૯) અને અમોએ રસૂલને શાયરી નથી શીખવાડી અને ન તેના માટે યોગ્ય છે. આ ફક્ત ઝિક્ર અને રોશન કુરાન છે :

لِّيُنْذِرَ مَنْ كَانَ حَيًّا وَيَحِقَّ الْقَوْلُ عَلَى الْكَافِرِينَ(70)

(૭૦) જેથી તેના વડે જે જીવંત છે તેમને (અલ્લાહના અઝાબથી) ડરાવે અને અલ્લાહનો ઇનકાર કરવા વાળા પર હુજ્જત તમામ થઈ જાય.

أَوَلَمْ يَرَوْا أَنَّا خَلَقْنَا لَهُمْ مِمَّا عَمِلَتْ أَيْدِينَا أَنْعَامًا فَهُمْ لَهَا مَالِكُونَ(71)

(૭૧) શું તેઓએ નથી જોયું કે અમોએ અમારી કુદરતથી તેઓ માટે ચારપાગ વાળા જાનવર પેદા કર્યા કે તેઓ તેના માલિક છે?

وَذَلَّلْنٰهَا لَهُمْ فَمِنْهَا رَكُوْبُهُمْ وَمِنْهَا يَاْكُلُوْنَ(72)

(૭૨) અને અમે તે (જાનવરો)ને તાબે કરી દીધા, તેમાંથી અમુક તેઓની સવારી છે અને તેમાંથી અમુક ને તેઓ ખાય છે.

وَلَهُمْ فِيهَا مَنَافِعُ وَمَشَارِبُ ؕ أَفَلَا يَشْكُرُونَ(73)

(૭૩) અને તેમના માટે આ પશુઓમાં ફાયદાઓ તથા પીણાઓ છે છતાં તેઓ શુક્ર નથી કરતા.

وَاتَّخَذُوا مِنْ دُونِ اللّٰهِ آلِهَةً لَعَلَّهُمْ يُنْصَرُونَ(74)

(૭૪) અને તેઓએ અલ્લાહ સિવાય બીજાઓને માઅબૂદ તરીકે પસંદ કરી લીધા છે એવી ઊમ્મીદમાં કે તેમની મદદ કરવામાં આવે.

لَا يَسْتَطِيعُونَ نَصْرَهُمْ وَهُمْ لَهُمْ جُنْدٌ مُحْضَرُونَ(75)

(૭૫) પરંતુ તેઓ તેમની બિલ્કુલ મદદ કરી શકશે નહિં અને તેઓ તે (માઅબૂદો)નુ લશ્કર હશે કે જેમને (અઝાબ માટે) હાજર કરવામાં આવશે.

فَلَا يَحْزُنْكَ قَوْلُهُمْ ۘ اِنَّا نَعْلَمُ مَا يُسِرُّوْنَ وَمَا يُعْلِنُوْنَ(76)

(૭૬) માટે (અય પયગમ્બર) તમે તેમની વાતોંથી ગમગીન ન થાઓ, કારણકે જે કાંઇ તેઓ છુપાવે છે અને જે કાંઇ તેઓ જાહેર કરે છે, અમે તેને જાણીએ છીએ.

اَوَلَمْ يَرَ الْاِنْسَانُ اَنَّا خَلَقْنٰهُ مِنْ نُّطْفَةٍ فَاِذَا هُوَ خَصِيْمٌ مُّبِيْنٌ(77)

(૭૭) શું ઇન્સાન નથી જોતો કે અમોએ તેને નુત્ફામાંથી પેદા કર્યો છે ? પછી તે હવે ખુલ્લો દુશ્મન બની ગયો છે.

وَضَرَبَ لَنَا مَثَلًا وَنَسِيَ خَلْقَهُۖ قَالَ مَنْ يُحْيِي الْعِظَامَ وَهِيَ رَمِيمٌ(78)

(૭૮) અને તે અમારા માટે મિસાલ આપે છે તથા પોતાની પૈદાઇશને ભૂલી ગયો છે અને કહે છે કે સડી ગએલ હાડકાંઓને કોણ જીવંત કરશે?

قُلْ يُحْيِيهَا الَّذِي أَنْشَأَهَا أَوَّلَ مَرَّةٍۖ وَهُوَ بِكُلِّ خَلْقٍ عَلِيمٌ(79)

(૭૯) તું કહી દે કે જેણે પહેલી વખત પૈદા કર્યા છે તે જ (ફરી) જીવંત કરશે, અને તે દરેક ખિલ્કતથી સારી રીતે વાકેફ છે :

الَّذِي جَعَلَ لَكُمْ مِنَ الشَّجَرِ الْأَخْضَرِ نَارًا فَإِذَا أَنْتُمْ مِنْهُ تُوقِدُونَ(80)

(૮૦) જેણે તમારા માટે લીલા વૃક્ષમાંથી આગ પેદા કરી દીધી અને તમે તેના વડે આગ સળગાવો છો.

أَوَلَيْسَ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ بِقَادِرٍ عَلَىٰ أَنْ يَخْلُقَ مِثْلَهُمْ ۚ بَلَىٰ وَهُوَ الْخَلَّاقُ الْعَلِيمُ(81)

(૮૧) તો શું જેણે આસમાનો અને ઝમીનને પેદા કર્યા છે તે એ વાત પર કાદીર નથી કે તેના જેવું ફરી પેદા કરે ?! હા, તે જાણકાર પેદા કરનાર છે.

إِنَّمَا أَمْرُهُ إِذَا أَرَادَ شَيْئًا أَنْ يَقُولَ لَهُ كُنْ فَيَكُونُ(82)

(૮૨) તેનુ ફરમાન છે જયારે તે કોઇ વસ્તુને પેદા કરવાનો ઈરાદો કરે છે ત્યારે કહે છે કે "થઇ જા" અને તે (તરત જ) થઈ જાય છે.

فَسُبْحَانَ الَّذِي بِيَدِهِ مَلَكُوتُ كُلِّ شَيْءٍ وَإِلَيْهِ تُرْجَعُونَ(83)

(૮૩) માટે પાક છે તે જાત કે જેનાં હાથમાં દરેક વસ્તુનો ઇખ્તેયાર છે અને તેની જ પાસે પાછા ફેરવવામાં આવશો.

સુરે રહમાન ની ફઝીલત

હઝરત ઈમામ જાફર સાદિક અલય્હિસ્સલામ થી રિવાયત છે કે: સુરે રહમાન ની તિલાવત કદી પણ ન છોડો, કારણ કે આ સૂરા મુનાફિકોના દિલમાં નહીં ઠેહરે.

આ સૂરો કયામતના દિવસે એક સુંદર વ્યક્તિના સ્વરૂપમાં, ઉત્તમ ખુશબૂ સાથે, એવી જગ્યાએ આવીને ઊભો રહેશે જે અલ્લાહની નજરે ઉત્તમ અને મહાન જગ્યા હશે અને અલ્લાહ ની નજીક આવી બીજી કોઈ જગ્યા નહિ હોય ત્યારે અલ્લાહ આ સુરા ને ફરમાવશે: દુનિયાવી જિંદગીમાં કોણ તારી હંમેશાં તિલાવત કરતું હતું? તો આ સૂરા ફરમાવશે : 'ફલાણો ફલાણો વ્યક્તિ.' ત્યારે તરત જ તે તિલાવત કરનારા લોકોના ચહેરા રોશન થઈ જશે અલ્લાહ તેમને કહેશે: 'તમે જેને ઇચ્છો તેની શફાઅત કરો.

'અને તેઓ એટલી વધારે શફાઅત કરશે કે કોઈ પણ એવો શખ્સ બાકી નહિ રહે જેની શફાઅત કરવાનો ઇરાદો હોય અને તેને શફાઅત ના મળી જાય. પછી અલ્લાહ તેઓને ફરમાવશે : તમારી જન્નતમાં પ્રવેશ કરો અને જ્યાં ઈચ્છો ત્યાં રહો.

ઈમામ અલય્હિસ્સલામ બીજી એક હદીસ માં ફરમાવે છે જે વ્યક્તિ સુરે રહમાન ની તિલાવત કરે અને જ્યારે આ આયત પર આવે:

فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ

ત્યારે એ કહે:

لَا بِشَيْءٍ مِنْ آلَائِكَ رَبِّ أُكَذِّبُ

("એ પરવરદિગાર! મેં તારી કોઈ પણ નેઅમતનો કદી પણ ઇનકાર નથી કર્યો")

અને જો તે વ્યક્તિ રાત્રે આ સૂરા પઢે અને એ જ રાત્રે મોત પામે તો તે શહીદ ગણાશે. અને જે કોઈ દિવસમાં આ સૂરા પઢે અને મોત પામે તો તે પણ શહીદની મૌત ગણાશે.

સુરે રહમાન

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ કરૂ છુ અલ્લાહના નામથી જે ઘણો મહેરબાન અને બહુજ રહેમ કરવા વાળો છે
الرَّحْمٰنُ(1) عَلَّمَ الْقُرْآنَ(2)
(૧) રહેમાન અલ્લાહઃ (૨) જેણે કુરાન શીખવ્યું
خَلَقَ الْإِنْسَانَ(3) عَلَّمَهُ الْبَيَانَ(4)
(૩) (તેણે જ) ઈન્સાનને પેદા કર્યોઃ (૪) અને તેએ વાત કરતા શીખવાડ્યું
اَلشَّمْسُ وَالْقَمَرُ بِحُسْبَانٍ(5)
(૫) સૂરજ અને ચાંદ બંને તેના મુકર્રર કરેલા હિસાબ પ્રમાણે ચાલે છે :
وَّالنَّجْمُ وَالشَّجَرُ يَسْجُدٰنِ(6)

(૬) અને વનસ્પતિ તથા વૃક્ષ તેનો સજદો કરે છે

وَالسَّمَاءَ رَفَعَهَا وَوَضَعَ الْمِيزَانَ(7)

(૭) તેણે આસમાનને ઊંચુ કર્યું, અને ઇન્સાફના તરાઝુંને કાએમ કર્યો:

اَلَّا تَطْغَوْا فِى الْمِيْزَانِ(8)

(૮) જેથી તમે માપતોલમાં હદ બહાર જાઓ નહીં.

وَاَقِيْمُوا الْوَزْنَ بِالْقِسْطِ وَلَا تُخْسِرُوا الْمِيْزَانَ(9)

(૯) અને માપ તોલ ઇન્સાફ સાથે કાયમ રાખો, અને ઓછું તોલો નહિ.

وَالْأَرْضَ وَضَعَهَا لِلْأَنَامِ(10)

(૧૦) અને તેણે જ મખ્લુક માટે ઝમીન બિછાવી છે.

فِيْهَا فَاكِهَةٌ وّالنّخْلُ ذَاتُ الْاَكْمَامِ (11)
(૧૧) તેમાં ફળો છે અને ખજૂર ના વૃક્ષમાં લપતાયેલા છે.
وَالْحَبُّ ذُو الْعَصْفِ وَالرّيْحَانُ(12)
(૧૨) અને તે ફોતરાવાળા દાણા છે કે જેની સાથે ખુશ્બુદાર ફુલ પણ છે.
فَبِأَيّ آلَاءِ رَبّكُمَا تُكَذّبَانِ(13)
(૧૩) માટે તમે બંને (જિન્નાત અને ઇન્સાન) તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો.
خَلَقَ الْإِنْسَانَ مِنْ صَلْصَالٍ كَالْفَخّارِ(14)
(૧૪) તેણે ઈન્સાન ને ઠીકરાની જેમ ખણખણતી સુકાઇ ગયેલી માટીમાંથી બનાવ્યો છે,

خَلَقَ الْجَآنَّ مِنْ مَّارِجٍ مِّنْ نَّارٍ(15)
(૧૫) અને જિન્નાતને આગની જવાળામાંથી પેદા કર્યા.
فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(16)
(૧૬) માટે તમે બંને (જિન્નાત અને ઇન્સાન) તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો.
رَبُّ الْمَشْرِقَيْنِ وَ رَبُّ الْمَغْرِبَيْنِ(17)
(૧૭) તે બંને પૂર્વ અને બંને પશ્ચિમનો પરવરદિગાર છે.
فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(18)
(૧૮) માટે તમે બંને (જિન્નાત અને ઇન્સાન) તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો !

مَرَجَ الْبَحْرَيْنِ يَلْتَقِيَانِ(19)
(૧૯) તેણે બે દરિયા વહાવ્યા છે જે આપસમાં મળે છે:
بَيْنَهُمَا بَرْزَخٌ لَّا يَبْغِيٰنِ(20)
(૨૦) અને તે બન્નેની વચ્ચે એક આડ છે કે જેથી તે બન્ને એકબીજા પર ઝિયાદતી નથી કરી શકતા.(આગળ નથી વધી શકતા)
فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(21)
(૨૧) માટે તમે બંને (જિન્નાત અને ઇન્સાન) તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?
يَخْرُجُ مِنْهُمَا اللُّؤْلُؤُ وَالْمَرْجَانُ(22)
(૨૨) તે બંને દરિયામાંથી મોતી તથા મરજાન નીકળે છે.

فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(23)
(૨૩) માટે તમે બંને (જિન્નાત અને ઇન્સાન) તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો.
وَلَهُ الْجَوَارِ الْمُنْشَئٰتُ فِى الْبَحْرِ كَالْاَعْلَامِ(24)
(૨૪) અને દરિયામાં પહાડ જેવા ચાલતા વહાણો પણ તેના જ છે.
فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(25)
(૨૫) માટે તમે બંને (જિન્નાત અને ઇન્સાન) તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો.
كُلُّ مَنْ عَلَيْهَا فَانٍ (26)
(૨૬) જે કોઇ ઝમીન પર છે તે ફના (નાશ) થનાર છે:

وَّيَبْقٰى وَجْهُ رَبِّكَ ذُو الْجَلٰلِ وَالْاِكْرَامِ(27)

(૨૭) અને ફક્ત તારા પરવરદિગારની ઝાત જે સાહેબે જલાલો ઇકરામ છે તેજ બાકી રહેનાર છે.

فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(28)

(૨૮) પછી તમે બંને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો ?

يَسْأَلُهُ مَنْ فِي السَّمَاوَاتِ وَالْأَرْضِ ۚ كُلَّ يَوْمٍ هُوَ فِي شَأْنٍ(29)

(૨૯) આસમાનો તથા ઝમીનમાં જે કાંઇ છે તે તેનાથી માંગતા રહે છે; અને દરેક વક્તે તે એક નવી શાનવાળો છે.

فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ (30)

(૩૦) પછી તમે બંને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો ?

سَنَفْرُغُ لَكُمْ اَيُّهَ الثَّقَلٰنِ(31)

(૩૧) અય બંને સમૂહો ! (જિન્નાત અને ઈન્સાન) અમે નજીકમાં જ તમારા તરફ ધ્યાન આપીશું.

فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(32)

(૩૨) પછી તમે બંને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો ?

يٰمَعْشَرَ الْجِنِّ وَالْاِنْسِ اِنِ اسْتَطَعْتُمْ اَنْ تَنْفُذُوْا مِنْ اَقْطَارِ السَّمٰوٰتِ وَالْاَرْضِ فَانْفُذُوْا لَا تَنْفُذُوْنَ اِلَّا بِسُلْطٰنٍ(33)

(૩૩) અય જિન્નાત અને ઈન્સાનના સમૂહ ! જો તમારામાં આસમાનો તથા ઝમીનની હદોમાંથી નીકળી જવાની તાકત હોય તો નીકળી જાઓ; તમે ક્યાય પણ જઈ શકતા નથી અને ત્યાં ભી મહાન પરવરદીગાર ની સલ્તનત છે.

فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ (34)
(૩૪) પછી તમે બંને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો ?
يُرْسَلُ عَلَيْكُمَا شُوَاظٌ مِّنْ نَّارٍ وَّنُحَاسٌ فَلَا تَنْتَصِرٰنِ(35)
(૩૫) તમો બંને પર (જિન્નાત અને ઇન્સાન પર જહન્નમની) આગના ભડકા અને ધુમાડો મોકલવામાં આવશે અને પીગળેલુ તાંબુ રેડવામાં આવશે પછી મદદ નહી કરવામાં આવે.
فَبِاَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ(36)
(૩૬) પછી તમે બંને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો
فَاِذَا انْشَقَّتِ السَّمَآءُ فَكَانَتْ وَرْدَةً كَالدِّهَانِ(37)
(૩૭) પછી જયારે આસમાન ફાટીને તેલની જેમ લાલ થઇ જશે.

فَبِاَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ(38)

(૩૮) પછી તમે બંને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો ?

فَيَوْمَئِذٍ لَا يُسْأَلُ عَنْ ذَنْبِهِ إِنْسٌ وَلَا جَانٌّ(39)

(૩૯) પછી તે દિવસે કોઈ ઈન્સાન અથવા જિન્નાતને તેમના ગુનાહ વિશે સવાલ નહી કરવામાં આવે.

فَبِاَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ(40)

(૪૦) પછી તમે બંને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો ?

يُعْرَفُ الْمُجْرِمُوْنَ بِسِيْمٰهُمْ فَيُؤْخَذُ بِالنَّوَاصِىْ وَ الْاَقْدَامِ(41)

(૪૧) ગુનેહગારોને તેમની નિશાનીઓથી ઓળખી લેવામાં આવશે, પછી તેમને માથાના વાળ અને પગથી પકડી લેવામાં આવશે.

فَبِاَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ(42)

(૪૨) પછી તમે બંને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

هٰذِهِ جَهَنَّمُ الَّتِي يُكَذِّبُ بِهَا الْمُجْرِمُونَ(43)

(૪૩) આ એ જ જહન્નમ છે જેનો મુજરીમો ઇન્કાર કરતા હતા.

يَطُوْفُوْنَ بَيْنَهَا وَبَيْنَ حَمِيْمٍ اٰنٍ(44)

(૪૪) તેઓ જહન્નમ અને તેના ઉકળતા પાણી વચ્ચે ફરતા રહેશે.

فَبِاَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ(45)

(૪૫) પછી તમે બંને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

وَلِمَنْ خَافَ مَقَامَ رَبِّهِ جَنَّتَانِ(46)

(૪૬) અને જે શખ્સ પોતાના પરવરદિગારની હજૂરમાં ઊભા રહેવાથી ડરે છે તેના માટે બે જન્નતો છે.

فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ (47)

(૪૭) પછી તમે બંને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો?

ذَوَاتَا أَفْنَانٍ(48)

(૪૮) (જન્નત બાગમાં જાતજાતના ફળોથી લદાયેલા) ડાળીઓથી ભરપૂર.

فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(49)

(૪૯) પછી તમે બંને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો?

فِيْهِمَا عَيْنٰنِ تَجْرِيٰنِ(50)

(૫૦) તે બંનેમાં બે ઝરણાં વહેતાં હશે.

فَبِاَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ(51)

(૫૧) પછી તમે બંને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો ?

فِيْهِمَا مِنْ كُلِّ فَاكِهَةٍ زَوْجٰنِ(52)

(૫૨) તે બંનેમાં દરેક ફળની જોડીઓ હશે.

فَبِاَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ(53)

(૫૩) પછી તમે બંને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો?

مُتَّكِئِينَ عَلَىٰ فُرُشٍ بَطَائِنُهَا مِنْ إِسْتَبْرَقٍ ۚ وَجَنَى الْجَنَّتَيْنِ دَانٍ(54)

(૫૪) તેઓ આવી બેઠકો પર ટેકો લગાવીને બેઠા હશે જેના અસ્તર ભારે રેશમના હશે; અને બંને જન્નતોના ફળો બિલ્કુલ નજીકથી મેળવશે.

فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(55)

(૫૫) પછી તમે બંને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો?

فِيهِنَّ قَاصِرَاتُ الطَّرْفِ لَمْ يَطْمِثْهُنَّ إِنْسٌ قَبْلَهُمْ وَلَا جَانٌّ(56)

(૫૬) જન્નતોમાં ટૂંકી નજરોવાળી હૂરો હશે જેમને પહેલા ક્યારેય ઇન્સાને અને જિન્નાતે અડયા નહી હોય.

فَبِاَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ (57)

(૫૭) તમે બંને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો ?

كَاَنَّهُنَّ الْيَاقُوْتُ وَالْمَرْجَانُ(58)

(૫૮) તે (હૂરો) યાકુત અને મરજાન જેવી હશે.

فَبِاَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ(59)

(૫૯) પછી તમે બંને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો ?

هَلْ جَزَآءُ الْاِحْسَانِ اِلَّا الْاِحْسَانُ(60)

(૬૦) શું નેકીનો બદલો નેકીના સિવાય કાંઇ હોય છે?

فَبِاَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ(61)

(૬૧) પછી તમે બંને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો ?

وَمِنْ دُوْنِهِمَا جَنَّتٰنِ(62)

(૬૨) અને તે બંને જન્નતો સિવાય બીજી પણ બે જન્નતો હશે.

فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(63)

(૬૩) પછી તમે બંને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો?

مُدْهَآمَّتٰنِ(64)
(૬૪) તે બંને લીલીછમ હશે.
فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(65)
(૬૫) પછી તમે બંને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો?
فِيْهِمَا عَيْنٰنِ نَضَّاخَتٰنِ(66)
(૬૬) તે બંનેમાં જોશ મારતા બે ઝરણા હશે.
فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(67)
(૬૭) પછી તમે બંને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો?

فِيْهِمَا فَاكِهَةٌ وَّنَخْلٌ وَّرُمَّانٌ(68)

(૬૮) તે બંનેમાં ફળો ખજૂર તથા દાડમ હશે.

فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(69)

(૬૯) પછી તમે બંને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો?

فِيْهِنَّ خَيْرٰتٌ حِسَانٌ(70)

(૭૦) તે જન્નતોમાં નેકસીરત ખૂબસુરત ઔરતો હશે.

فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(71)

(૭૧) પછી તમે બંને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો?

حُوْرٌ مَّقْصُوْرٰتٌ فِى الْخِيَامِ(72)

(૭૨) તે હૂરો કે જે તંબુઓમાં રોકવામાં આવી હશે.

فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(73)

(૭૩) પછી તમે બંને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો?

لَمْ يَطْمِثْهُنَّ اِنْسٌ قَبْلَهُمْ وَلَا جَآنٌّ(74)

(૭૪) તેણીઓને પહેલાં કોઇ જિન્નાતે અને ઇન્સાને અડયા નહી હોય.

فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(75)

(૭૫) પછી તમે બંને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

مُتَّكِئِيْنَ عَلٰى رَفْرَفٍ خُضْرٍ وَّعَبْقَرِيٍّ حِسَانٍ(76)

(૭૬) તેઓ લીલા ગાલીચાઓ અને બહેતરીન તખ્તો પર ટેકો લગાવી બેઠા હશે.

فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ(77)

(૭૭) પછી તમે બંને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો?

تَبٰرَكَ اسْمُ رَبِّكَ ذِى الْجَلٰلِ وَالْاِكْرَامِ(78)

(૭૮) તારા પરવરદિગારનું નામ ખૂબ બરક્તવાળું છે જે જલાલો ઈકરામવાળો છે.

સુરે વાકેઆની ફઝીલત

હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે કે: જે શખ્સ દરરોજ રાતે સુરે વાકેઆ ની તિલાવત કરશે તો એને કોઈ પરેશાની નહિ આવે. અને ઈમામ જાફરે સાદિક અલય્હિસ્સલામ થી રિવાયત છે કે: જે શખ્સ દરરોજ રાતે સુતાં પહેલાં સુરે વાકેઆ પઢે, તો કયામતના દિવસે રબ્બુલ આલમીનની હાજરીમાં ચમકતાં ચહેરા સાથે હાજર થશે.

બીજી રિવાયત પણ ઈમામ જાફર સાદિક અલય્હિસ્સલામ થી છે કે જે શખ્સ જન્નત અને તેની નેઅમતોની ખ્વાહિશ અને ઈચ્છા રાખે છે એ દરરોજ રાતે સુરે વાકેઆ પઢે. આ સુરા માં ત્રણ લોકો ના સમૂહ નો ઝિક્ર થયો છે બે જન્નતી અને એક દોઝખી અને અલ્લાહ ની ખિલકત ને જોવો અને વિચારો.

સુરે વાકેઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ કરૂ છુ અલ્લાહના નામથી જે ઘણો મહેરબાન અને બહુજ રહેમ કરવા વાળો છે
اِذَا وَقَعَتِ الْوَاقِعَةُ ۙ(1)
(૧) જયારે કયામત વાકેઅ થશે :
لَيْسَ لِوَقْعَتِهَا كَاذِبَةٌ ۘ(2)
(૨) અને તે વાકેઆ ને જુઠલાવનાર (કોઈ) નહિ હોય.
خَافِضَةٌ رَّافِعَةٌ ۙ(3)
(૩) તે (કયામત) ઊલટ સૂલટ કરનારી હશેઃ
اِذَا رُجَّتِ الْاَرْضُ رَجًّا ۙ(4)

(૪) જે વખતે ઝમીનને સખત રીતે ઝટકાઓ લાગશે.
وَبُسَّتِ الْجِبَالُ بَسًّا(5)
(૫) અને પહાડ ચૂરે ચૂરા થઈ જશેઃ
فَكَانَتْ هَبَاءً مُنْبَثًّا(6)
(૬) પછી તે બારીક રજકણો બની ફેલાઈ જશેઃ
وَكُنْتُمْ اَزْوَاجًا ثَلٰثَةً (7)
(૭) અને તમે ત્રણ સમૂહ થઈ જશો.
فَأَصْحَابُ الْمَيْمَنَةِ مَا أَصْحَابُ الْمَيْمَنَةِ(8)
(૮) પછી જમણા હાથવાળાઓ. શું કહેવું જમણા હાથવાળાઓનું! (સારા લોકો છે એટલે તેમના સારા અમલ ને જમણા હાથમાં આપવામાં આવશે)

وَأَصْحَابُ الْمَشْأَمَةِ مَا أَصْحَابُ الْمَشْأَمَةِ(9)

(૯) અને ડાબા હાથવાળાઓ. શું સવાલ કરવો ડાબા હાથવાળાઓનો! (ખરાબ લોકોને ડાબા હાથમાં નામે આમાલ આપવામાં આવશે)

وَالسّابِقُونَ السّابِقُونَ(10)

(૧૦) અને આગળ વધી જનારા તો આગળ વધી જનારા જ છે:

أُولٰئِكَ الْمُقَرَّبُوْنَ(11)

(૧૧) અને તેઓ (અલ્લાહની હજૂરમાં) નજીક છે.

فِيْ جَنّٰتِ النَّعِيْمِ(12)

(૧૨) તેઓ નેઅમતોવાળી જન્નતોમાં હશે.

ثُلَّةٌ مِنَ الْأَوَّلِينَ(13)
(૧૩) ઘણાંખરા આગલાઓમાંથી હશેઃ
وَقَلِيلٌ مِنَ الْآخِرِينَ(14)
(૧૪) અને થોડા ઘણા છેલ્લાઓમાંથી હશે.
عَلَىٰ سُرُرٍ مَوْضُونَةٍ(15)
(૧૫) મોતી અને યાકુતથી જોડાયેલા તખ્તો પરઃ
مُتَّكِئِينَ عَلَيْهَا مُتَقَابِلِينَ(16)
(૧૬) એક બીજાની સામે ટેકો દઈને બેઠા હશે.
يَطُوفُ عَلَيْهِمْ وِلْدَانٌ مُخَلَّدُونَ(17)
(૧૭) તેમની આસપાસ હંમેશા જવાન રહેનારા છોકરા ફરતા હશે :

بِأَكْوَابٍ وَأَبَارِيقَ وَكَأْسٍ مِنْ مَعِينٍ(18)
(૧૮) પ્યાલાઓ તથા કુંજાઓ, અને પાક શરાબનાં જામો લઇનેઃ
لَا يُصَدَّعُونَ عَنْهَا وَلَا يُنْزِفُونَ(19)
(૧૯) જે પીણાથી તેમનું ન કદી માથું દુઃખશે અને ન નશો ચડશેઃ
وَفَاكِهَةٍ مِمَّا يَتَخَيَّرُونَ(20)
(૨૦) અને જે જે પ્રકારના મેવામાથી જે કાંઇ પસંદ કરશે તે હાજર હશેઃ
وَلَحْمِ طَيْرٍ مِمَّا يَشْتَهُونَ(21)
(૨૧) અને જે જે પરિન્દાઓનું ગોશ્ત તેઓ ચાહશે તે હાજર હશેઃ
وَحُورٌ عِينٌ(22)
(૨૨) અને મોટી મોટી આંખોવાળી (ખુબસુરત) હૂરો હશેઃ

۔اَمْثَالِ اللُّؤْلُوِٴ الْمَكْنُوْنِ(23)
(૨૩) જાણે કે છુપાવેલા મોટીઓ જેવી (સુંદર) હશે
جَزَاءً بِمَا كَانُوا يَعْمَلُونَ (24)
(૨૪) તેઓ જે સારા અમલ કરતા હતા તેનો બદલો હશે.
لَا يَسْمَعُوْنَ فِيْهَا لَغْوًا وَّلَا تَاْثِيْمًا (25)
(૨૫) ત્યાં ન કંઈ નકામી વાતો સાંભળશે અને ન ગુનાહોની વાતોઃ
اِلَّا قِيْلًا سَلٰمًا سَلٰمًا(26)
(૨૬) સલામ છે સલામ સિવાય કલામ (સાંભળશે નહી)

وَأَصْحَابُ الْيَمِينِ مَا أَصْحَابُ الْيَمِينِ(27)
(૨૭) અને જમણી તરફવાળા સાથીઓ શું કહેવું તે જમણી તરફવાળા સાથીઓનું.
فِي سِدْرٍ مَخْضُودٍ(28)
(૨૮) કાંટા વિનાની બોરડીના છાંયડામાં :
وَطَلْحٍ مَنْضُودٍ(29)
(૨૯) તથા એકબીજા ઉપર લદાએલા કેળા:
وَظِلٍّ مَمْدُودٍ(30)
(૩૦) તથા ફેલાએલા છાયા:

وَمَاءٍ مَسْكُوبٍ(31)
(૩૧) તથા ઝરણાઓના વહેતા પાણી:
وَفَاكِهَةٍ كَثِيرَةٍ (32)
(૩૨) તથા મોટી સંખ્યાના ફળોની વચ્ચે:
لَا مَقْطُوعَةٍ وَلَا مَمْنُوعَةٍ(33)
(૩૩) જે ક્યારેય ખૂટશે નહિ, અને ન તેમને રોકવામાં આવશે:
وَفُرُشٍ مَرْفُوعَةٍ(34)
(૩૪) અને ઉંચ્ચ પ્રકારના ફરશ હશે.

إِنَّا أَنْشَأْنَاهُنَّ إِنْشَاءً(35)
(૩૫) બેશક આ હૂરોને અમોએ પૈદા કરી છે :
فَجَعَلْنَاهُنَّ أَبْكَارًا (36)
(૩૬) પછી અમોએ તેણીઓને બાકેરા બનાવી છે :
عُرُبًا أَتْرَابًا(37)
(૩૭) કુંવારી અને શોહરથી મોહબ્બત કરનારી હશે:
لِأَصْحَابِ الْيَمِينِ (38)
(૩૮) આ બધું ખાસ જમણા હાથવાળાઓ માટે હશે.

ثُلَّةٌ مِنَ الْأَوَّلِينَ(39)
(૩૯) જેમાંનો એક સમૂહ અગાઉના લોકોમાંથી છે:
وَثُلَّةٌ مِنَ الْآخِرِينَ (40)
(૪૦) અને એક સમૂહ પાછલાઓમાંથી છે.
وَأَصْحَابُ الشِّمَالِ مَا أَصْحَابُ الشِّمَالِ(41)
(૪૧) અને ડાબા હાથવાળાઓ તેમનું શું કહેવું!
فِي سَمُومٍ وَحَمِيمٍ(42)
(૪૨) ગરમ હવા અને ઉકળતા પાણી માં.

وَظِلٍّ مِنْ يَحْمُومٍ(43)
(૪૩) અને કાળા તથા ગરમ ધુમાડાની છાયા માં હશે.
لَّا بَارِدٍ وَّلَا كَرِيْمٍ(44)
(૪૪) જે ન ઠંડુ હશે અને ન આરામદાયક.
إِنَّهُمْ كَانُوا قَبْلَ ذَٰلِكَ مُتْرَفِينَ (45)
(૪૫) તેઓ એજ છે કે જેઓ આ પહેલાં (નેઅમતોમાં) ઘમંડ કરતા રહેતા હતા.
وَكَانُوْا يُصِرُّوْنَ عَلَى الْحِنْثِ الْعَظِيْمِ(46)
(૪૬) અને તે મોટા મોટા ગુનાહ માટે ઇસરાર કરતા હતા.(વારંવાર કરવાની જીદ કરતા)

وَكَانُوا يَقُولُونَ أَئِذَا مِتْنَا وَكُنَّا تُرَابًا وَعِظَامًا أَإِنَّا لَمَبْعُوثُونَ(47)

(૪૭) અને કહેતા હતા કે શું જ્યારે અમે મરી જઈશું અને માટી તથા હાડકાં થઈ જઈશું ત્યારે અમને ફરીથી ઉઠાડવામાં આવશે?

اَوَاٰبَآؤُنَا الْاَوَّلُوْنَ(48)

(૪૮) શું અમારા બાપદાદાઓને પણ ઉઠાડવામાં આવશે?।

قُلْ إِنَّ الْأَوَّلِينَ وَالْآخِرِينَ(49)

(૪૯) તું કહે કે બેશક આગલાઓને અને પાછલાઓને:

لَمَجْمُوْعُوْنَ اِلٰى مِيْقَاتِ يَوْمٍ مَّعْلُوْمٍ(50)

(૫૦) એ મુકર્રર દિવસે વાયદાની જગ્યા (કયામત) પર જમા કરવામાં આવશો.

ثُمَّ إِنَّكُمْ أَيُّهَا الضَّالُّونَ الْمُكَذِّبُونَ(51)

(૫૧) ત્યારબાદ તમે અય ગુમરાહો! અને જૂઠલાવનારાઓ.

لَآكِلُونَ مِنْ شَجَرٍ مِنْ زَقُّومٍ(52)

(૫૨) તમે થોરના ઝાડમાંથી ખાનારા થશો: (ઝકુમ અને થોરનું ઝાડ એ લોકો માટે છે જયારે તેઓને ખૂબ ભૂખ લાગશે ત્યારે તેને આ ઝેહરીલા ઝાડ માંથી આપવામાં આવશે અને આ લોકો ખાયને ટુકડે ટુકડા માં વેંચાઇ જશે)

فَمٰلِـُٔوْنَ مِنْهَا الْبُطُوْنَ(53)
(૫૩) અને તે વડે પોતાના પેટ ભરશે.
فَشٰرِبُوْنَ عَلَيْهِ مِنَ الْحَمِيْمِ(54)
(૫૪) પછી તેના ઉપર ઉકળતું પાણી પીશો.
شَارِبُوْنَ شُرْبَ الْهِيْمِ(55)
(૫૫) પછી એવી રીતે પીશો જેવી રીતે તરસ્યા ઊંટ પીવે છે.
هٰذَا نُزُلُهُمْ يَوْمَ الدِّيْنِ(56)
(૫૬) બદલાના દિવસે તેમની આ મહેમાન નવાજી હશે.

نَحْنُ خَلَقْنٰكُمْ فَلَوْلَا تُصَدِّقُوْنَ(57)

(૫૭) અમોએ તમને પેદા કર્યા છે, તો પછી શા માટે (ફરીથી પેદા થવાને) કબૂલ કરતા નથી?

أَفَرَأَيْتُمْ مَا تُمْنُونَ(58)

(૫૮) શું તમે તે નુત્ફાને જાણો છો જે તમે રહેમમાં નાખો છો ?

أَأَنْتُمْ تَخْلُقُونَهُ أَمْ نَحْنُ الْخَالِقُونَ(59)

(૫૯) શું તમે તેને ખલ્ક કરો છો કે અમે ખલ્ક કરનારા છીએ ?

نَحْنُ قَدَّرْنَا بَيْنَكُمُ الْمَوْتَ وَمَا نَحْنُ بِمَسْبُوقِينَ(60)

(૬૦) અમોએ તમારી વચ્ચે મૌતને મુકર્રર કરી છે, અને હરગિઝ કોઈ અમારા કરતા આગળ વધતુ નથીઃ

عَلٰٓى اَنْ نُّبَدِّلَ اَمْثَالَكُمْ وَنُنْشِئَكُمْ فِيْ مَا لَا تَعْلَمُوْنَ(61)

(૬૧) જેથી તમારી જગ્યાએ તમારા જેવા બીજા પૈદા કરીએ, અને તમને એવી દુનિયામાં ફરીથી પેદા કરીએ કે જેને તમે જાણતા નથી.

وَلَقَدْ عَلِمْتُمُ النَّشْاَةَ الْاُوْلٰى فَلَوْلَا تَذَكَّرُوْنَ(62)

(૬૨) અને પ્રથમ ખિલ્કતને જાણ્યા, પછી શા માટે નસીહત હાંસિલ કરતા નથી ?

أَفَرَأَيْتُمْ مَا تَحْرُثُونَ (63)

(૬૩) તે દાણાને તમે જોયો છે કે જેને તમે ઝમીનમાં વાવો છો?

أَأَنْتُمْ تَزْرَعُونَهُ أَمْ نَحْنُ الزَّارِعُونَ(64)

(૬૪) તેને તમે ઊગાડો છો કે અમે ઊગાડનારા છીએ?

لَوْ نَشَآءُ لَجَعَلْنٰهُ حُطَامًا فَظَلْتُمْ تَفَكَّهُوْنَ(65)
(૬૫) અગર અમે ચાહીએ તો તેને કચડાઈ ગયેલુ ખડ બનાવી દઈએ છીએ જેથી તમે નવાઇમાં ડુબી જાવ.
إِنَّا لَمُغْرَمُونَ(66)
(૬૬) (એવી રીતે કે તમે કહો) બેશક અમે મોટા નુકસાનમાં રહ્યાઃ
بَلْ نَحْنُ مَحْرُوْمُوْنَ(67)
(૬૭) બલ્કે અમે તો મહેરૂમ અને વંચિત થઈ ગયા!
أَفَرَأَيْتُمُ الْمَاءَ الَّذِي تَشْرَبُونَ(68)
(૬૮) શું તમે જે પાણી પીઓ છો તેને જોયું છે?!

ءَاَنْتُمْ اَنْزَلْتُمُوْهُ مِنَ الْمُزْنِ اَمْ نَحْنُ الْمُنْزِلُوْنَ(69)
(૬૯) શું તેને વાદળોમાંથી તમે વરસાવ્યું છે કે તેને વરસાવનાર અમે છીએ?!
لَوْ نَشَآءُ جَعَلْنٰهُ اُجَاجًا فَلَوْلَا تَشْكُرُوْنَ(70)
(૭૦) અગર અમે ચાહીએ તો તેને ખારૂં કરી નાખીએ તો પછી શા માટે શુક્ર કરતા નથી?
أَفَرَأَيْتُمُ النَّارَ الَّتِي تُورُونَ(71)
(૭૧) શું તમોએ તે આગ જોઇ છે જેને સળગાવો છો?
أَأَنْتُمْ أَنْشَأْتُمْ شَجَرَتَهَا أَمْ نَحْنُ الْمُنْشِئُونَ(72)
(૭૨) શું તેના ઝાડને તમે પેદા કર્યા છે કે તેના પેદા કરનારા અમે છીએ?

نَحْنُ جَعَلْنٰهَا تَذْكِرَةً وَّمَتَاعًا لِّلْمُقْوِيْنَ(73)

(૭૩) અમોએ તેને યાદ દેવનારી વસ્તુ અને મુસાફરો માટે ઊપયોગી વસ્તુ બનાવી છે

فَسَبِّحْ بِاسْمِ رَبِّكَ الْعَظِيْمِ(74)

(૭૪) માટે તું તારા મહાન પરવરદિગારના નામની તસ્બીહ પઢતો રહે.

فَلَآ أُقْسِمُ بِمَوَاقِعِ النُّجُومِ(75)

(૭૫) અને હું સિતારાઓની મંઝિલની કસમ ખાઈને કહું છું:

وَإِنَّهُ لَقَسَمٌ لَوْ تَعْلَمُونَ عَظِيمٌ(76)

(૭૬) અને જો તમે જાણો તો આ બહુ મોટી કસમ છે :

إِنَّهُ لَقُرْآنٌ كَرِيمٌ(77)
(૭૭) બેશક આ ખૂબજ મોહતરમ કુરાન છેઃ
فِي كِتَابٍ مَكْنُونٍ(78)
(૭૮) જેને એક મેહ્ફૂઝ કિતાબમાં રાખવામાં આવ્યું છે :
لَا يَمَسُّهُ إِلَّا الْمُطَهَّرُونَ(79)
(૭૯) તેને પાકીઝા લોકો સિવાય કોઇ અડતુ નથી.
تَنْزِيلٌ مِّنْ رَّبِّ الْعٰلَمِيْنَ(80)
(૮૦) બધી દુનિયાઓના પરવરદિગાર તરફથી નાઝિલ કરવામાં આવ્યું છે.

أَفَبِهٰذَا الْحَدِيثِ أَنْتُمْ مُدْهِنُونَ(81)

(૮૧) તો શું તમે આ કલામને હલકો સમજો છો?

وَتَجْعَلُوْنَ رِزْقَكُمْ اَنَّكُمْ تُكَذِّبُوْنَ(82)

(૮૨) અને તમોએ રિઝ્કના શુક્રમાં આ કલામને જૂઠલાવો છો?

فَلَوْلَا إِذَا بَلَغَتِ الْحُلْقُومَ(83)

(૮૩) પછી જે સમયે જીવ ગળા સુધી પહોંચી જાય;

وَأَنْتُمْ حِينَئِذٍ تَنْظُرُونَ(84)

(૮૪) અને તે સમયે તમે જોતા જ રહો છો.

وَنَحْنُ اَقْرَبُ اِلَيْهِ مِنْكُمْ وَلٰكِنْ لَّا تُبْصِرُوْنَ(85)
(૮૫) અને અમે તમારા કરતાં (મરનારથી) વધુ નજીક છીએ, પરંતુ તમે જોતા નથી.
فَلَوْلَا إِنْ كُنْتُمْ غَيْرَ مَدِينِينَ(86)
(૮૬) જો (આખેરતમાં તમારા આમાલનો) બદલો આપવામાં નહી આવે
تَرْجِعُونَهَا إِنْ كُنْتُمْ صَادِقِينَ(87)
(૮૭) તો તે (જીવ)ને પાછો ફેરવો જો તમે સાચા હોવ?
فَأَمَّا إِنْ كَانَ مِنَ الْمُقَرَّبِينَ (88)
(૮૮) પછી જો મરનાર નજીકવાળાઓમાંથી (મુકર્રબીન સમૂહમાંથી) હશે:

فَرَوْحٌ وَّ رَيْحَانٌ ۙ وَّجَنَّتُ نَعِيْمٍ(89)

(૮૯) તેના માટે રાહત તથા સુગંધી ફૂલો અને નેઅમતોવાળી જન્નત હશે.

وَأَمَّا إِنْ كَانَ مِنْ أَصْحَابِ الْيَمِينِ(90)

(૯૦) અને જો તે જમણી બાજુવાળાઓમાંથી હશે:

فَسَلَامٌ لَكَ مِنْ أَصْحَابِ الْيَمِينِ(91)

(૯૧) તો જમણી બાજુવાળાઓ તરફથી તેને સલામ થશે.

وَأَمَّا إِنْ كَانَ مِنَ الْمُكَذِّبِينَ الضَّالِّينَ(92)

(૯૨) અને જો તે જૂઠલાવનારા ગુમરાહોમાંથી હશે:

فَنُزُلٌ مِنْ حَمِيمٍ(93)
(૯૩) તો ઉકળતા પાણીની મહેમાન નવાજી છેઃ
وَّتَصْلِيَةُ جَحِيْمٍ(94)
(૯૪) અને જહન્નમની ભડકતી આગમાં દાખલ કરવામાં આવશે.
إِنّ هٰذَا لَهُوَ حَقُّ الْيَقِينِ(95)
(૯૫) અને આ એ બાબત છે કે જે બિલ્કુલ બરહક અને યકીની છે :
فَسَبِّحْ بِاسْمِ رَبِّكَ الْعَظِيْمِ(96)
(૯૬) માટે તું તારા બુઝુર્ગીવાળા પરવરદિગારના નામોની તસ્બીહ કરતો રહે.

સુરે અન્કબુત ફઝીલત:

પયગમ્બર અકરમ સલ્લલ્લાહુ અલયહે વ આલેહી વ સલ્લમે ફરમાવ્યું છે કે: આ સુરાની તિલાવત કરવાનો સવાબ મુસલમાન મર્દો અને સ્ત્રીઓની સંખ્યાના દસગણા છે.

એ પાણી જેમાં આ સૂરો ફૂક મારી પીવે, તો પીનારાને પોતાના જીવનમાં ખૂબ મોટી ખુશી અને આનંદ પ્રાપ્ત થશે.

રમઝાન મહિના ની ત્રેવીસમી રાત્રે (શબે કદ્રનાં આમાલોમાં) સુરે અનકબૂત, સુરે રૂમ અને સુરે દુખાનની તિલાવત કરવી જોઇએ. જેથી મોમિન આ તિલાવતની ફઝીલતથી વંચિત ન રહે.

તફસીર બુરહાનમાં ઈમામ જાફર સાદિક અલય્હિસ્સલામ પાસેથી રિવાયત છે:

જે વ્યક્તિ રમઝાન માસની ૨૩મી રાત્રે સુરે અનકબૂતની તિલાવત કરશે, તેને કોઇ પ્રશ્ન કે હિસાબ-કિતાબ વગર જન્નતમાં દાખલ કરવામાં આવશે.

સુરે અન્કબુત

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ કરૂ છુ અલ્લાહના નામથી જે ઘણો મહેરબાન અને બહુજ રહેમ કરવા વાળો છે
الٓمّٓ (1)
(૧) અલિફ લામ મીમ.

أَحَسِبَ النَّاسُ أَنْ يُتْرَكُوا أَنْ يَقُولُوا آمَنَّا وَهُمْ لَا يُفْتَنُونَ (2)

(૨) શું લોકોએ એમ ગુમાન કરેલ છે કે તેઓ કહેશે કે અમે ઈમાન લાવ્યા છીએ તો તેમને છોડી દેવામાં આવશે અને તેમની પરીક્ષા લેવામાં નહિં આવે?

وَلَقَدْ فَتَنَّا الَّذِينَ مِنْ قَبْلِهِمْ ۖ فَلَيَعْلَمَنَّ اللَّهُ الَّذِينَ صَدَقُوا وَلَيَعْلَمَنَّ الْكَاذِبِينَ (3)

(૩) બેશક અમોએ તેમની અગાઉના લોકોની પરીક્ષા લીધી છે જો કે અલ્લાહ જાણે છે કે કોણ સાચ્ચા છે અને કોણ જૂઠા છે.

أَمْ حَسِبَ الَّذِينَ يَعْمَلُونَ السَّيِّئَاتِ أَنْ يَسْبِقُونَا ۚ سَاءَ مَا يَحْكُمُونَ (4)

(૪) શું જેઓ ખરાબ કાર્ય કરે છે તેઓ એમ ગુમાન કરે છે કે તેઓ અમારાથી બચીને નીકળી જશે? કેવો ખરાબ ફેસલો તેઓ કરે છે!

مَنْ كَانَ يَرْجُو لِقَاءَ اللّهِ فَإِنّ أَجَلَ اللّهِ لَآتٍ ۚ وَهُوَ السّمِيعُ الْعَلِيمُ (5)

(૫) જે કોઇ અલ્લાહની પાસે હાજર થવાની ઉમ્મીદ રાખે છે, (તેને અમલ કરવો જોઇએ) કારણકે અલ્લાહે નક્કી કરેલો સમય જરૂર આવશે અને તે સાંભળનાર તથા જાણનાર છે.

وَمَنْ جَاهَدَ فَإِنّمَا يُجَاهِدُ لِنَفْسِهِ ۚ إِنّ اللّهَ لَغَنِيٌّ عَنِ الْعَالَمِينَ (6)

(૬) અને જેણે જેહાદ કર્યો છે તેણે ખુદ પોતાના ફાયદા માટે જેહાદ કર્યો છે અને અલ્લાહ દરેક દુનિયાવાળાઓથી બેનિયાઝ છે.

وَالّذِينَ آمَنُوا وَعَمِلُوا الصّالِحَاتِ لَنُكَفّرَنّ عَنْهُمْ سَيّئَاتِهِمْ وَلَنَجْزِيَنّهُمْ أَحْسَنَ الّذِي كَانُوا يَعْمَلُونَ (7)

(૭) અને જેઓ ઈમાન લાવ્યા અને સારા નેક આમાલ કર્યા અમે ચોક્કસ તેની બૂરાઈઓને ઢાંકી દઇશું અને તેઓ જે બહેતરીન આમાલો અંજામ આપતા હતા તેનો બદલો આપીશું.

وَوَصَّيْنَا الْإِنْسَانَ بِوَالِدَيْهِ حُسْنًا ۖ وَإِنْ جَاهَدَاكَ لِتُشْرِكَ بِي مَا لَيْسَ لَكَ بِهِ عِلْمٌ فَلَا تُطِعْهُمَا ۚ إِلَيَّ مَرْجِعُكُمْ فَأُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُونَ (8)

(૮) અને અમોએ ઇન્સાનને તેના માં-બાપ સાથે નેકી કરવાની વસિયત કરી છે તથા જો તેઓ કોશિશ કરે કે તુ કોઇને મારો શરીક બનાવે તો તેઓની ઇતાઅત ન કરજે અને તમો સર્વેનું પાછું ફરવું મારી તરફ છે પછી તમો જે કાંઇ કરતા હતા તે હું તમોને જણાવી દઈશ.

وَالَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ لَنُدْخِلَنَّهُمْ فِي الصَّالِحِينَ (9)

(૯) અને જે લોકો ઈમાન લાવ્યા તથા નેક આમાલ કર્યા તો તેમને અમે જરૂર નેક લોકોમાં દાખલ કરી દઈશું.

وَمِنَ النَّاسِ مَنْ يَقُولُ آمَنَّا بِاللَّهِ فَإِذَا أُوذِيَ فِي اللَّهِ جَعَلَ فِتْنَةَ النَّاسِ كَعَذَابِ اللَّهِ وَلَئِنْ جَاءَ نَصْرٌ مِنْ رَبِّكَ لَيَقُولُنَّ إِنَّا كُنَّا مَعَكُمْ ۚ أَوَلَيْسَ اللَّهُ بِأَعْلَمَ بِمَا فِي صُدُورِ الْعَالَمِينَ (10)

(૧૦) અને અમુક લોકો એવા છે જેઓ કહે છે કે અમે અલ્લાહ પર ઇમાન લઇ આવ્યા છીએ, ત્યારબાદ ખુદાની રાહમાં જયારે કોઇ ઈજા પહોંચે ત્યારે અલ્લાહની આઝમાઇશને અલ્લાહની સજા તરીકે ઓળખાવે છે જયારે તારા પરવરદિગાર તરફથી કોઇ મદદ આવી પહોંચે ત્યારે ભારપૂર્વક કહે છે કે અમે તમારી જ સાથે હતા, શું અલ્લાહ દુનિયાવાળાઓના દિલોમાં જે કાંઇ છે તેનાથી વાકેફ નથી?

وَلَيَعْلَمَنَّ اللَّهُ الَّذِينَ آمَنُوا وَلَيَعْلَمَنَّ الْمُنَافِقِينَ (11)

(૧૧) અને બેશક અલ્લાહ તે લોકોને સારી રીતે જાણે છે કે જેઓ ઇમાનવાળા છે અને તેઓને પણ ઓળખે છે કે જેઓ મુનાફીક છે.

وَقَالَ الَّذِينَ كَفَرُوا لِلَّذِينَ آمَنُوا اتَّبِعُوا سَبِيلَنَا وَلْنَحْمِلْ خَطَايَاكُمْ وَمَا هُمْ بِحَامِلِينَ مِنْ خَطَايَاهُمْ مِنْ شَيْءٍ ۖ إِنَّهُمْ لَكَاذِبُونَ (12)

(૧૨) અને કાફિર લોકો ઇમાનવાળાઓને કહે છે કે તમે અમારા રસ્તા ઉપર ચાલો (અમારી પેરવી કરો) અમે તમારા ગુનાહોનો ભાર ઉપાડી લઈશું; હરગિઝ તેઓ ગુનાહોનો કંઈપણ બોજો ઉપાડશે નહી, અને બેશક તેઓ જૂઠા છે.

وَلَيَحْمِلُنَّ أَثْقَالَهُمْ وَأَثْقَالًا مَعَ أَثْقَالِهِمْ ۖ وَلَيُسْأَلُنَّ يَوْمَ الْقِيَامَةِ عَمَّا كَانُوا يَفْتَرُونَ (13)

(૧૩) અને જરૂર તેઓ પોતાનો (ગુનાહનો) બોજ ઉપાડશે તથા બીજા વધારાના (ગુનાહનો) બોજ ઉપાડશે અને કયામતના દિવસે તેઓ જે જૂઠી નિસ્બતો આપતા હતા તે બાબતે સવાલ કરવામાં આવશે.

وَلَقَدْ أَرْسَلْنَا نُوحًا إِلَىٰ قَوْمِهِ فَلَبِثَ فِيهِمْ أَلْفَ سَنَةٍ إِلَّا خَمْسِينَ عَامًا فَأَخَذَهُمُ الطُّوفَانُ وَهُمْ ظَالِمُونَ (14)

(૧૪) અને અમોએ નૂહને તેની કોમ તરફ મોકલ્યા, પછી તેમના વચ્ચે તે એક હજારમાં પચાસ વર્ષ ઓછા રહ્યા (નવસો પચાસ વર્ષ) પછી તે કોમ તોફાનના અઝાબમાં ગિરફતાર થઈ ગઈ એ હાલતમાં કે તે લોકો ઝાલિમો હતા (અત્યાચાર કરવા વાળા હતા).

فَأَنْجَيْنَاهُ وَأَصْحَابَ السَّفِينَةِ وَجَعَلْنَاهَا آيَةً لِلْعَالَمِينَ (15)

(૧૫) પછી અમોએ નૂહને તથા કશ્તીવાળાઓને બચાવી લીધા અને તેને તમામ દુનિયા વાળા લોકો માટે એક નિશાની બનાવી દીધી.

وَإِبْرَاهِيمَ إِذْ قَالَ لِقَوْمِهِ اعْبُدُوا اللَّهَ وَاتَّقُوهُ ۖ ذَٰلِكُمْ خَيْرٌ لَكُمْ إِنْ كُنْتُمْ تَعْلَمُونَ (16)

(૧૬) અને ઇબ્રાહીમને યાદ કરો જ્યારે તેણે પોતાની કોમને કહ્યું કે અલ્લાહની ઇબાદત કરો તથા તેનાથી ડરો જો તમે જાણતા હોવ તો તેમાં જ તમારી ભલાઇ છે.

إِنَّمَا تَعْبُدُونَ مِنْ دُونِ اللَّهِ أَوْثَانًا وَتَخْلُقُونَ إِفْكًا ۚ إِنَّ الَّذِينَ تَعْبُدُونَ مِنْ دُونِ اللَّهِ لَا يَمْلِكُونَ لَكُمْ رِزْقًا فَابْتَغُوا عِنْدَ اللَّهِ الرِّزْقَ وَاعْبُدُوهُ وَاشْكُرُوا لَهُ ۖ إِلَيْهِ تُرْجَعُونَ (17)

(૧૭) તમે અલ્લાહ સિવાય જે બૂતોની ઇબાદત કરો છો તે ફકત તમે જૂઠ ઘડો છો. હકીકતમાં અલ્લાહ સિવાય જેની તમે ઇબાદત કરો છો, તેઓ તમારા રોઝીના માલિક નથી, માટે અલ્લાહ પાસે રોઝી તલાશ કરો, અને તેની ઇબાદત કરો અને તેનો શુક્ર કરો કે તમને બધાને તેની તરફ પાછા ફેરવવામાં આવશે.

وَإِنْ تُكَذِّبُوا فَقَدْ كَذَّبَ أُمَمٌ مِنْ قَبْلِكُمْ ۖ وَمَا عَلَى الرَّسُولِ إِلَّا الْبَلَاغُ الْمُبِينُ (18)

(૧૮) અને જો તમે જૂઠલાવશો તો તમારા અગાઉ ઘણી કોમો જૂઠલાવી ચૂકી છે; અને રસૂલની જવાબદારી સ્પષ્ટ (પયગામ) પહોંચાડવા સિવાય કંઈ નથી.

أَوَلَمْ يَرَوْا كَيْفَ يُبْدِئُ اللَّهُ الْخَلْقَ ثُمَّ يُعِيدُهُ ۚ إِنَّ ذَٰلِكَ عَلَى اللَّهِ يَسِيرٌ (19)

(૧૯) શું તેમણે નથી જોયું કે અલ્લાહ કેવી રીતે મખલૂકાતને પૈદા કરે છે, પછી તેને ફરી પલટાવી દે છે? બેશક અલ્લાહ માટે આ સહેલુ છે.

قُلْ سِيرُوا فِي الْأَرْضِ فَانْظُرُوا كَيْفَ بَدَأَ الْخَلْقَ ۚ ثُمَّ اللَّهُ يُنْشِئُ النَّشْأَةَ الْآخِرَةَ ۚ إِنَّ اللَّهَ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ (20)

(૨૦) તું કહે કે તમે ઝમીનમાં હરો ફરો; અને જૂઓ કે તેણે ખિલકતની શરૂઆત કરી? ત્યારબાદ આખેરતને (આવી રીતે જ) પેદા કરશે, બેશક તે દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે

يُعَذِّبُ مَنْ يَشَاءُ وَيَرْحَمُ مَنْ يَشَاءُ ۖ وَإِلَيْهِ تُقْلَبُونَ (21)

(૨૧) તે જેને ચાહે છે અઝાબ આપે છે તથા જેને ચાહે છે તેના પર રહેમ કરે છે અને તમને બધાને તેની તરફ પાછા ફેરવવામાં આવશે.

وَمَا أَنْتُمْ بِمُعْجِزِينَ فِي الْأَرْضِ وَلَا فِي السَّمَاءِ ۖ وَمَا لَكُمْ مِنْ دُونِ اللَّهِ مِنْ وَلِيٍّ وَلَا نَصِيرٍ (22)

(૨૨) અને હરગિઝ તમે તેને ન ઝમીનમાં અને ન આસમાનમાં કમજોર કરી શકો છો અને અલ્લાહ સિવાય ન તમારો કોઈ સરપરસ્ત છે અને ન કોઈ મદદગાર છે.

وَالَّذِينَ كَفَرُوا بِآيَاتِ اللَّهِ وَلِقَائِهِ أُولَٰئِكَ يَئِسُوا مِنْ رَحْمَتِي وَأُولَٰئِكَ لَهُمْ عَذَابٌ أَلِيمٌ (23)

(૨૩) અને જે લોકો અલ્લાહની આયતોનો તથા (કયામતમાં) તેની મુલાકાતનો ઇન્કાર કરે છે (હિસાબ કિતાબ અને જન્નત અને જહન્નમની મનાઇ કરે) તેઓ મારી રહેમતથી માયુસ છે, અને તેમના માટે દર્દનાક અઝાબ છે.

فَمَا كَانَ جَوَابَ قَوْمِهِ إِلَّا أَنْ قَالُوا اقْتُلُوهُ أَوْ حَرِّقُوهُ فَأَنْجَاهُ اللَّهُ مِنَ النَّارِ ۚ إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ لِقَوْمٍ يُؤْمِنُونَ (24)

(૨૪) અને તે (ઇબ્રાહીમ)ની કોમનો જવાબ આ સિવાય બીજો કાંઇ ન હતો કે તેને કત્લ કરી નાખો અથવા તેને (આગમાં) બાળી નાખો, પરંતુ અલ્લાહે તેને આગથી બચાવી લીધા; બેશક જે લોકો ઈમાન રાખે છે તેમના માટે તેમાં ઘણી નિશાનીઓ છે.

وَقَالَ إِنَّمَا اتَّخَذْتُمْ مِنْ دُونِ اللَّهِ أَوْثَانًا مَوَدَّةَ بَيْنِكُمْ فِي الْحَيَاةِ الدُّنْيَا ۖ ثُمَّ يَوْمَ الْقِيَامَةِ يَكْفُرُ بَعْضُكُمْ بِبَعْضٍ وَيَلْعَنُ بَعْضُكُمْ بَعْضًا وَمَأْوَاكُمُ النَّارُ وَمَا لَكُمْ مِنْ نَاصِرِينَ (25)

(૨૫) અને (ઇબ્રાહિમે) કહ્યું કે તમારી દરમ્યાન દુનિયાની મહોબ્બતને બાકી રાખવા માટે ખુદાને છોડીને બૂતોને અપનાવી લીધા છે, પછી કયામતના દિવસે તમે એક બીજાને જૂઠલાવશો અને એક બીજા ઉપર લાનત કરશો. અને તમારા સૌનું ઠેકાણું જહન્નમ છે અને તમારો કોઇ મદદગાર નહી હોય.

فَآمَنَ لَهُ لُوطٌ ۘ وَقَالَ إِنِّي مُهَاجِرٌ إِلَىٰ رَبِّي ۖ إِنَّهُ هُوَ الْعَزِيزُ الْحَكِيمُ (26)

(૨૬) પછી લૂત તેના (ઇબ્રાહિમ) પર ઈમાન લાવ્યા અને કહ્યું કે હું મારા પરવરદિગાર તરફ હિજરત કરૂં છું; બેશક તે જબરદસ્ત હિકમતવાળો છે.

وَوَهَبْنَا لَهُ إِسْحَاقَ وَيَعْقُوبَ وَجَعَلْنَا فِي ذُرِّيَّتِهِ النُّبُوَّةَ وَالْكِتَابَ وَآتَيْنَاهُ أَجْرَهُ فِي الدُّنْيَا ۖ وَإِنَّهُ فِي الْآخِرَةِ لَمِنَ الصَّالِحِينَ (27)

(૨૭) અને અમોએ તેને ઇસ્હાક તથા યાકૂબ આપ્યા અને તેમની નસ્લમાં નબુવ્વત અને કિતાબ રાખી અને દુનિયામાં તેને બદલો આપ્યો અને આખેરતમાં તે નેક કિરદારોમાં હશે.

وَلُوطًا إِذْ قَالَ لِقَوْمِهِ إِنَّكُمْ لَتَأْتُونَ الْفَاحِشَةَ مَا سَبَقَكُمْ بِهَا مِنْ أَحَدٍ مِنَ الْعَالَمِينَ (28)

(૨૮) અને પછી લૂતને યાદ કરો જ્યારે તેણે પોતાની કોમને કહ્યું કે બેશક તમે એવી બદકારી કરો છો કે જેવી તમારી પહેલાં આખી દુનિયામાં કોઈએ નથી કરી!

أَئِنَّكُمْ لَتَأْتُونَ الرِّجَالَ وَتَقْطَعُونَ السَّبِيلَ وَتَأْتُونَ فِي نَادِيكُمُ الْمُنْكَرَ ۖ فَمَا كَانَ جَوَابَ قَوْمِهِ إِلَّا أَنْ قَالُوا ائْتِنَا بِعَذَابِ اللَّهِ إِنْ كُنْتَ مِنَ الصَّادِقِينَ(29)

(૨૯) તમો (જાતીય સંબંધ માટે) મર્દો પાસે જાવ છો અને (નસ્લનો) રસ્તો કાપો છો અને તમારી મહેફિલોમાં ખરાબ કાર્યો કરો છો, તો તેની કોમ પાસે આ સિવાય કંઇ જવાબ ન હતો કે જો તમે સાચાઓમાંથી છો તો અલ્લાહનો અઝાબ લઈ આવો.

قَالَ رَبِّ انْصُرْنِي عَلَى الْقَوْمِ الْمُفْسِدِينَ (30)

(૩૦) (લૂતે) કહ્યું પરવરદિગાર ! તું આ ફસાદ ફેલાવનાર કોમની સામે મારી મદદ કર.

وَلَمَّا جَاءَتْ رُسُلُنَا إِبْرَاهِيمَ بِالْبُشْرَىٰ قَالُوا إِنَّا مُهْلِكُو أَهْلِ هَٰذِهِ الْقَرْيَةِ ۖ إِنَّ أَهْلَهَا كَانُوا ظَالِمِينَ (31)

(૩૧) અને જયારે અમારા ફરિશ્તા ઇબ્રાહીમ પાસે બશારત લઈને આવ્યા અને તેઓએ કહ્યુ કે અમે આ વસ્તીઓમાં રેહનાર લોકોને હલાક કરનાર છીએ કારણ કે આ વસ્તીના લોકો ઝાલિમ છે

قَالَ إِنَّ فِيهَا لُوطًا ۚ قَالُوا نَحْنُ أَعْلَمُ بِمَنْ فِيهَا ۖ لَنُنَجِّيَنَّهُ وَأَهْلَهُ إِلَّا امْرَأَتَهُ كَانَتْ مِنَ الْغَابِرِينَ (32)

(૩૨) (ઇબ્રાહિમે) કહ્યું કે તેમાં લૂત છે! તેઓએ કહ્યું કે જે કોઇ તેમાં છે તેનાથી અમે સારી રીતે વાકેફ છીએ, અમે તેને તથા તેના ઘરવાળાઓને બચાવી લઇશું, સિવાય કે તેમની ઔરત કે જે પાછળ રહી જનારાઓમાંથી છે.

وَلَمَّا أَنْ جَاءَتْ رُسُلُنَا لُوطًا سِيءَ بِهِمْ وَضَاقَ بِهِمْ ذَرْعًا وَقَالُوا لَا تَخَفْ وَلَا تَحْزَنْ ۖ إِنَّا مُنَجُّوكَ وَأَهْلَكَ إِلَّا امْرَأَتَكَ كَانَتْ مِنَ الْغَابِرِينَ (33)

(૩૩) અને જયારે અમારા ફરિશ્તાઓ લૂત પાસે આવ્યા, ત્યારે લૂત તેમને જોઈને પરેશાન અને દિલ તંગ થયા, તેઓએ કહ્યું કે તમે ન ડરો અને ગમગીન ન થાઓ, બેશક અમે તમને તથા તમારા ઘરવાળાઓને બચાવી લઈશું સિવાય તારી ઔરત જે પાછળ રહી જનારાઓમાંથી છે.

إِنَّا مُنْزِلُونَ عَلَىٰ أَهْلِ هَٰذِهِ الْقَرْيَةِ رِجْزًا مِنَ السَّمَاءِ بِمَا كَانُوا يَفْسُقُونَ (34)

(૩૪) અમે આ વસ્તી ઉપર અઝાબ નાઝિલ કરનારાઓ છીએ કારણ કે તેઓ બદકારી કરી રહ્યા છે.

وَلَقَدْ تَرَكْنَا مِنْهَا آيَةً بَيِّنَةً لِقَوْمٍ يَعْقِلُونَ (35)

(૩૫) અને અમોએ આ વસ્તીમાંથી વિચાર કરનારાઓ માટે ખુલ્લી નિશાનીઓ બાકી રાખી છે.

وَإِلَىٰ مَدْيَنَ أَخَاهُمْ شُعَيْبًا فَقَالَ يَا قَوْمِ اعْبُدُوا اللَّهَ وَارْجُوا الْيَوْمَ الْآخِرَ وَلَا تَعْثَوْا فِي الْأَرْضِ مُفْسِدِينَ (36)

(૩૬) અને અમોએ મદયન તરફ તેમના ભાઈ શોએબને મોકલ્યા હતા, તેમણે કહ્યું કે અય લોકો અલ્લાહની ઇબાદત કરો અને આખેરતના દિવસ માટે ઉમેદવાર રહો અને ઝમીન પર ફસાદની કોશિશ ન કરો.

فَكَذَّبُوهُ فَأَخَذَتْهُمُ الرَّجْفَةُ فَأَصْبَحُوا فِي دَارِهِمْ جَاثِمِينَ (37)

(૩૭) પરંતુ તેઓએ તેને (શોએબ)ને જૂઠલાવ્યો જેથી તેમને એક ઝલઝલાએ ઝડપી લીધા અને સવારમાં તેઓ તેમના ઘરોમાં ઊંધા માથે લાશ બની પડયા રહ્યા.

وَعَادًا وَثَمُودَ وَقَدْ تَبَيَّنَ لَكُمْ مِنْ مَسَاكِنِهِمْ ۖ وَزَيَّنَ لَهُمُ الشَّيْطَانُ أَعْمَالَهُمْ فَصَدَّهُمْ عَنِ السَّبِيلِ وَكَانُوا مُسْتَبْصِرِينَ (38)

(૩૮) અને આદ અને સમૂદને યાદ કરો, કે જેમના (વિરાન) ઘરો તમારા માટે જાહેર થઇ ગયા છે અને શયતાને તેમના કાર્યોને તેમના માટે શોભીતા બનાવી દીધા હતા અને તેમને (હક) રસ્તાથી અટકાવી દીધા હતા, જો કે તેઓ (હક) સમજતા હતા:(અને હલાક થઇ ગયા)

وَقَارُونَ وَفِرْعَوْنَ وَهَامَانَ ۖ وَلَقَدْ جَاءَهُمْ مُوسَىٰ بِالْبَيِّنَاتِ فَاسْتَكْبَرُوا فِي الْأَرْضِ وَمَا كَانُوا سَابِقِينَ (39)

(૩૯) અને કારૂન, ફિરઓન તથા હામાન ને (પણ હલાક કર્યા) કે જેમની પાસે મૂસા વાઝેહ દલીલો લઈને આવ્યા હતા, પરંતુ તેમણે ઝમીનમાં ઘમંડ કર્યો, જોકે તેઓ (અમારી પકડથી) આગળ નીકળી ન શક્યા.

فَكُلًّا أَخَذْنَا بِذَنْبِهِ ۖ فَمِنْهُمْ مَنْ أَرْسَلْنَا عَلَيْهِ حَاصِبًا وَمِنْهُمْ مَنْ أَخَذَتْهُ الصَّيْحَةُ وَمِنْهُمْ مَنْ خَسَفْنَا بِهِ الْأَرْضَ وَمِنْهُمْ مَنْ أَغْرَقْنَا ۚ وَمَا كَانَ اللَّهُ لِيَظْلِمَهُمْ وَلَٰكِنْ كَانُوا أَنْفُسَهُمْ يَظْلِمُونَ (40)

(૪૦) પછી અમોએ દરેકને તેના ગુનાહના કારણે પકડી લીધા, તેઓમાંના અમુક પર પત્થરોના વરસાદ કર્યો અને અમુકને ગર્જનાએ (અવાજે) પકડી લીધા અને અમુકને ઝમીન ગળી ગઇ અને અમુકને (પાણીમાં) ડૂબાડી દીધા અને અલ્લાહ તેઓના ઉપર ઝુલ્મ નથી કરતો, પરંતુ તેઓ ખુદ પોતાના નફસો પર ઝુલ્મ કરતા હતા.

مَثَلُ الَّذِينَ اتَّخَذُوا مِنْ دُونِ اللَّهِ أَوْلِيَاءَ كَمَثَلِ الْعَنْكَبُوتِ اتَّخَذَتْ بَيْتًا ۖ وَإِنَّ أَوْهَنَ الْبُيُوتِ لَبَيْتُ الْعَنْكَبُوتِ ۖ لَوْ كَانُوا يَعْلَمُونَ (41)

(૪૧) જેઓએ અલ્લાહ સિવાય બીજાઓને પોતાના સરપરસ્ત બનાવ્યા છે, તેમનો દાખલો એક કરોળીયા જેવો છે કે જેણે ઘર પસંદ કર્યુ જો તેઓ જાણતા હોય તો સૌથી નબળુ ઘર કરોળીયાનુ છે.

إِنَّ اللَّهَ يَعْلَمُ مَا يَدْعُونَ مِنْ دُونِهِ مِنْ شَيْءٍ ۚ وَهُوَ الْعَزِيزُ الْحَكِيمُ (42)

(૪૨) બેશક આ લોકો અલ્લાહ સિવાય જેને પોકારે છે તેને અલ્લાહ જાણે છે અને તે જબરદસ્ત હિકમતવાળો છે.

وَتِلْكَ الْأَمْثَالُ نَضْرِبُهَا لِلنَّاسِ ۖ وَمَا يَعْقِلُهَا إِلَّا الْعَالِمُونَ (43)

(૪૩) અને આ દાખલાઓ અમો તમામ આલમે ઇન્સાનીયત માટે બયાન કરી રહ્યા છીએ, પરંતુ તેને કોઇ સમજતું નથી. સિવાય કે જેઓ ઇલ્મ રાખે છે.

خَلَقَ اللَّهُ السَّمَاوَاتِ وَالْأَرْضَ بِالْحَقِّ ۚ إِنَّ فِي ذَٰلِكَ لَآيَةً لِلْمُؤْمِنِينَ (44)

(૪૪) અલ્લાહે આસમાનો તથા ઝમીનને હક સાથે પૈદા કર્યા છે; બેશક તેમાં ઈમાન લાવનારાઓ માટે નિશાની મોજૂદ છે

اتْلُ مَا أُوحِيَ إِلَيْكَ مِنَ الْكِتَابِ وَأَقِمِ الصَّلَاةَ ۖ إِنَّ الصَّلَاةَ تَنْهَىٰ عَنِ الْفَحْشَاءِ وَالْمُنْكَرِ ۗ وَلَذِكْرُ اللَّهِ أَكْبَرُ ۗ وَاللَّهُ يَعْلَمُ مَا تَصْنَعُونَ (45)

(૪૫) તારા તરફ જે કિતાબની વહી કરવામાં આવી છે તેને તિલાવત કર અને નમાઝ કાએમ કર કારણ કે નમાઝ બૂરાઈ અને બદકારીથી રોકે છે અને અલ્લાહનો ઝિક્ર મહાન છે અને અલ્લાહ તમે જે કાંઈ અંજામ આપો છો તે જાણે છે.

وَلَا تُجَادِلُوا أَهْلَ الْكِتَابِ إِلَّا بِالَّتِي هِيَ أَحْسَنُ إِلَّا الَّذِينَ ظَلَمُوا مِنْهُمْ ۖ وَقُولُوا آمَنَّا بِالَّذِي أُنْزِلَ إِلَيْنَا وَأُنْزِلَ إِلَيْكُمْ وَإِلَٰهُنَا وَإِلَٰهُكُمْ وَاحِدٌ وَنَحْنُ لَهُ مُسْلِمُونَ (46)

(૪૬) અને એહલેકિતાબની સાથે વાદવિવાદ ન કરો, સિવાય કે બહેતરીન અંદાઝમાં, પરંતુ તેઓમાંથી જેમણે ઝૂલ્મ કર્યો હોય (તેઓને) કહો કે અમે તેના ઉપર ઈમાન લાવ્યા છીએ જે અમારા તરફ અને તમારા તરફ નાઝિલ કરવામાં આવ્યું છે અને અમારો અને તમારો ખુદા એક જ છે અને અમે તેની જ ઇતાઅત કરીએ છીએ.

وَكَذٰلِكَ أَنْزَلْنَا إِلَيْكَ الْكِتَابَ ۚ فَالَّذِينَ آتَيْنَاهُمُ الْكِتَابَ يُؤْمِنُونَ بِهِ ۖ وَمِنْ هٰؤُلَاءِ مَنْ يُؤْمِنُ بِهِ ۚ وَمَا يَجْحَدُ بِآيَاتِنَا إِلَّا الْكَافِرُونَ (47)

(૪૭) અને આ રીતે, અમોએ તારી તરફ આ કિતાબ નાઝિલ કરી છે; અને જે લોકોને અમોએ કિતાબ આપી છે; તેઓ આ (કુરાન) ઉપર પણ ઈમાન લાવે છે; અને તેઓ માંથી પણ અમુક તેના પર ઈમાન લાવે છે; અને કાફીરો સિવાય અમારી આયતોનો કોઇ ઈન્કાર કરતું નથી.

وَمَا كُنْتَ تَتْلُو مِنْ قَبْلِهِ مِنْ كِتَابٍ وَلَا تَخُطُّهُ بِيَمِينِكَ ۖ إِذًا لَارْتَابَ الْمُبْطِلُونَ (48)

(૪૮) અને અય પયગંબર! હરગિઝ તમે આ કુરાનની પહેલા ન કોઇ કિતાબ પઢતા હતા અને ન તમારા હાથ વડે કંઈ લખતા હતા. નહિતર અહલે બાતિલ શકમાં પડી જાત.

بَلْ هُوَ آيَاتٌ بَيِّنَاتٌ فِي صُدُورِ الَّذِينَ أُوتُوا الْعِلْمَ ۚ وَمَا يَجْحَدُ بِآيَاتِنَا إِلَّا الظَّالِمُونَ (49)

(૪૯) બલ્કે આ કુરાનમાં રોશન આયતો છે અને જેમને ઇલ્મ આપવામાં આવ્યું છે તેઓના દિલોમાં (સલામત) છે અને અમારી આયતોને ઝાલીમો સિવાય કોઇ ઝૂથલાવતું નથી

وَقَالُوا لَوْلَا أُنْزِلَ عَلَيْهِ آيَاتٌ مِنْ رَبِّهِ ۖ قُلْ إِنَّمَا الْآيَاتُ عِنْدَ اللَّهِ وَإِنَّمَا أَنَا نَذِيرٌ مُبِينٌ (50)

(૫૦) અને તેઓ કહે છે કે તેના પર તેના પરવરદિગાર તરફથી નિશાનીઓ શા માટે નાઝિલ કરવામાં નથી આવી? તું કહે કે નિશાનીઓ ફકત અલ્લાહની પાસે છે; અને હું ફકત એક ખુલ્લો ડરાવનારો છું.

قُلْ كَفَىٰ بِاللَّهِ بَيْنِي وَبَيْنَكُمْ شَهِيدًا ۖ يَعْلَمُ مَا فِي السَّمَاوَاتِ وَالْأَرْضِ ۗ وَالَّذِينَ آمَنُوا بِالْبَاطِلِ وَكَفَرُوا بِاللَّهِ أُولَٰئِكَ هُمُ الْخَاسِرُونَ (51)

(૫૧) શું તેમના માટે આ પૂરતું નથી કે અમોએ તારા ઉપર કિતાબ નાઝિલ કરી છે. જેની તિલાવત તેમની સામે કરવામાં આવે છે. બેશક, જે લોકો ઈમાન રાખે છે તેમના માટે તેમાં રહેમત અને ઝિક્ર છે.

وَيَسْتَعْجِلُونَكَ بِالْعَذَابِ ۚ وَلَوْلَا أَجَلٌ مُسَمًّى لَجَاءَهُمُ الْعَذَابُ وَلَيَأْتِيَنَّهُمْ بَغْتَةً وَهُمْ لَا يَشْعُرُونَ (52)

(૫૨) તું કહે કે અમારી અને તમારી વચ્ચે ગવાહ તરીકે અલ્લાહ પૂરતો છે, જે આસમાનો તથા ઝમીનમાં જે કાંઇ છે તેનાથી વાકેફ છે, અને જે લોકો બાતિલ પર ઈમાન રાખે છે અને અલ્લાહનો ઇન્કાર કરે છે તેઓ જ નુકસાન ભોગવનારા છે.

يَسْتَعْجِلُونَكَ بِالْعَذَابِ وَإِنَّ جَهَنَّمَ لَمُحِيطَةٌ بِالْكَافِرِينَ (53)

(૫૩) અને તેઓ અઝાબ માટે ઉતાવળ કરે છે, જો તેનો સમય નક્કી ન હોત તો તે (અઝાબ) આવી જાત અને તે જરૂર આવશે, અચાનક આવશે અને ત્યારે તેઓ સમજી નહિં શકે.

يَسْتَعْجِلُونَكَ بِالْعَذَابِ وَإِنَّ جَهَنَّمَ لَمُحِيطَةٌ بِالْكَافِرِينَ (54)

(૫૪) તેઓ તારી પાસે અઝાબ માટે ઉતાવળ કરે છે; જો કે જહન્નમે ઈન્કાર કરનારાઓને ઘેરી લીધેલ છે :

يَوْمَ يَغْشَاهُمُ الْعَذَابُ مِنْ فَوْقِهِمْ وَمِنْ تَحْتِ أَرْجُلِهِمْ وَيَقُولُ ذُوقُوا مَا كُنْتُمْ تَعْمَلُونَ (55)

(૫૫) તે દિવસે અઝાબ તેમને ઉપરથી અને પગ નીચેથી ઢાંકી લેશે અને કહેશે કે તમે જે (બૂરા) આમાલ કરતા હતા તે (ની મજા) ચાખો.

يَا عِبَادِيَ الَّذِينَ آمَنُوا إِنَّ أَرْضِي وَاسِعَةٌ فَإِيَّايَ فَاعْبُدُونِ (56)

(૫૬) અય મારા તે બંદાઓ કે જેઓ ઈમાન લાવ્યા છો ! બેશક મારી ઝમીન વિશાળ છે, માટે તમે મારી જ ઇબાદત કરો.

كُلُّ نَفْسٍ ذَائِقَةُ الْمَوْتِ ۖ ثُمَّ إِلَيْنَا تُرْجَعُونَ (57)

(૫૭) દરેક જીવ મૌતની મજા ચાખનાર છે; પછી તમો સર્વેને અમારી પાસે પાછા લાવવામાં આવશે.

وَالَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ لَنُبَوِّئَنَّهُمْ مِنَ الْجَنَّةِ غُرَفًا تَجْرِي مِنْ تَحْتِهَا الْأَنْهَارُ خَالِدِينَ فِيهَا ۚ نِعْمَ أَجْرُ الْعَامِلِينَ (58)

(૫૮) અને જે લોકો ઈમાન લાવ્યા તથા નેક આમાલ કર્યા, તેમને અમે જન્નતમાં બુલંદ અને બેહતર જગ્યા ઉપર મોહ્લ્લાઓ આપીશું કે જેની નીચે નદીઓ વહેતી હશે, અને તેઓ હંમેશા તેમાં જ રહેશે. કેવો બહેતરીન બદલો છે અમલ કરનારાઓ માટે

الَّذِينَ صَبَرُوا وَعَلَىٰ رَبِّهِمْ يَتَوَكَّلُونَ (59)

(૫૯) જેઓ સબ્ર કરે છે અને પોતાના પરવરદિગાર પર આધાર રાખે છે.

وَكَأَيِّنْ مِنْ دَابَّةٍ لَا تَحْمِلُ رِزْقَهَا اللّٰهُ يَرْزُقُهَا وَإِيَّاكُمْ ۚ وَهُوَ السَّمِيعُ الْعَلِيمُ (60)

(૬૦) અને કેટલાય જીવો (જાનવર) એવા છે કે જેઓ પોતાનો ખોરાક ઊંચકી શકતા નથી પરંતુ અલ્લાહ તેમને અને તમો સર્વેને રોઝી આપે છે અને તે સાંભળનાર અને જાણનાર છે.

وَلَئِنْ سَأَلْتَهُمْ مَنْ خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ لَيَقُولُنَّ اللّٰهُ ۖ فَأَنَّىٰ يُؤْفَكُونَ (61)

(૬૧) જો તું એમને સવાલ કરે કે આસમાનો અને ઝમીનને કોણે પેદા કર્યા છે? અને સૂરજ તથા ચાંદ કોણે તાબે કર્યા છે? તો તેઓ જરૂર કહેશે કે અલ્લાહે પછી તેઓ કેવી રીતે બહેકી જાય છે?

اللّٰهُ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَشَاءُ مِنْ عِبَادِهِ وَيَقْدِرُ لَهُ ۚ إِنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ عَلِيمٌ (62)

(૬૨) અલ્લાહ પોતાના બંદાઓમાંથી જેના માટે ચાહે છે રોઝી વિશાળ કરી દે છે અને જેના માટે ચાહે છે તંગ કરી નાખે છે; બેશક અલ્લાહ દરેક વસ્તુથી વાકેફ છે.

وَلَئِنْ سَأَلْتَهُمْ مَنْ نَزَّلَ مِنَ السَّمَاءِ مَاءً فَأَحْيَا بِهِ الْأَرْضَ مِنْ بَعْدِ مَوْتِهَا لَيَقُولُنَّ اللّٰهُ ۚ قُلِ الْحَمْدُ لِلّٰهِ ۚ بَلْ أَكْثَرُهُمْ لَا يَعْقِلُونَ (63)

(૬૩) અને જો તું તેમને પૂછે કે આસમાન પરથી પાણી કોણે વરસાવ્યું? પછી તે વડે મરણ પામેલી ઝમીનને ફરી જીવંત કોણે કરી? તો તેઓ કહેશે કે અલ્લાહે; તું કહે કે બધા વખાણ અલ્લાહ માટે જ છે; પરંતુ તેઓમાંના ઘણા ખરા સમજતા નથી.

وَمَا هَٰذِهِ الْحَيَاةُ الدُّنْيَا إِلَّا لَهْوٌ وَلَعِبٌ ۚ وَإِنَّ الدَّارَ الْآخِرَةَ لَهِيَ الْحَيَوَانُ ۚ لَوْ كَانُوا يَعْلَمُونَ (64)

(૬૪) અને આ દુનિયાનું જીવન રમત ગમત સિવાય કાંઇ જ નથી; અને જો તેઓ જાણતા હોય તો હકીકતમાં જીવન આખેરતના ઘરમાં છે

فَإِذَا رَكِبُوا فِي الْفُلْكِ دَعَوُا اللَّهَ مُخْلِصِينَ لَهُ الدِّينَ فَلَمَّا نَجَّاهُمْ إِلَى الْبَرِّ إِذَا هُمْ يُشْرِكُونَ (65)

(૬૫) પછી જ્યારે તેઓ કશ્તીમાં સવાર થાય છે ત્યારે ઈમાન અને અકીદા સાથે ખુલુસથી અલ્લાહને પોકારે છે, પછી જેવુ તેમને ખુશ્કી (જમીન) સુધી નજાત આપી દેવામા આવે છે તેવા તરત જ શિર્ક કરવા લાગી જાય છેઃ

لِيَكْفُرُوا بِمَا آتَيْنَاهُمْ وَلِيَتَمَتَّعُوا۟ ۖ فَسَوْفَ يَعْلَمُونَ (66)

(૬૬) અમોએ તેમને જે કાંઇ આપ્યું છે તેનો ઇન્કાર કરે અને (દુનિયામાં) મજા મેળવી લે; પરંતુ તેનો અંજામ તેઓ જલ્દી જાણી લેશે.

أَوَلَمْ يَرَوْا أَنَّا جَعَلْنَا حَرَمًا آمِنًا وَيُتَخَطَّفُ النَّاسُ مِنْ حَوْلِهِمْ ۚ أَفَبِالْبَاطِلِ يُؤْمِنُونَ وَبِنِعْمَةِ اللَّهِ يَكْفُرُونَ (67)

(૬૭) શું તેઓએ નથી જોયું કે અમોએ તેમના માટે (મક્કાને) માનવંત સલામતીવાળી જગ્યા બનાવી છે કે જેની ચારો તરફથી લોકોને ઊંચકી લેવામાં આવે છે તો પણ શું તેઓ બાતિલ પર ઈમાન લાવશે અને અલ્લાહની નેઅમતનો ઇન્કાર કરશે?

وَمَنْ أَظْلَمُ مِمَّنِ افْتَرَىٰ عَلَى اللَّهِ كَذِبًا أَوْ كَذَّبَ بِالْحَقِّ لَمَّا جَاءَهُ ۚ أَلَيْسَ فِي جَهَنَّمَ مَثْوًى لِلْكَافِرِينَ (68)

(૬૮) અને તેનાથી મોટો ઝાલિમ કોણ હશે કે જે અલ્લાહ તરફ જૂઠી નિસ્બત આપે અથવા હક આવી જવા પછી તેને જૂઠલાવે, શું જહન્નમમાં નાસ્તિકનું ઠેકાણું નથી?

وَالَّذِينَ جَاهَدُوا فِينَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا ۚ وَإِنَّ اللَّهَ لَمَعَ الْمُحْسِنِينَ (69)

(૬૯) અને જેઓ અમારી રાહમાં જેહાદ કરે છે જરૂર અમો તેમને અમારા રસ્તાઓની હિદાયત કરશું અને હકીકતમાં અલ્લાહ નેક આમાલ કરવાવાળાઓની સાથે છે.

સુરે રૂમની ફઝીલત

આ સૂરો મક્કામાં નાઝિલ થયો છે અને તેમાં ૬૦ આયતો છે. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે ; આ સુરો પઢવાનો સવાબ એટલો છે કે જાણે જમીન અને આકાશ વચ્ચે રહેલા તમામ ફરિશ્તાઓ જે સતત અલ્લાહની હમ્દ અને વખાણ કરે તેની સંખ્યા કરતા દસ ગણો સવાબ મળે છે. હઝરત ઇમામ જાફરે સાદિક અલયિહસ્સલામે ફરમાવે છે: જે વ્યક્તિ સુરે રૂમ અને સુરે અન્કબૂત ને શબે જુમ્મા ના પડશે તો તે અહલે જન્નતમાંથી ગણાશે.

સુરે રૂમ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ કરૂ છુ અલ્લાહના નામથી જે ઘણો મહેરબાન અને બહુજ રહેમ કરવા વાળો છે

الٓمٓ (1)

(૧) અલીફ લામ મીમ.

غُلِبَتِ الرُّومُ (2)

(૨) રૂમવાળા પરાજીત થઇ ગયા.

فِي أَدْنَى الْأَرْضِ وَهُمْ مِنْ بَعْدِ غَلَبِهِمْ سَيَغْلِبُونَ (3)

(૩) પાસેની ઝમીનમાં, તેઓ પરાજય થવા બાદ ટૂંક સમયમાં પાછા વિજય મેળવશે :

فِي بِضْعِ سِنِينَ ۗ لِلَّهِ الْأَمْرُ مِنْ قَبْلُ وَمِنْ بَعْدُ ۚ وَيَوْمَئِذٍ يَفْرَحُ الْمُؤْمِنُونَ (4)

(૪) થોડાક વર્ષોમાં કામ્યાબી પહેલા તથા પછી દરેક કામ અલ્લાહના હાથમાં જ છે અને તે દિવસે ઈમાનવાળા ખુશ થશે:

بِنَصْرِ اللّٰهِ ۚ يَنْصُرُ مَنْ يَشَاءُ ۖ وَهُوَ الْعَزِيزُ الرَّحِيمُ (5)

(૫) અલ્લાહની મદદથી અલ્લાહ જેને ચાહે છે મદદ કરે છે અને તે જબરદસ્ત મહેરબાન છેઃ

وَعْدَ اللّٰهِ ۖ لَا يُخْلِفُ اللّٰهُ وَعْدَهُ وَلٰكِنَّ أَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُونَ (6)

(૬) આ અલ્લાહનો વાયદો છે; અલ્લાહ હરગિઝ પોતાના વાયદાની ખિલાફ નથી કરતો, પરંતુ ઘણાંખરા લોકો જાણતા નથી.

يَعْلَمُونَ ظَاهِرًا مِنَ الْحَيَاةِ الدُّنْيَا وَهُمْ عَنِ الْآخِرَةِ هُمْ غَافِلُونَ (7)

(૭) તેઓ ફકત દુનિયાના જાહેરી જીવનને જાણે છે અને આખેરતથી તેઓ બિલ્કુલ ગાફિલ છે અને ભૂલી ગયા છે.

أَوَلَمْ يَتَفَكَّرُوا فِي أَنْفُسِهِمْ ۗ مَا خَلَقَ اللَّهُ السَّمَاوَاتِ وَالْأَرْضَ وَمَا بَيْنَهُمَا إِلَّا بِالْحَقِّ وَأَجَلٍ مُسَمًّى ۗ وَإِنَّ كَثِيرًا مِنَ النَّاسِ بِلِقَاءِ رَبِّهِمْ لَكَافِرُونَ (8)

(૮) શું તેઓ પોતાની જાતમાં વિચાર નથી કરતા કે અલ્લાહે આસમાનો તથા ઝમીન અને જે કાંઇ તેમની વચ્ચે છે તેને ખલ્ક નથી કર્યું સિવાય કે હકની સાથે. અને ચોક્કસ મુદ્દત માટે જો કે લોકોમાં ઘણાંખરા પોતાના પરવરદિગારની મુલાકાતનો ઈન્કાર કરનારા છે.

أَوَلَمْ يَسِيرُوا فِي الْأَرْضِ فَيَنْظُرُوا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِينَ مِنْ قَبْلِهِمْ ۚ كَانُوا أَشَدَّ مِنْهُمْ قُوَّةً وَأَثَارُوا الْأَرْضَ وَعَمَرُوهَا أَكْثَرَ مِمَّا عَمَرُوهَا وَجَاءَتْهُمْ رُسُلُهُمْ بِالْبَيِّنَاتِ ۖ فَمَا كَانَ اللَّهُ لِيَظْلِمَهُمْ وَلَٰكِنْ كَانُوا أَنْفُسَهُمْ يَظْلِمُونَ (9)

(૯) અને શું તેઓએ ઝમીનમાં મુસાફરી નથી કરી કે તેઓ જૂએ કે તેમની અગાઉવાળાઓનો અંજામ કેવો થયો હતો? તેઓ તેમના કરતાં વધારે તાકતવર હતા, અને ઝમીનને ખેડીને તેમના કરતાંય વધુ આબાદ કરી હતી, અને તેમના પાસે અમારા રસૂલો વાઝેહ નિશાનીઓ લઈને આવ્યા હતા; અને હરગિઝ ખુદાએ પોતાના બંદાઓ ઉપર ઝુલ્મ નથી કર્યો પરંતુ લોકો પોતાના નફસ ઉપર ઝુલ્મ કરતા હતા.

ثُمَّ كَانَ عَاقِبَةَ الَّذِينَ أَسَاءُوا السُّوأَىٰ أَنْ كَذَّبُوا بِآيَاتِ اللَّهِ وَكَانُوا بِهَا يَسْتَهْزِئُونَ (10)

(૧૦) પછી જેમણે બૂરાઇ કરી હતી તેમનું પરિણામ પણ ખરાબ આવ્યુ કે તેઓ અલ્લાહની નિશાનીઓ જૂઠલાવીને તેમની મજાક કરતા હતા.

اللّٰهُ يَبْدَأُ الْخَلْقَ ثُمَّ يُعِيدُهُ ثُمَّ إِلَيْهِ تُرْجَعُونَ (11)

(૧૧) અલ્લાહ ખિલ્કતની શરૂઆત કરે છે પછી તેને પલટાવશે પછી તેની તરફ તમોને પાછા ફેરવવામાં આવશે.

وَيَوْمَ تَقُومُ السَّاعَةُ يُبْلِسُ الْمُجْرِمُونَ (12)

(૧૨) અને જે દિવસે ક્યામત કાયમ થશે ત્યારે ગુનેહગાર લોકો માયુસ બની રહી જશે.

وَلَمْ يَكُنْ لَهُمْ مِنْ شُرَكَائِهِمْ شُفَعَاءُ وَكَانُوا بِشُرَكَائِهِمْ كَافِرِينَ (13)

(૧૩) અને તેઓના (બનાવટી) શરીકોમાંથી કોઈ શફાઅત કરનાર નહી બને અને તેઓ (બનાવટી) શરીકોનો ઈન્કાર કરનાર બની જશે.

وَيَوْمَ تَقُومُ السَّاعَةُ يَوْمَئِذٍ يَتَفَرَّقُونَ (14)

(૧૪) અને જે દિવસે કયામત કાયમ થશે (મોઅમીન અને નાસ્તિક) અલગ અલગ ભાગલાઓમાં વહેંચાઇ જશે.

فَأَمَّا الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ فَهُمْ فِي رَوْضَةٍ يُحْبَرُونَ (15)

(૧૫) પછી જે લોકો ઈમાન લાવ્યા અને નેક આમાલ કર્યા તેઓ જન્નતમાં ખુશહાલ હશે

وَأَمَّا الَّذِينَ كَفَرُوا وَكَذَّبُوا بِآيَاتِنَا وَلِقَاءِ الْآخِرَةِ فَأُولَٰئِكَ فِي الْعَذَابِ مُحْضَرُونَ (16)

(૧૬) અને જેઓએ ઇન્કાર કર્યો અને અમારી આયતોને તથા કયામતના દિવસની મુલાકાતને જૂઠલાવી છે તેઓને અઝાબ વખતે હાજર કરવામાં આવશે.

فَسُبْحَانَ اللّٰهِ حِينَ تُمْسُونَ وَحِينَ تُصْبِحُونَ (17)

(૧૭) માટે તમે પરવરદિગારની તસ્બીહ કરો જયારે તમારી સાંજ પડે તથા સવાર પડે.

وَلَهُ الْحَمْدُ فِي السَّمَاوَاتِ وَالْأَرْضِ وَعَشِيًّا وَحِينَ تُظْهِرُونَ (18)

(૧૮) અને ઝમીન અને આસમાનમાં વખાણ તેના માટે જ છે સાંજના સમયે તથા જ્યારે તમારો બપોરનો સમય થાય. (અલ્લાહની હમ્દ કરો)

يُخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ وَيُخْرِجُ الْمَيِّتَ مِنَ الْحَيِّ وَيُحْيِي الْأَرْضَ بَعْدَ مَوْتِهَا ۚ وَكَذَٰلِكَ تُخْرَجُونَ (19)

(૧૯) તે જીવતાને મુર્દા માંથી નીકાળે છે અને મુર્દાને જીવતા માંથી કાઢે છે અને ઝમીનને મોત આવ્યા બાદ ફરી જીવંત કરે છે; અને એ જ રીતે એક દિવસ તમને (કબ્રોમાંથી) નિકાળવામાં આવશે.

وَمِنْ آيَاتِهِ أَنْ خَلَقَكُمْ مِنْ تُرَابٍ ثُمَّ إِذَا أَنْتُمْ بَشَرٌ تَنْتَشِرُونَ (20)

(૨૦) અને તેની નિશાનીઓમાંથી છે કે તેણે તમને માટીમાંથી પેદા કર્યા પછી તમે ઇન્સાન(ની શકલ)માં ફેલાઇ ગયા.

وَمِنْ آيَاتِهِ أَنْ خَلَقَ لَكُمْ مِنْ أَنْفُسِكُمْ أَزْوَاجًا لِتَسْكُنُوا إِلَيْهَا وَجَعَلَ بَيْنَكُمْ مَوَدَّةً وَرَحْمَةً ۚ إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ لِقَوْمٍ يَتَفَكَّرُونَ (21)

(૨૧) અને તેની નિશાનીઓમાંથી છે કે તેણે તમારામાંથી તમારા માટે જીવનસાથીને બનાવી જેથી તમે તેણીની પાસે સુકુન મેળવો. તેણે તમારા વચ્ચે મોહબ્બત અને મહેરબાની રાખી બેશક તેમાં ગૌરો ફીક્ર કરનાર માટે નિશાનીઓ છે

وَمِنْ آيَاتِهِ خَلْقُ السَّمَاوَاتِ وَالْأَرْضِ وَاخْتِلَافُ أَلْسِنَتِكُمْ وَأَلْوَانِكُمْ ۚ إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ لِلْعَالِمِينَ (22)

(૨૨) અને તેની નિશાનીઓમાંથી આસમાનો તથા ઝમીનની ખિલ્કત તથા તમારી ભાષાઓ તથા રંગોનું અલગ અલગ હોવું છે બેશક ઇલ્મ રાખનારાઓ માટે તેમાં નિશાનીઓ છે.

وَمِنْ آيَاتِهِ مَنَامُكُمْ بِاللَّيْلِ وَالنَّهَارِ وَابْتِغَاؤُكُمْ مِنْ فَضْلِهِ ۚ إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ لِقَوْمٍ يَسْمَعُونَ (23)

(૨૩) અને તેની નિશાનીઓમાંથી છે કે તમે રાત્રે આરામ કરો છો અને દિવસે ખુદાના ફઝલ(રીઝ્ક)ને તલાશ કરો છો તેમાં (હક) સાંભળનારી કોમ માટે નિશાનીઓ છે.

وَمِنْ آيَاتِهِ يُرِيكُمُ الْبَرْقَ خَوْفًا وَطَمَعًا وَيُنَزِّلُ مِنَ السَّمَاءِ مَاءً فَيُحْيِي بِهِ الْأَرْضَ بَعْدَ مَوْتِهَا ۚ إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ لِقَوْمٍ يَعْقِلُونَ (24)

(૨૪) અને તેની નિશાનીઓમાંથી છે કે તમને વીજળી દેખાડે છે તમારા ડર અને ઊમ્મીદનું કારણ બને છે તથા આસમાનથી પાણી વરસાવે છે જેના વડે મુર્દા ઝમીનને જીવંત કરે છે બેશક તેમાં જેઓ વિચારે છે તેમના માટે નિશાનીઓ છે.

وَمِنْ آيَاتِهِ أَنْ تَقُومَ السَّمَاءُ وَالْأَرْضُ بِأَمْرِهِ ۚ ثُمَّ إِذَا دَعَاكُمْ دَعْوَةً مِنَ الْأَرْضِ إِذَا أَنْتُمْ تَخْرُجُونَ (25)

(૨૫) અને તેની નિશાનીઓમાંથી છે કે આસમાન તથા ઝમીન તેના હુકમથી કાયમ છે; (કયામતના દિવસે) ઝમીનમાંથી તમને પોકારશે એકાએક તમે બહાર નીકળી આવશો.

وَلَهُ مَنْ فِي السَّمَاوَاتِ وَالْأَرْضِ ۖ كُلٌّ لَهُ قَانِتُونَ (26)

(૨૬) અને જે કોઈ આસમાન તથા ઝમીનમાં છે તે અલ્લાહ નું છે અને સર્વે તેના તાબેદાર છે

وَهُوَ الَّذِي يَبْدَأُ الْخَلْقَ ثُمَّ يُعِيدُهُ وَهُوَ أَهْوَنُ عَلَيْهِ ۚ وَلَهُ الْمَثَلُ الْأَعْلَىٰ فِي السَّمَاوَاتِ وَالْأَرْضِ ۚ وَهُوَ الْعَزِيزُ الْحَكِيمُ (27)

(૨૭) તે એ જ છે કે જે ખિલ્કતની શરૂઆત કરે છે પછી તેને ફરી પૈદા કરશે, અને આ કાર્ય તેના માટે તદ્દન સહેલું છે અને તેના માટે જ આસમાનો તથા ઝમીનમાં બુલંદતરીન સિફાતો છે અને તે જબરદસ્ત અને હિકમતવાળો છે.

ضَرَبَ لَكُمْ مَثَلًا مِنْ أَنْفُسِكُمْ ۖ هَلْ لَكُمْ مِنْ مَا مَلَكَتْ أَيْمَانُكُمْ مِنْ شُرَكَاءَ فِي مَا رَزَقْنَاكُمْ فَأَنْتُمْ فِيهِ سَوَاءٌ تَخَافُونَهُمْ كَخِيفَتِكُمْ أَنْفُسَكُمْ ۚ كَذَٰلِكَ نُفَصِّلُ الْآيَاتِ لِقَوْمٍ يَعْقِلُونَ (28)

(૨૮) તમારા માટે તમારામાંથી જ મિસાલ આપે છે કે અમોએ આપેલા રિઝકમાં તમારા ગુલામોને ભાગીદાર બનાવો જેથી તમારા બરાબર થઇ જાય તમે તેઓ (ગુલામો)ની ભાગીદારીથી એવી રીતે ડરો છો જેવી રીતે તમે (આઝાદ લોકો) એકબીજાથી ડરતા હોવ (તો પછી ખુદા કેવી રીતે પોતાના બંદાઓને ભાગીદાર બનાવે) આ રીતે વિચાર કરનાર કોમ માટે અમારી નિશાનીઓ બયાન કરીએ છીએ.

بَلِ اتَّبَعَ الَّذِينَ ظَلَمُوا أَهْوَاءَهُمْ بِغَيْرِ عِلْمٍ ۖ فَمَنْ يَهْدِي مَنْ أَضَلَّ اللَّهُ ۖ وَمَا لَهُمْ مِنْ نَاصِرِينَ (29)

(૨૯) બલ્કે ઝાલિમો જેહાલતમાં પોતાની ઇચ્છાઓની પૈરવી કરે છે, જેને અલ્લાહ (ખરાબ અમલને કારણે) ગુમરાહ કરે છે તેને કોણ હિદાયત આપી શકે છે અને તેનો કોઇ મદદગાર પણ નથી હોતો.

فَأَقِمْ وَجْهَكَ لِلدِّينِ حَنِيفًا ۚ فِطْرَتَ اللَّهِ الَّتِي فَطَرَ النَّاسَ عَلَيْهَا ۚ لَا تَبْدِيلَ لِخَلْقِ اللَّهِ ۚ ذَٰلِكَ الدِّينُ الْقَيِّمُ وَلَٰكِنَّ أَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُونَ (30)

(૩૦) બસ તારૂ ધ્યાન દીને હક તરફ રાખ આ દીન અલ્લાહની ફિતરત છે કે જેના પર તેણે ઇન્સાનને પૈદા કર્યા છે અને અલ્લાહની ખિલ્કતમાં કોઇ ફેરફાર નથી બેશક આ જ સીધો અને મજબૂત દીન છે પરંતુ મોટા ભાગના લોકો નથી જાણતા.

مُنِيبِينَ إِلَيْهِ وَاتَّقُوهُ وَأَقِيمُوا الصَّلَاةَ وَلَا تَكُونُوا مِنَ الْمُشْرِكِينَ (31)

(૩૧) તમો બધાં પોતાની તવ્વજોહ (ધ્યાન) અલ્લાહ ની તરફ રાખો અને તેનાથી જ ડરો અને નમાઝ કાયમ કરો અને મુશરિકોમા નહિ થતા

مِنَ الَّذِينَ فَرَّقُوا دِينَهُمْ وَكَانُوا شِيَعًا ۖ كُلُّ حِزْبٍ بِمَا لَدَيْهِمْ فَرِحُونَ (32)

(૩૨) તેઓમાંથી (નહી થતાં) જેમણે પોતાના દીનના ભાગલા પાડી દીધા છે તથા અલગ અલગ સમૂહોમાં વહેંચાઇ ગયા છે અને દરેક સમૂહની પાસે જે કાંઇ છે તેનાથી તેઓ રાજી છે.

وَإِذَا مَسَّ النَّاسَ ضُرٌّ دَعَوْا رَبَّهُمْ مُنِيبِينَ إِلَيْهِ ثُمَّ إِذَا أَذَاقَهُمْ مِنْهُ رَحْمَةً إِذَا فَرِيقٌ مِنْهُمْ بِرَبِّهِمْ يُشْرِكُونَ (33)

(૩૩) અને લોકો ઉપર જયારે કોઇ મુસીબત આવે છે ત્યારે તેઓ તોબા કરતા પલટીને પોતાના પરવરદિગારને પોકારે છે પછી જયારે તે તેઓને રહેમતની મજા ચખાડી દે છે ત્યારે તેઓમાંથી એક સમૂહ શિર્ક કરવા લાગે છે

لِيَكْفُرُوا بِمَا آتَيْنَاهُمْ ۚ فَتَمَتَّعُوا فَسَوْفَ تَعْلَمُونَ (34)

(૩૪) જેથી અમોએ તેમને જે કાંઇ આપ્યું છે તેનો તેઓ ઇન્કાર કરે (તો કહી દો કે) તમે મોજ કરો પરંતુ જલ્દી (પરિણામની) ખબર પડી જશે.

أَمْ أَنْزَلْنَا عَلَيْهِمْ سُلْطَانًا فَهُوَ يَتَكَلَّمُ بِمَا كَانُوا بِهِ يُشْرِكُونَ (35)

(૩૫) અથવા શું અમોએ તેમના પર કોઇ એવી દલીલ નાઝિલ કરી છે કે જે અલ્લાહ સાથે બીજાને શરીક કરવાનું કહેતી હોય

وَإِذَا أَذَقْنَا النَّاسَ رَحْمَةً فَرِحُوا بِهَا ۖ وَإِن تُصِبْهُمْ سَيِّئَةٌ بِمَا قَدَّمَتْ أَيْدِيهِمْ إِذَا هُمْ يَقْنَطُونَ ﴿٣٦﴾

(૩૬) અને જે વખતે અમે લોકોને રહેમતની મજા ચખાડીએ છીએ ત્યારે તેનાથી ખુશ થાય છે અને જો તેમના પર તેમના હાથોએ અગાઉ કરેલા કામોના કારણે કોઈ આફત આવી પડે ત્યારે એકાએક માયુસ થઇ જાય છે.

أَوَلَمْ يَرَوْا أَنَّ اللَّهَ يَبْسُطُ الرِّزْقَ لِمَن يَشَاءُ وَيَقْدِرُ ۚ إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ لِّقَوْمٍ يُؤْمِنُونَ ﴿٣٧﴾

(૩૭) શું તેમણે નથી જોયું કે અલ્લાહ જેના માટે ચાહે છે રોઝી વિશાળ કરી દે છે અને જેના માટે ચાહે છે તંગ કરી દે છે બેશક ઈમાન લાવનારાઓ માટે એમાં ઘણી નિશાનીઓ છે.

فَآتِ ذَا الْقُرْبَىٰ حَقَّهُ وَالْمِسْكِينَ وَابْنَ السَّبِيلِ ۚ ذَٰلِكَ خَيْرٌ لِّلَّذِينَ يُرِيدُونَ وَجْهَ اللَّهِ ۖ وَأُولَٰئِكَ هُمُ الْمُفْلِحُونَ (38)

(૩૮) અને તું તારા નજીકના સગાં-વ્હાલાઓને તથા ગરીબોને તથા રસ્તામાં રહી ગયેલ (મુસાફરો)ને તેમનો હક આપી દે આ તે લોકો માટે બહેતર છે કે જેઓ અલ્લાહની ખુશી ચાહે છે અને તેઓ જ કામ્યાબ થનાર છે.

وَمَا آتَيْتُمْ مِنْ رِبًا لِيَرْبُوَ فِي أَمْوَالِ النَّاسِ فَلَا يَرْبُو عِنْدَ اللَّهِ ۖ وَمَا آتَيْتُمْ مِنْ زَكَاةٍ تُرِيدُونَ وَجْهَ اللَّهِ فَأُولَٰئِكَ هُمُ الْمُضْعِفُونَ (39)

(૩૯) અને તમે વ્યાજના ઇરાદાથી જે કાંઈપણ આપો જેથી (વ્યાજ ખાનાર) લોકોના માલમાં વધારો થાય, તો ખુદા પાસે કોઇ વધારો હાંસિલ નહી કરો, પરંતુ જે ઝકાત આપો છો અને તેમાં અલ્લાહની ખુશીનો ઇરાદો હોય છે બસ તેઓના માલમાં વધારો થનાર છે.

اللّٰهُ الَّذِي خَلَقَكُمْ ثُمَّ رَزَقَكُمْ ثُمَّ يُمِيتُكُمْ ثُمَّ يُحْيِيكُمْ ؕ هَلْ مِنْ شُرَكَائِكُمْ مَنْ يَفْعَلُ مِنْ ذٰلِكُمْ مِنْ شَيْءٍ ۚ سُبْحَانَهُ وَتَعَالَىٰ عَمَّا يُشْرِكُونَ (40)

(૪૦) તે અલ્લાહ છે કે જેણે તમને પેદા કર્યા પછી તમને રોઝી આપી પછી મૌત આપશે પછી તમને ફરી જીવતા કરશે શું તમારા શરીકોમાંથી કોઇ એવો છે કે જે આમાંથી કોઈ કાર્ય કરી દેખાડે જેને તેઓ શરીક બનાવે છે તેનાથી અલ્લાહ પાક અને બુલંદ છે.

ظَهَرَ الْفَسَادُ فِي الْبَرِّ وَالْبَحْرِ بِمَا كَسَبَتْ أَيْدِي النَّاسِ لِيُذِيقَهُمْ بَعْضَ الَّذِي عَمِلُوا لَعَلَّهُمْ يَرْجِعُونَ (41)

(૪૧) લોકોના હાથોએ કરેલા આમાલને કારણે ઝમીન અને દરિયામાં ફસાદ જાહેર થઇ ગયો છે જેથી ખુદા તેમના અમુક આમાલની મજા ચખાડે કદાચને તેઓ (હક તરફ) પાછા ફરી જાય.

قُلْ سِيرُوا فِي الْأَرْضِ فَانْظُرُوا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِينَ مِنْ قَبْلُ ۚ كَانَ أَكْثَرُهُمْ مُشْرِكِينَ (42)

(૪૨) તું કહે કે ઝમીનમાં મુસાફરી કરો અને જૂઓ કે જે લોકો તમારી પહેલા હતા તેમનો અંજામ કેવો હતો જેમાંથી મોટા ભાગના મુશરિકો હતા.

فَأَقِمْ وَجْهَكَ لِلدِّينِ الْقَيِّمِ مِنْ قَبْلِ أَنْ يَأْتِيَ يَوْمٌ لَا مَرَدَّ لَهُ مِنَ اللَّهِ ۖ يَوْمَئِذٍ يَصَّدَّعُونَ (43)

(૪૩) અને તારા ચહેરાને સીધા અને મજબૂત દીન (ધર્મ) તરફ રાખ એ પહેલા કે અલ્લાહ તરફથી તે દિવસ આવી જાય કે જે (દિવસ)નું પાછુ ફેરવવું નામુમ્કીન છે કે જે દિવસે લોકો એક બીજાથી જુદા પડી જશે.

مَنْ كَفَرَ فَعَلَيْهِ كُفْرُهُۖ وَمَنْ عَمِلَ صَالِحًا فَلِأَنْفُسِهِمْ يَمْهَدُونَ (44)

(૪૪) જે કોઈએ ઇન્કાર કર્યો તે (નાસ્તિકપણુ) તેના પોતાના નુકસાનમાં છે અને જેઓ નેક અમલ કરે છે તેઓ પોતાના માટે (કામ્યાબીની) તૈયારી કરે છે :

لِيَجْزِيَ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ مِنْ فَضْلِهِۚ إِنَّهُ لَا يُحِبُّ الْكَافِرِينَ (45)

(૪૫) જેથી અલ્લાહ તે લોકોને કે જેઓ ઈમાન લાવ્યા તથા નેક આમાલ કર્યા તેઓને પોતાના ફઝલથી બદલો આપે બેશક તે નાસ્તિકોને નથી ચાહતો.

وَمِنْ آيَاتِهِ أَنْ يُرْسِلَ الرِّيَاحَ مُبَشِّرَاتٍ وَلِيُذِيقَكُمْ مِنْ رَحْمَتِهِ وَلِتَجْرِيَ الْفُلْكُ بِأَمْرِهِ وَلِتَبْتَغُوا مِنْ فَضْلِهِ وَلَعَلَّكُمْ تَشْكُرُونَ (46)

(૪૬) અને તેની નિશાનીઓમાંથી છે કે તે હવાને ખુશખબરી આપનાર તરીકે મોકલે છે જેથી તમને એની રહેમતની મજા ચખાડે અને તેના હુકમથી કશ્તી ચાલે તથા તમે રોઝી મેળવી શકો કદાચને તમે શુક્ર કરો.

وَلَقَدْ أَرْسَلْنَا مِنْ قَبْلِكَ رُسُلًا إِلَىٰ قَوْمِهِمْ فَجَاءُوهُمْ بِالْبَيِّنَاتِ فَانْتَقَمْنَا مِنَ الَّذِينَ أَجْرَمُوا ۖ وَكَانَ حَقًّا عَلَيْنَا نَصْرُ الْمُؤْمِنِينَ (47)

(૪૭) અને ખરેખર અમોએ તારી પહેલા તેમની કોમો તરફ ઘણાં રસૂલોને મોકલ્યા હતા જેઓ તેમની પાસે અમારી ખુલ્લી દલીલો લઈને આવ્યા હતા (અને તેઓને જૂઠલાવવામાં આવ્યા) પછી અમોએ મુજરીમોથી બદલો લીધો અને મોઅમીનોની મદદ કરવી અમારી ફરજ છે.

اللّٰهُ الَّذِي يُرْسِلُ الرِّيَاحَ فَتُثِيرُ سَحَابًا فَيَبْسُطُهُ فِي السَّمَاءِ كَيْفَ يَشَاءُ وَيَجْعَلُهُ كِسَفًا فَتَرَى الْوَدْقَ يَخْرُجُ مِنْ خِلَالِهِ ۖ فَإِذَا أَصَابَ بِهِ مَنْ يَشَاءُ مِنْ عِبَادِهِ إِذَا هُمْ يَسْتَبْشِرُونَ (48)

(૪૮) તે અલ્લાહ જ છે જે હવાને મોકલે છે કે જે વાદળોને ખેંચી લાવે છે પછી તે વાદળાઓ તેની મરજી પ્રમાણે આસમાનમાં ફેલાવી દે છે એકબીજા ઊપર ઢગલો કરે છે અને તેમાંથી પાણી વરસાવે છે પછી તે પાણી તે બંદાઓ સુધી પહોંચે છે જેના સુધી તે પહોંચાડવા ચાહે છે પછી તરત જ તેઓ ખુશ થઇ જાય છે.

وَإِنْ كَانُوا مِنْ قَبْلِ أَنْ يُنَزَّلَ عَلَيْهِمْ مِنْ قَبْلِهِ لَمُبْلِسِينَ (49)

(૪૯) જો કે તેમના પર વરસાદ આવવા પહેલાં તેઓ માયુસ થઈ ગયા હતા.

فَانْظُرْ إِلَىٰ آثَارِ رَحْمَتِ اللَّهِ كَيْفَ يُحْيِي الْأَرْضَ بَعْدَ مَوْتِهَا ۚ إِنَّ ذَٰلِكَ لَمُحْيِي الْمَوْتَىٰ ۖ وَهُوَ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ (50)

(૫૦) માટે તમે અલ્લાહની રહેમતને જૂઓ કે તે કઈ રીતે મુર્દા ઝમીનને જીવતી કરે છે બેશક તે જ મરણ પામેલાઓને જીવતા કરનાર છે અને તે દરેક વસ્તુ પર કુદરત ધરાવનાર છે.

وَلَئِنْ أَرْسَلْنَا رِيحًا فَرَأَوْهُ مُصْفَرًّا لَظَلُّوا مِنْ بَعْدِهِ يَكْفُرُونَ (51)

(૫૧) અને અમે જો એવી હવા મોકલશુ કે જેના કારણે તે (ખેતી) પીળી પડી ગયેલ જોશે તો જરૂર તેઓ (અગાઊની નેઅમતને ભૂલાવી) નાશુક્રા બની જશે.

فَإِنَّكَ لَا تُسْمِعُ الْمَوْتَىٰ وَلَا تُسْمِعُ الصُّمَّ الدُّعَاءَ إِذَا وَلَّوْا مُدْبِرِينَ (52)

(૫૨) બેશક તું તારી વાતને મરણ પામેલાને સંભળાવી શકતો નથી અને ન બહેરાઓને સંભળાવી શકે છે કે જ્યારે તેઓ પીઠ ફેરવી ચાલતા થાય.

وَمَا أَنْتَ بِهَادِ الْعُمْيِ عَنْ ضَلَالَتِهِمْ ۖ إِنْ تُسْمِعُ إِلَّا مَنْ يُؤْمِنُ بِآيَاتِنَا فَهُمْ مُسْلِمُونَ (53)

(૫૩) અને ન તું આંધળાઓને તેમની ગુમરાહીમાંથી હિદાયત આપી શકે છે. તું નથી સંભળાવી શકતો સિવાય કે જે અમારી આયતો પર ઈમાન રાખે છે તથા તસ્લીમ થનાર છે.

اللّٰهُ الَّذِي خَلَقَكُمْ مِنْ ضَعْفٍ ثُمَّ جَعَلَ مِنْ بَعْدِ ضَعْفٍ قُوَّةً ثُمَّ جَعَلَ مِنْ بَعْدِ قُوَّةٍ ضَعْفًا وَشَيْبَةً ۚ يَخْلُقُ مَا يَشَاءُ ۖ وَهُوَ الْعَلِيمُ الْقَدِيرُ (54)

(૫૪) તે અલ્લાહ જ છે જેણે તમને કમજોરીમાંથી પેદા કર્યા પછી કમજોરી બાદ તાકત આપી પછી તાક્ત બાદ ફરી કમજોરી અને બુઢાપામાં દાખલ કરી દીધા તે ચાહે છે તે પેદા કરે છે અને તે ઈલ્મ અને કુદરતવાળો છે.

وَيَوْمَ تَقُومُ السَّاعَةُ يُقْسِمُ الْمُجْرِمُونَ مَا لَبِثُوا غَيْرَ سَاعَةٍ ۚ كَذَٰلِكَ كَانُوا يُؤْفَكُونَ (55)

(૫૫) અને જે દિવસે (કયામતની) ઘડી કાયમ થશે ત્યારે મુજરીમો કસમ ખાઈને કહેશે કે તેઓ દુનિયામાં એક કલાકથી વધુ રહ્યા નથી આ રીતે (હકથી) ફરી જતા હતા.

وَقَالَ الَّذِينَ أُوتُوا الْعِلْمَ وَالْإِيمَانَ لَقَدْ لَبِثْتُمْ فِي كِتَابِ اللَّهِ إِلَىٰ يَوْمِ الْبَعْثِ ۖ فَهَٰذَا يَوْمُ الْبَعْثِ وَلَٰكِنَّكُمْ كُنْتُمْ لَا تَعْلَمُونَ (56)

(૫૬) અને જેમને ઇલ્મ તથા ઈમાન આપવામાં આવ્યું છે તેઓ કહેશે કે તમે અલ્લાહની કિતાબ મુજબ સજીવન થવાના દિવસ સુધી રોકાયેલા હતા તો આ સજીવન થવાનો દિવસ છે પરંતુ તમે જાણતા નથી.

فَيَوْمَئِذٍ لَا يَنْفَعُ الَّذِينَ ظَلَمُوا مَعْذِرَتُهُمْ وَلَا هُمْ يُسْتَعْتَبُونَ (57)

(૫૭) અને તે દિવસે ઝુલ્મગારોનુ બહાનુ તેમને ફાયદો નહી પહોંચાડે અને તેઓથી ઊઝર (ગુનાહનુ કારણ) માનવામાં નહી આવે.

وَلَقَدْ ضَرَبْنَا لِلنَّاسِ فِي هَٰذَا الْقُرْآنِ مِنْ كُلِّ مَثَلٍ ۚ وَلَئِنْ جِئْتَهُمْ بِآيَةٍ لَيَقُولَنَّ الَّذِينَ كَفَرُوا إِنْ أَنْتُمْ إِلَّا مُبْطِلُونَ (58)

(૫૮) અને અમોએ આ કુરાનમાં દરેક જાતની મિસાલ આપી જો તમે કોઇ નિશાની લઇ આવશો તો નાસ્તિક એમ જ કહેશે કે તમે જૂઠા દાવા કરનાર સિવાય કાંઇ નથી.

كَذَٰلِكَ يَطْبَعُ اللَّهُ عَلَىٰ قُلُوبِ الَّذِينَ لَا يَعْلَمُونَ (59)

(૫૯) આવી રીતે અલ્લાહ ઇલ્મ ન રાખનારના દિલો ઉપર મોહર લગાવે છે.

فَاصْبِرْ إِنَّ وَعْدَ اللَّهِ حَقٌّ ۖ وَلَا يَسْتَخِفَّنَّكَ الَّذِينَ لَا يُوقِنُونَ (60)

(૬૦) તેથી તમે સબરથી કામ લ્યો કે ખુદાનો વાયદો સાચો છે અને (ધ્યાન રાખજો) જે લોકોને યકીન નથી તેઓ તમને નબળા ન પાડી દે.

સુરેુ દૂખાનની ફઝીલત

આ એક મક્કી સૂરા છે અને તેમાં કુલ ૫૯ આયતો છે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ પાસેથી રિવાયત છે કે જે કોઈ આ સૂરો રાત્રે પઢે તો ૭૦ હજાર ફરિશ્તાઓ આ પઢનાર માટે અલ્લાહ તઆલા પાસે બખ્શિશની દુઆ કરે છે જે કોઈ વ્યક્તિ ગુરુવારની રાતે આ સૂરાની તિલાવત કરે તો તેનાં બધા ગુનાહ માફ કરી દેવામાં આવે છે અને તિલાવત કરનારાઓ માટે જન્નતમાં ઘરો બનાવી દેવામાં આવે છે જે આ સૂરાને અલ્લાહ ની રેઝા અને ખુશી માટે પઢે તો દરેક અક્ષરની તિલાવતના બદલે એક હજાર ગુલામ આઝાદ કરવા બરાબર સવાબ મળશે

ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે કે જે વ્યક્તિ

વાજિબ નમાઝોમાં સુરે દુખાનની તિલાવત કરે છે, તો તે કયામતના અઝાબથી મહફૂઝ રહેશે અને આસાનીથી પોતાનો હિસાબ આપી શકશે, તેને જમણા હાથમાં આમાલ આપવામાં આવશે, જે કોઈ આ સુરો પોતાની પાસે રાખે, તો તે શૈતાન ના વસવસાથી બચીને રેહશે, જો રાતે ઊંઘતાં પહેલાં તકીયા નીચે રાખવામાં આવે, તો ખરાબ સપનાઓથી બચે છે અને હંમેશા સારા સપના આવે છે, જો આ સૂરાને વેપારની જગ્યાએ રાખવામાં આવે તો વેપારમાં બરકત અને સુધારો થાય છે.

ઈમામ જાફર સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે જે કોઈ આ સૂરાને તાવીઝ તરીકે રાખે તો તાકતવર લોકોથી બચીને રહે છે જે પાણીમાં આ સુરા પડી ફૂક મારી પીવામાં આવે તો પેટની તમામ બીમારીઓથી શિફા મળે છે.

સુરૂ-દૂખાન

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ કરૂ છુ અલ્લાહના નામથી જે ઘણો મહેરબાન અને બહુજ રહેમ કરવા વાળો છે
(1) حٰمٓ
(૧) હા મીમ.
(2) وَالْكِتَابِ الْمُبِينِ
(૨) કસમ છે આ રોશની આપનાર કિતાબની:
إِنَّا أَنْزَلْنَاهُ فِي لَيْلَةٍ مُبَارَكَةٍ ۚ إِنَّا كُنَّا مُنْذِرِينَ (3)
(૩) બેશક અમોએ તેને એક મુબારક રાતમાં નાઝિલ કર્યું છે. બેશક અમે જ અઝાબથી ડરાવતા હતા.

فِيهَا يُفْرَقُ كُلُّ أَمْرٍ حَكِيمٍ (4)

(૪) તે રાતમાં દરેક હિકમતવાળા હુકમોનો ફેસલો કરવામાં આવે છે :

أَمْرًا مِنْ عِنْدِنَا ۚ إِنَّا كُنَّا مُرْسِلِينَ (5)

(૫) તે અમારી તરફથી હુકમ હતો અમે જ તેને (રસુલને) મોકલનાર છીએ:

رَحْمَةً مِنْ رَبِّكَ ۚ إِنَّهُ هُوَ السَّمِيعُ الْعَلِيمُ (6)

(૬) આ (રસુલને મોકલવા) તારા પરવરદિગાર તરફથી એક રહેમત છે કે હકીકતમાં તે સાંભળનાર અને જાણનાર છેઃ

رَبِّ السَّمَاوَاتِ وَالْأَرْضِ وَمَا بَيْنَهُمَا ۖ إِنْ كُنْتُمْ مُوقِنِينَ (7)

(૭) જો તમે યકીન કરનાર હોવ તો તે આસમાનો તથા ઝમીન અને જે કાંઇ તે બંનેની વચ્ચે છે તેનો પરવરદિગાર છે.

لَا إِلَٰهَ إِلَّا هُوَ يُحْيِي وَيُمِيتُ ۖ رَبُّكُمْ وَرَبُّ آبَائِكُمُ الْأَوَّلِينَ (8)

(૮) તેના સિવાય બીજો કોઈ ખુદા નથી, એ જ હયાત આપે છે અને મોત આપે છે, જે તમારો પરવરદિગાર છે અને તમારા પહેલાના બાપદાદાનો પરવરદિગાર છે.

بَلْ هُمْ فِي شَكٍّ يَلْعَبُونَ (9)

(૯) પરંતુ તેઓ શંકામાં પડી (હક સાથે) રમ્યા કરે છે

فَارْتَقِبْ يَوْمَ تَأْتِي السَّمَاءُ بِدُخَانٍ مُبِينٍ (10)

(૧૦) માટે તું તે દિવસની રાહ જોતો રહે કે જે દિવસે આસમાન ચોખ્ખો ધૂમાડો લઈને આવશે.

يَغْشَى النَّاسَ ۖ هَٰذَا عَذَابٌ أَلِيمٌ (11)

(૧૧) જે તમામ લોકોને ઢાંકી લેશે; એ દર્દનાક અઝાબ હશે

رَبَّنَا اكْشِفْ عَنَّا الْعَذَابَ إِنَّا مُؤْمِنُونَ (12)
(૧૨) ત્યારે દરેક કહેશે કે પરવરદિગાર ! આ અઝાબને અમારાથી દૂર કરી દે કે અમો ઈમાન લાવનાર છીએ.
أَنَّىٰ لَهُمُ الذِّكْرَىٰ وَقَدْ جَاءَهُمْ رَسُولٌ مُبِينٌ (13)
(૧૩) કેવી રીતે નસીહત હાંસિલ કરી શકે. જો કે તેમની પાસે વાઝેહ પયગામવાળો રસૂલ આવી ચુક્યો છે.
ثُمَّ تَوَلَّوْا عَنْهُ وَقَالُوا مُعَلَّمٌ مَجْنُونٌ (14)
(૧૪) તે પછી તેમણે તેનાથી મોઢું ફેરવી લીધું અને કહ્યું કે આ એક શીખવેલો દીવાનો છે.
إِنَّا كَاشِفُو الْعَذَابِ قَلِيلًا إِنَّكُمْ عَائِدُونَ (15)
(૧૫) અમે થોડા સમય માટે અઝાબને દૂર કરીએ છીએ પરંતુ તમે ફરી પાછા તેવું કેરશો જેવું પહેલા કરતા હતા.

يَوْمَ نَبْطِشُ الْبَطْشَةَ الْكُبْرَىٰ إِنَّا مُنْتَقِمُونَ (16)

(૧૬) એ દિવસે મહાન કુદરત સાથે પકડશું, બેશક અમો બદલો લેનાર છીએ.

وَلَقَدْ فَتَنَّا قَبْلَهُمْ قَوْمَ فِرْعَوْنَ وَجَاءَهُمْ رَسُولٌ كَرِيمٌ (17)

(૧૭) અને બેશક તેમની પહેલાં અમોએ કોમે ફિરઔનની આજમાઇશ કરી હતી, અને તેમની પાસે એક મોહતરમ રસૂલ આવ્યા હતાઃ

أَنْ أَدُّوا إِلَيَّ عِبَادَ اللَّهِ ۖ إِنِّي لَكُمْ رَسُولٌ أَمِينٌ (18)

(૧૮) (તેઓને કહ્યુ) અલ્લાહના બંદાઓને મારા હવાલે કરી દો; ખરેખર હું તમારા માટે એક અમાનતદાર રસૂલ છું:

وَأَنْ لَا تَعْلُوا عَلَى اللَّهِ ۖ إِنِّي آتِيكُمْ بِسُلْطَانٍ مُبِينٍ (19)

(૧૯) અને અલ્લાહની સામે સરકશ બનીને ન આવો. ખરેખર હું તમારી પાસે રોશન દલીલ લાવ્યો છું.

وَإِنِّي عُذْتُ بِرَبِّي وَرَبِّكُمْ أَنْ تَرْجُمُونِ (20)

(૨૦) અને તમે મને સંગસાર કરો તેનાથી હું મારા અને તમારા પરવરદિગારની પનાહ ચાહું છુ

وَإِنْ لَمْ تُؤْمِنُوا لِي فَاعْتَزِلُونِ (21)

(૨૧) અને જો તમે મારા ઉપર ઈમાન નથી લાવતા તો મારાથી જુદા થઈ જાઓ.

فَدَعَا رَبَّهُ أَنَّ هَٰؤُلَاءِ قَوْمٌ مُجْرِمُونَ (22)

(૨૨) પછી તેણે (મુસાએ) તેના પરવરદિગારથી દુઆ કરી કે આ મુજરીમ કૌમ છે.

فَأَسْرِ بِعِبَادِي لَيْلًا إِنَّكُمْ مُتَّبَعُونَ (23)

(૨૩) (તો હુકમ થયો કે) મારા બંદાઓને રાતો રાત લઈ જા, બેશક તમારો પીછો કરવામાં આવશે:

وَاتْرُكِ الْبَحْرَ رَهْوًا ۖ إِنَّهُمْ جُنْدٌ مُغْرَقُونَ (24)

(૨૪) અને દરિયાને સાકીન થયેલો (રોકાયેલો) છોડી દેજે; બેશક તેમના લશ્કરને ડૂબાડી દેવામાં આવશે.

كَمْ تَرَكُوا مِنْ جَنَّاتٍ وَعُيُونٍ (25)

(૨૫) તે લોકો કેટલાય બગીચાઓ અને ઝરણાં છોડી ગયા:

وَزُرُوعٍ وَمَقَامٍ كَرِيمٍ (26)

(૨૬) અને કેટલાય ખેતરો તથા ઉમદા મકાનો તેઓ છોડી ગયા :

وَنَعْمَةٍ كَانُوا فِيهَا فَاكِهِينَ (27)

(૨૭) અને તે નેઅમતો કે જેની તેઓ મજા માણતા હતા:

كَذَٰلِكَ ۖ وَأَوْرَثْنَاهَا قَوْمًا آخَرِينَ (28)

(૨૮) (આ કિસ્સો) આવીજ રીતે વાકેઅ થયો છે, અને અમોએ તે (બધી નેઅમતો)ના વારીસ બીજી કોમને બનાવી દીધા.

فَمَا بَكَتْ عَلَيْهِمُ السَّمَاءُ وَالْأَرْضُ وَمَا كَانُوا مُنْظَرِينَ (29)

(૨૯) પછી તેમના પર ન આસમાને ગીર્યા કર્યું ન ઝમીને, અને ન તેમને મોહલત આપવામાં આવી.

وَلَقَدْ نَجَّيْنَا بَنِي إِسْرَائِيلَ مِنَ الْعَذَابِ الْمُهِينِ (30)

(૩૦) અને બેશક અમોએ બની ઇસરાઇલને ઝિલ્લતભર્યા અઝાબથી નજાત આપી:

مِنْ فِرْعَوْنَ ۚ إِنَّهُ كَانَ عَالِيًا مِنَ الْمُسْرِفِينَ (31)

(૩૧) ફિરઔનથી કે જે હદથી વધવામાં ખુબ વધારે આગળ વધી ગયો હતો,

وَلَقَدِ اخْتَرْنَاهُمْ عَلَىٰ عِلْمٍ عَلَى الْعَالَمِينَ (32)

(૩૨) અને અમોએ ઇલ્મ થકી બની ઇસરાઇલને બધી દુનિયાઓમાંથી ઈન્તેખાબ (પસંદ) કર્યા.

وَآتَيْنَاهُمْ مِنَ الْآيَاتِ مَا فِيهِ بَلَاءٌ مُبِينٌ (33)

(૩૩) અને અમોએ તેમને નિશાનીઓ આપી કે જેમાં ખુલ્લી આજમાઇશ હતી.

إِنَّ هَٰؤُلَاءِ لَيَقُولُونَ (34)

(૩૪) બેશક આ લોકો જરૂર કેહ્શે :

إِنْ هِيَ إِلَّا مَوْتَتُنَا الْأُولَىٰ وَمَا نَحْنُ بِمُنْشَرِينَ (35)

(૩૫) કે અમારી પહેલી મોત સિવાય મોત નથી, અને હરગિઝ અમને ઉઠાડવામાં નહિં આવે.

فَأْتُوا بِآبَائِنَا إِنْ كُنْتُمْ صَادِقِينَ (36)

(૩૬) અને જો તમે સાચા હોવ તો અમારા બાપદાદાઓને કબ્રોમાંથી ઉઠાવી લાવો.

أَهُمْ خَيْرٌ أَمْ قَوْمُ تُبَّعٍ وَالَّذِينَ مِنْ قَبْلِهِمْ ۚ أَهْلَكْنَاهُمْ ۖ إِنَّهُمْ كَانُوا مُجْرِمِينَ (37)

(૩૭) શું આ લોકો બેહતર છે કે તુબ્બાના લોકો? અને તેઓ કે જે તેમની પહેલાં હતા અમોએ તેમને હલાક કરી નાખ્યા કારણ કે તેઓ મુજરીમ હતા.

وَمَا خَلَقْنَا السَّمَاوَاتِ وَالْأَرْضَ وَمَا بَيْنَهُمَا لَاعِبِينَ (38)

(૩૮) અને અમોએ ઝમીન અને આસમાનોને અને તેની વચ્ચે જે કાંઇ છે રમતગમત માટે નથી પેદા કર્યા.

مَا خَلَقْنَاهُمَا إِلَّا بِالْحَقِّ وَلَٰكِنَّ أَكْثَرَهُمْ لَا يَعْلَمُونَ (39)

(૩૯) અમોએ તે બંનેને હકની સાથે ખલ્ક કર્યું છે પરંતુ તેઓમાંથી ઘણાંખરા (આ બાબતથી) અજાણ છે.

إِنَّ يَوْمَ الْفَصْلِ مِيقَاتُهُمْ أَجْمَعِينَ (40)

(૪૦) બેશક (હક અને બાતિલના) ફેસ્લાનો દિવસ તેઓના વાયદાની જગ્યા છેઃ

يَوْمَ لَا يُغْنِي مَوْلًى عَنْ مَوْلًى شَيْئًا وَلَا هُمْ يُنْصَرُونَ (41)

(૪૧) જે દિવસે કોઇ દોસ્ત બીજા દોસ્તને કંઇપણ કામ નહિ આવે, અને ન તેમની (ક્યાંયથી) મદદ કરવામાં આવશેઃ

إِلَّا مَنْ رَحِمَ اللَّهُ ۚ إِنَّهُ هُوَ الْعَزِيزُ الرَّحِيمُ (42)

(૪૨) સિવાય કે જેમના પર અલ્લાહ રહેમ કરે બેશક તે જબરદસ્ત અને રહીમ છે.

إِنَّ شَجَرَتَ الزَّقُّومِ (43)
(૪૩) બેશક થારનું ઝાડ:
طَعَامُ الْأَثِيمِ (44)
(૪૪) ગુનેહગારોનો ખોરાક છે.
كَالْمُهْلِ يَغْلِي فِي الْبُطُونِ (45)
(૪૫) જે પીગળેલા તાંબાની જેમ પેટમાં ઉકળશે:
كَغَلْيِ الْحَمِيمِ (46) خُذُوهُ فَاعْتِلُوهُ إِلَىٰ سَوَاءِ الْجَحِيمِ (47)
(૪૬) જાણે ગરમ પાણી ઉકળે છે! (૪૭) (ફરિશ્તાઓને હુકમ થશે કે) તેને પકડો, અને જહન્નમની વચ્ચે ફેંકો:

ثُمَّ صُبُّوا فَوْقَ رَأْسِهِ مِنْ عَذَابِ الْحَمِيمِ (48)
(૪૮) તે પછી તેના માથા ઉપર ઉકળતા પાણીનો અઝાબ નાખી દો.
ذُقْ إِنَّكَ أَنْتَ الْعَزِيزُ الْكَرِيمُ (49)
(૪૯) (તેને કહેવામાં આવશે) મજા ચાખ, (તારા ગુમાન મુજબ) તુ જબરદસ્ત બુઝુર્ગ હતો.
إِنَّ هَٰذَا مَا كُنْتُمْ بِهِ تَمْتَرُونَ (50)
(૫૦) જે (અઝાબ)ના સંબંધમાં તમે શંકા કર્યા કરતા હતા તે આ જ છે.
إِنَّ الْمُتَّقِينَ فِي مَقَامٍ أَمِينٍ (51)
(૫૧) બેશક પરહેઝગાર લોકો મહેફૂઝ જગ્યા પર હશે.

فِي جَنَّاتٍ وَعُيُونٍ (52)
(૫૨) બગીચાઓ તથા નહેરોની દરમિયાન :
يَلْبَسُونَ مِنْ سُنْدُسٍ وَإِسْتَبْرَقٍ مُتَقَابِلِينَ (53)
(૫૩) તેઓ રેશમના બારીક અને જાડા પોશાક પહેરીને એકબીજાની સામે બેઠા હશે :
كَذَٰلِكَ وَزَوَّجْنَاهُمْ بِحُورٍ عِينٍ (54)
(૫૪) આ રીતે થશે; અને અમે તેમની શાદી મોટી મોટી આંખો વાળી હૂરો સાથે કરી દઈશું.
يَدْعُونَ فِيهَا بِكُلِّ فَاكِهَةٍ آمِنِينَ (55)
(૫૫) તેઓ તેમાં દરેક પ્રકારના ફળો સલામતીની સાથે માંગશે.

لَا يَذُوقُونَ فِيهَا الْمَوْتَ إِلَّا الْمَوْتَةَ الْأُولَىٰ ۖ وَوَقَاهُمْ عَذَابَ الْجَحِيمِ (56)

(૫૬) અને હરગિઝ પહેલી મૌત સિવાય બીજી મૌતની મજા નહિં ચાખવી પડે, અને અલ્લાહ તેમને જહન્નમના અઝાબથી બચાવશે:

فَضْلًا مِنْ رَبِّكَ ۚ ذَٰلِكَ هُوَ الْفَوْزُ الْعَظِيمُ (57)

(૫૭) આ બધો ફઝલ તારા પરવરદિગાર તરફથી છે અને એ જ મહાન કામ્યાબી છે.

فَإِنَّمَا يَسَّرْنَاهُ بِلِسَانِكَ لَعَلَّهُمْ يَتَذَكَّرُونَ (58)

(૫૮) અમોએ આ કુરાનને તારી ઝબાનથી સહેલું કરી દીધું છે કે કદાચને તેઓ નસીહત હાંસિલ કરે.

فَارْتَقِبْ إِنَّهُمْ مُرْتَقِبُونَ (59)

(૫૯) માટે તું ઇન્તેઝાર કર બેશક તેઓ પણ ઇન્તેઝાર કરી રહ્યા છે.

સુરે જુમ્આની ફઝીલત :

હઝરત ઇમામ જાફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે: અમારા દરેક શીઆ મોમીન પર મુસ્તહબ છે કે દર શબે જુમ્મા સુરે જુમ્મા અને સુરે અઅલા ની તિલાવત કરે અને જુમ્મા ના દિવસે સુરે જુમ્મા અને સુરે મુનાફેકુનની તિલાવત કરે. જો કોઈ એ પ્રમાણે કરશે તો તેણે રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલય્હે વ આલેહી વ સલ્લમ ની જેમ અમલ કર્યો ગણાશે અને તેનો સવાબ અને બદલો અલ્લાહ પર એ છે કે તેને જન્નત અતા કરે.

સુરે જુમ્આ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ અલ્લાહના નામ થી જે ખુબજ મહેરબાન અને દયા કરવા વાળો છે.

يُسَبِّحُ لِلَّهِ مَا فِي السَّمَاوَاتِ وَمَا فِي الْأَرْضِ الْمَلِكِ الْقُدُّوسِ الْعَزِيزِ الْحَكِيمِ (1)

(૧) આસમાનો તથા ઝમીનમાં જે કાંઇ છે તે અલ્લાહની તસ્બીહ કરે છે જે બાદશાહ પાકીઝા સિફતોનો માલિક, જબરદસ્ત અને હિકમતવાળો છે.

هُوَ الَّذِي بَعَثَ فِي الْأُمِّيِّينَ رَسُولًا مِنْهُمْ يَتْلُو عَلَيْهِمْ آيَاتِهِ وَيُزَكِّيهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتَابَ وَالْحِكْمَةَ وَإِنْ كَانُوا مِنْ قَبْلُ لَفِي ضَلَالٍ مُبِينٍ (2)

(૨) તે ખુદાએ મક્કા વાસીઓ માટે એક રસૂલને મોકલ્યા જે તેઓમાંથી જ હતા કે તેમની સામે આયતોની તિલાવત કરે, તેમને પાક કરે અને તેમને કિતાબ અને હિકમતની તાલીમ આપે જોકે તેઓ અગાઉ ખુલ્લી ગુમરાહીમાં હતાઃ

وَآخَرِينَ مِنْهُمْ لَمَّا يَلْحَقُوا بِهِمْ ۚ وَهُوَ الْعَزِيزُ الْحَكِيمُ (3)

(૩) અને તેઓમાંથી બીજાઓની તરફ કે જેઓ હજી તેમના સાથે જોડાયા નથી અને તે જબરદસ્ત અને હિકમતવાળો પણ છે.

ذَٰلِكَ فَضْلُ اللَّهِ يُؤْتِيهِ مَنْ يَشَاءُ ۚ وَاللَّهُ ذُو الْفَضْلِ الْعَظِيمِ (4)

(૪) આ અલ્લાહનો ફઝલ છે જેને તે ચાહે તેને આપે છે અને અલ્લાહ મહાન ફઝલનો માલિક છે.

مَثَلُ الَّذِينَ حُمِّلُوا التَّوْرَاةَ ثُمَّ لَمْ يَحْمِلُوهَا كَمَثَلِ الْحِمَارِ يَحْمِلُ أَسْفَارًا ۚ بِئْسَ مَثَلُ الْقَوْمِ الَّذِينَ كَذَّبُوا بِآيَاتِ اللَّهِ ۚ وَاللَّهُ لَا يَهْدِي الْقَوْمَ الظَّالِمِينَ (5)

(૫) જે લોકો ઊપર તોરયતની જવાબદારીનો બોજ નાખવામાં આવ્યો અને તેઓએ તે બોજ ન ઊપાડયો તેઓની મિસાલ એ ગધેડા જેવી છે જે કિતાબનો બોજ ઊપાડતો હોય (પરંતુ તેને સમજતો નથી) કેવી ખરાબ મિસાલ છે અલ્લાહની આયતો જૂઠલાવનારની! અલ્લાહ ઝુલમગાર કોમની હિદાયત નથી કરતો

قُلْ يَا أَيُّهَا الَّذِينَ هَادُوا إِنْ زَعَمْتُمْ أَنَّكُمْ أَوْلِيَاءُ لِلَّهِ مِنْ دُونِ النَّاسِ فَتَمَنَّوُا الْمَوْتَ إِنْ كُنْتُمْ صَادِقِينَ (6)

(૬) તું કહે; કે અય યહૂદીઓ ! જો તમે એવું ગુમાન કરો છો કે બીજા લોકો સિવાય ફકત તમે જ અલ્લાહના દોસ્ત છો માટે જો તમે સાચા હોવ તો મોતની તમન્ના કરો.

وَلَا يَتَمَنَّوْنَهُ أَبَدًا بِمَا قَدَّمَتْ أَيْدِيهِمْ ۗ وَاللَّهُ عَلِيمٌ بِالظَّالِمِينَ (7)

(૭) અને તેઓ અગાઉ મોકલેલા આમાલને કારણે હરગિઝ મોતની તમન્ના નહિ કરે, અને અલ્લાહ ઝાલિમોથી સારી રીતે વાકેફ છે.

قُلْ إِنَّ الْمَوْتَ الَّذِي تَفِرُّونَ مِنْهُ فَإِنَّهُ مُلَاقِيكُمْ ثُمَّ تُرَدُّونَ إِلَىٰ عَالِمِ الْغَيْبِ وَالشَّهَادَةِ فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُونَ (8)

(૮) તું કહે કે તે મોત કે જેનાથી તમે નાસતા ફરો છો પછી જરૂર તે તમારી મુલાકાત કરશે, ત્યારબાદ તમને તેના હજૂરમાં પાછા ફેરવવામાં આવશે જે ગૈબ અને જાહેરનો જાણકાર છે અને તમે દુનિયામાં જે કાંઇ કરતા હતા તે જણાવશે.

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِذَا نُودِيَ لِلصَّلَاةِ مِنْ يَوْمِ الْجُمُعَةِ فَاسْعَوْا إِلَىٰ ذِكْرِ اللَّهِ وَذَرُوا الْبَيْعَ ۚ ذَٰلِكُمْ خَيْرٌ لَكُمْ إِنْ كُنْتُمْ تَعْلَمُونَ (9)

(૯) અય ઈમાન લાવનારાઓ ! જયારે જુમ્માના દિવસે નમાઝ માટે પોકારવામાં આવે ત્યારે તમે અલ્લાહની યાદ તરફ દોડો અને વેપારને છોડી દો; અગર તમે જાણો તો આ તમારા માટે બહેતર છે.

فَإِذَا قُضِيَتِ الصَّلَاةُ فَانْتَشِرُوا فِي الْأَرْضِ وَابْتَغُوا مِنْ فَضْلِ اللَّهِ وَاذْكُرُوا اللَّهَ كَثِيرًا لَعَلَّكُمْ تُفْلِحُونَ (10)

(૧૦) પછી જયારે નમાઝ પૂરી થઈ જાય ત્યારે ઝમીનમાં ફેલાઈ જાઓ અને અલ્લાહના ફઝલને તલાશ કરો અને અલ્લાહને વધારે યાદ કરો કે જેથી કામ્યાબ થાઓ.

وَإِذَا رَأَوْا تِجَارَةً أَوْ لَهْوًا انْفَضُّوا إِلَيْهَا وَتَرَكُوكَ قَائِمًا ۚ قُلْ مَا عِنْدَ اللَّهِ خَيْرٌ مِنَ اللَّهْوِ وَمِنَ التِّجَارَةِ ۚ وَاللَّهُ خَيْرُ الرَّازِقِينَ (11)

(૧૧) અને જયારે તેઓ કોઇ વેપાર અથવા રમત ગમતને જૂએ છે ત્યારે તેઓ તેની તરફ (જવા માટે) વિખેરાઇ જાય છે અને તને કયામની હાલતમાં છોડી ચાલ્યા જાય છે તું કહે કે જે કાંઇ અલ્લાહ પાસે છે તે રમત ગમત અને વેપાર કરતાં બહેતર છે અને અલ્લાહ બહેતરીન રોઝી આપનારો છે.

સુરે મુલ્ક ની ફઝીલત :

હઝરત ઇમામ જાફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે : જેણે સુતા પહેલાં સુરે મુલ્કની તિલાવત કરી, તે સવાર સુધી ખુદાની અમાનતમાં રહેશે અને કયામતના દિવસે પણ જયાં સુધી જન્નતમાં દાખલ નહિ થાય ત્યાં સુધી અમાનમાં રહેશે.

ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે એક શખ્સ ભૂલથી એક કબર પર તંબુ લગાવીને બેઠો હતો અને ત્યાં તેણે સુરે મુલ્ક પઢી, તો તેને એક અવાજ સંભળાયો કે આ સુરો નજાત આપનાર છે પછી તેણે આ ઘટનાનું વર્ણન રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ સમક્ષ કર્યું, તો નબીએ કરીમે ફરમાવ્યું કે ખરેખર આ સુરો કબરના અઝાબથી બચાવે છે.

સુરે મુલ્ક:

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ અલ્લાહના નામ થી જે ખુબજ મહેરબાન અને દયા કરવા વાળો છે.
تَبَارَكَ الَّذِي بِيَدِهِ الْمُلْكُ وَهُوَ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ (1)
(૧) બરકતવાળો છે તે કે જેના હાથમાં (કાએનાતની) બાદશાહત છે અને તે દરેક વસ્તુ પર કાદીર છે:
الَّذِي خَلَقَ الْمَوْتَ وَالْحَيَاةَ لِيَبْلُوَكُمْ أَيُّكُمْ أَحْسَنُ عَمَلًا ۚ وَهُوَ الْعَزِيزُ الْغَفُورُ (2)
(૨) તેણે મોત અને ઝીંદગીને એ માટે પેદા કરી જેથી તમને આજમાવે કે તમારામાંથી બહેતરીન અમલ કરનાર કોણ છે અને તે જબરદસ્ત અને માફ કરનાર છે:

الَّذِي خَلَقَ سَبْعَ سَمَاوَاتٍ طِبَاقًا ۖ مَا تَرَىٰ فِي خَلْقِ الرَّحْمَٰنِ مِنْ تَفَاوُتٍ ۖ فَارْجِعِ الْبَصَرَ هَلْ تَرَىٰ مِنْ فُطُورٍ (3)

(૩) જેણે એકબીજા ઉપર સાત આસમાનોને પેદા કર્યા, તું રહેમાન ખુદાની ખિલ્કતમાં કંઈપણ ખામી નહી જોવે; પછી ફરીથી નજર કર, શું તને કંઈ ખોડખાંપણ દેખાય છે ?

ثُمَّ ارْجِعِ الْبَصَرَ كَرَّتَيْنِ يَنْقَلِبْ إِلَيْكَ الْبَصَرُ خَاسِئًا وَهُوَ حَسِيرٌ (4)

(૪) ત્યારબાદ વારંવાર નજર કર, નજર થાકીને પાછી ફરી આવશે પરંતુ કંઈ (ખામી) નહિં દેખાય.

وَلَقَدْ زَيَّنَّا السَّمَاءَ الدُّنْيَا بِمَصَابِيحَ وَجَعَلْنَاهَا رُجُومًا لِلشَّيَاطِينِ ۖ وَأَعْتَدْنَا لَهُمْ عَذَابَ السَّعِيرِ (5)

(૫) અને અમોએ દુનિયાના આસમાનને દીવાઓથી (તારાઓથી) ઝીનત આપી છે, અને સિતારાઓને શયતાનને મારવાનું સાધન બનાવ્યુ છે, અને તેમના માટે (જહન્નમની) આગનો અઝાબ તૈયાર રાખ્યો છે.

وَلِلَّذِينَ كَفَرُوا بِرَبِّهِمْ عَذَابُ جَهَنَّمَ ۖ وَبِئْسَ الْمَصِيرُ (6)

(૬) અને જેમણે પોતાના પરવરદિગારનો ઇન્કાર કર્યો, તેમના માટે જહન્નમનો અઝાબ છે; અને તે કેવો ખરાબ અંજામ છે!

إِذَا أُلْقُوا فِيهَا سَمِعُوا لَهَا شَهِيقًا وَهِيَ تَفُورُ (7)

(૭) જયારે તેઓને તેમાં નાખવામાં આવશે ત્યારે તેની ચીસ સાંભળશે, અને એવી હાલતમાં કે તે ઊકળતી હશેઃ

تَكَادُ تَمَيَّزُ مِنَ الْغَيْظِ ۖ كُلَّمَا أُلْقِيَ فِيهَا فَوْجٌ سَأَلَهُمْ خَزَنَتُهَا أَلَمْ يَأْتِكُمْ نَذِيرٌ (8)

(૮) નઝદીક છે કે તે જોશના લીધે ફાટી જાય; જયારે પણ કોઇ સમૂહને જહન્નમમાં નાખવામાં આવશે ત્યારે તેના મુહાફીઝો તેમને સવાલ કરશે શું તમારી પાસે કોઇ ડરાવનાર આવ્યો ન હતો?

قَالُوا بَلَىٰ قَدْ جَاءَنَا نَذِيرٌ فَكَذَّبْنَا وَقُلْنَا مَا نَزَّلَ اللَّهُ مِنْ شَيْءٍ إِنْ أَنْتُمْ إِلَّا فِي ضَلَالٍ كَبِيرٍ (9)

૯) તેઓ કહેશે કે હા, ડરાવનાર અમારી પાસે જરૂર આવ્યા હતા, પણ અમોએ તેને જૂઠલાવ્યા અને કહ્યુ કે અલ્લાહે કંઇપણ નાઝિલ નથી કર્યું અને તમે મોટી ગુમરાહીમાં છો

وَقَالُوا لَوْ كُنَّا نَسْمَعُ أَوْ نَعْقِلُ مَا كُنَّا فِي أَصْحَابِ السَّعِيرِ (10)

(૧૦) અને તેઓ કહેશે કે જો અમે વાત સાંભળતા અને વિચારતા તો અમે આજે જહન્નમીઓ વચ્ચે ન હોત.

فَاعْتَرَفُوا بِذَنْبِهِمْ فَسُحْقًا لِأَصْحَابِ السَّعِيرِ (11)

(૧૧) પછી તેઓ પોતાના ગુનાહોને કબૂલી લીધા અને લાનત થાય જહન્નમીઓ પર.

إِنَّ الَّذِينَ يَخْشَوْنَ رَبَّهُمْ بِالْغَيْبِ لَهُمْ مَغْفِرَةٌ وَأَجْرٌ كَبِيرٌ (12)

(૧૨) બેશક જેઓ ખાનગીમાં પોતાના પરવરદિગારથી ડરે છે તે લોકો માટે માફી અને મોટો બદલો છે.

وَأَسِرُّوا قَوْلَكُمْ أَوِ اجْهَرُوا بِهِ ۖ إِنَّهُ عَلِيمٌ بِذَاتِ الصُّدُورِ (13)

(૧૩) અને તમે લોકો તમારી વાત ખાનગીમાં કહો કે જાહેરમાં (ફરક નથી) કારણકે અલ્લાહ મનની વાતોને જાણે છે.

أَلَا يَعْلَمُ مَنْ خَلَقَ وَهُوَ اللَّطِيفُ الْخَبِيرُ (14)

૧૪) અને શું જેણે પૈદા કર્યા છે તે નથી જાણતો? તે લતીફ (ઊંડી નજરવાળો) અને જાણકાર છે.

هُوَ الَّذِي جَعَلَ لَكُمُ الْأَرْضَ ذَلُولًا فَامْشُوا فِي مَنَاكِبِهَا وَكُلُوا مِنْ رِزْقِهِۖ وَإِلَيْهِ النُّشُورُ (15)

(૧૫) તે એજ છે કે જેણે તમારા માટે ઝમીનને નરમ બનાવી છે, જેથી તમે તેના ઊપર હરો-ફરો, અને તે (અલ્લાહ)ની રોઝીમાંથી ખાઓ તથા તેની જ તરફ મહેશૂર થવાનુ છે.

أَأَمِنْتُمْ مَنْ فِي السَّمَاءِ أَنْ يَخْسِفَ بِكُمُ الْأَرْضَ فَإِذَا هِيَ تَمُورُ (16)

(૧૬) શુ જે આસમાનમાં છે તેના તરફથી સલામત થઈ ગયા છો કે તમને ઝમીનમાં ધસાવી દે પછી તે ઝમીન ધ્રુજવા લાગે?

أَمْ أَمِنْتُمْ مَنْ فِي السَّمَاءِ أَنْ يُرْسِلَ عَلَيْكُمْ حَاصِبًاۖ فَسَتَعْلَمُونَ كَيْفَ نَذِيرِ (17)

(૧૭) અથવા શુ જે આસમાનમાં છે તેના તરફથી પથ્થરો વરસાવવાથી સલામત થઈ ગયા છો? પછી તમે જલ્દી જાણી લેશો કે મારૂં ડરાવવું કેવુ છે!

وَلَقَدْ كَذَّبَ الَّذِينَ مِنْ قَبْلِهِمْ فَكَيْفَ كَانَ نَكِيرِ (18)

(૧૮) અને તેમની અગાઉના લોકોએ જૂઠલાવ્યું હતું પછી જૂઓ કે (મારો) અઝાબ કેવો હતો!

أَوَلَمْ يَرَوْا إِلَى الطَّيْرِ فَوْقَهُمْ صَافَّاتٍ وَيَقْبِضْنَ ۚ مَا يُمْسِكُهُنَّ إِلَّا الرَّحْمَٰنُ ۚ إِنَّهُ بِكُلِّ شَيْءٍ بَصِيرٌ (19)

(૧૯) શું તેઓએ તેમની ઉપર પક્ષીઓને નથી જોયા કે જે પાંખો ફેલાવે છે અને પાછી સંકેલી લે છે? તેમને હવામાં રહેમાન અલ્લાહ સિવાય બીજું કોઇ સંભાળીને રાખતુ નથી કારણકે તે જ દરેક વસ્તુની નજર રાખનાર છે.

أَمَّنْ هَٰذَا الَّذِي هُوَ جُندٌ لَّكُمْ يَنصُرُكُم مِّن دُونِ الرَّحْمَٰنِ ۚ إِنِ الْكَافِرُونَ إِلَّا فِي غُرُورٍ (20)

(૨૦) રહેમાન અલ્લાહ સિવાય તમારું કયું લશકર છે જે તમારી મદદ કરી શકે? નાસ્તિકો ફકત ફરેબમાં ગિરફતાર છે.

أَمَّنْ هَٰذَا الَّذِي يَرْزُقُكُمْ إِنْ أَمْسَكَ رِزْقَهُۥ ۚ بَل لَّجُّوا فِي عُتُوٍّ وَنُفُورٍ (21)

(૨૧) જો તે (અલ્લાહ) તેની રોઝીને રોકી લે તો કોણ છે જે તમને રોઝી આપે બલ્કે તેઓ નાફરમાની અને નફરતમાં ડૂબી ગયા છે.

أَفَمَن يَمْشِي مُكِبًّا عَلَىٰ وَجْهِهِۦٓ أَهْدَىٰٓ أَمَّن يَمْشِي سَوِيًّا عَلَىٰ صِرَٰطٍ مُّسْتَقِيمٍ (22)

(૨૨) શું તે કે જે ઊંધે માથે ચાલે છે તે વધારે હિદાયત પામેલો છે કે પછી જે સીધા રસ્તા પર સીધો ચાલતો હોય?

قُلْ هُوَ الَّذِيٓ أَنشَأَكُمْ وَجَعَلَ لَكُمُ السَّمْعَ وَالْأَبْصَٰرَ وَالْأَفْـِٔدَةَ ۖ قَلِيلًا مَّا تَشْكُرُونَ (23)

(૨૩) તું કહે કે તે એ જ છે કે જેણે તમને પૈદા કર્યા છે અને તમારા માટે કાન, આંખ અને દિલ બનાવ્યા છે, પરંતુ તમે ઘણો ઓછો શુક્ર કરો છો.

قُلْ هُوَ الَّذِي ذَرَأَكُمْ فِي الْأَرْضِ وَإِلَيْهِ تُحْشَرُونَ (24)

(૨૪) તું કહે કે તે એ જ છે કે જેણે તમને ઝમીનમાં પેદા કર્યા અને તેની જ તરફ તમને પાછા ભેગા કરવામાં આવશે.

وَيَقُولُونَ مَتَىٰ هَٰذَا الْوَعْدُ إِنْ كُنْتُمْ صَادِقِينَ (25)

(૨૫) અને તેઓ આ કહે છે કે જો તમે સાચા છો તો વાયદાનો સમય ક્યારે છે?

قُلْ إِنَّمَا الْعِلْمُ عِنْدَ اللَّهِ وَإِنَّمَا أَنَا نَذِيرٌ مُبِينٌ (26)

(૨૬) તું કહે કે (તેનુ) ઇલ્મ અલ્લાહ પાસે છે, અને હું માત્ર એક ખુલ્લો ડરાવનારો છું.

فَلَمَّا رَأَوْهُ زُلْفَةً سِيئَتْ وُجُوهُ الَّذِينَ كَفَرُوا وَقِيلَ هَٰذَا الَّذِي كُنْتُمْ بِهِ تَدَّعُونَ (27)

(૨૭) પછી જયારે તેઓ કયામતના અઝાબને નજીક નિહાળશે ત્યારે નાસ્તિકોના મોઢા કાળા પડી જશે, અને તેમને કહેવામાં આવશે કે આ એ જ અઝાબ છે કે જેની તમે માંગણી કરતા હતા.

قُلْ أَرَأَيْتُمْ إِنْ أَهْلَكَنِيَ اللَّهُ وَمَنْ مَعِيَ أَوْ رَحِمَنَا فَمَنْ يُجِيرُ الْكَافِرِينَ مِنْ عَذَابٍ أَلِيمٍ (28)

(૨૮) તું કહે કે મને બતાવો કે અલ્લાહ મને અને મારા સાથીઓને હલાક કરી નાખે અથવા અમારા ઉપર મહેરબાની કરે, (પરંતુ) નાસ્તિકોને દર્દનાક અઝાબથી કોણ બચાવશે?

قُلْ هُوَ الرَّحْمَٰنُ آمَنَّا بِهِ وَعَلَيْهِ تَوَكَّلْنَا ۖ فَسَتَعْلَمُونَ مَنْ هُوَ فِي ضَلَالٍ مُبِينٍ (29)

(૨૯) તું કહે કે એ જ રહેમાન અલ્લાહ છે કે જેના ઉપર અમે ઈમાન લાવ્યા છીએ, અને તેના જ ઉપર અમે આધાર રાખીએ છીએ, પછી તમે નજીકમાં જાણી લેશો કે ખુલ્લી ગુમરાહીમાં કોણ છે?

قُلْ أَرَأَيْتُمْ إِنْ أَصْبَحَ مَاؤُكُمْ غَوْرًا فَمَنْ يَأْتِيكُمْ بِمَاءٍ مَعِينٍ (30)

(૩૦) તું કહી દે કે મને બતાવો કે અગર તમારું પાણી ઝમીનમાં ઊંડુ ચાલ્યું જાય તો તમારા માટે વહેતું પાણી બહાર કોણ લાવશે?

સુરે નબઅની ફઝીલત :

હઝરત ઇમામે જાફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે જે માણસ પાબંદીથી (નિયમીત રીતે) સુરે નબઅની તિલાવત કરે તો ખુદાવંદે આલમ તેને વર્ષ પુરૂ થાય તે પહેલા બૈતુલ્લાહ (ખાનએ કા'બા)ની ઝિયારતથી મુશર્રફ કરશે. શૈખ તબરસી એ તફસીરે મજમઅુલ બયાનમાં ઉબય બિન કઅબથી રિવાયત નકલ કરી છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમેં ફરમાવ્યું: જે વ્યક્તિ દરરોજ સુરે નબા પઢે છે તો અલ્લાહ તઆલા કયામતના દિવસે તેને ઠંડા પાણીથી સેરાબ કરશે.

આ પણ વાઝેહ છે કે અહલુલબૈત અલૈહિમુસ્સલામની રિવાયાતોમાં આવી

વ્યાખ્યા મળી છે કે નબએ અઝીમ થી મુરાદ વિલાયત છે, અને ખાસ કરીને હઝરત અમીરુલ મોમેનીન અલયિહસ્સલામ જ આ નબએ અઝીમના સાચા મિસદાક છે.

હઝરત અલી અલયિહસ્સલામ જ નબએ અઝીમ છે, તેઓ જ કશ્તીએ નૂહ છે, અને તેઓ જ બાબુલ્લાહ છે.

સુરે નબઅ :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ અલ્લાહના નામ થી જે ખુબજ મહેરબાન અને દયા કરવા વાળો છે.
عَمَّ يَتَسَاءَلُونَ(1) عَنِ النَّبَإِ الْعَظِيمِ (2)
(૧) તેઓ કંઈ ચીઝ વિશે એકબીજાને સવાલ કરે છે ? (૨) તે મહાન ખબરના વિશે:

الَّذِي هُمْ فِيهِ مُخْتَلِفُونَ (3)
(૩) જેનાં બારામાં તેઓ વચ્ચે ઇખ્તેલાફ છે ?
كَلَّا سَيَعْلَمُونَ (4) ثُمَّ كَلَّا سَيَعْلَمُونَ (5)
(૪) કંઇ નહીં નજીકમાં તેઓ જાણી લેશે. (૫) તેઓ સરખી રીતે ઘણું જાણી લેશે.(કે કયામત થવાની છે)
أَلَمْ نَجْعَلِ الْأَرْضَ مِهَادًا (6) وَالْجِبَالَ أَوْتَادًا (7)
(૬) શું અમોએ ઝમીનને ફર્શ નથી બનાવ્યું? (૭) અને પહાડોને ખીલા (મજબૂત થાંભલા) બનાવ્યા
وَخَلَقْنَاكُمْ أَزْوَاجًا (8)
(૮) અને અમોએ તમને જોડા બનાવ્યા!
وَجَعَلْنَا نَوْمَكُمْ سُبَاتًا (9) وَجَعَلْنَا اللَّيْلَ لِبَاسًا (10)

(૯) અને તમારી નિંદરને આરામ માટે બનાવી:
(૧૦) અને અમોએ રાતને લિબાસ બનાવી:

وَجَعَلْنَا النَّهَارَ مَعَاشًا (11) وَبَنَيْنَا فَوْقَكُمْ سَبْعًا شِدَادًا (12)

(૧૧) અને અમોએ દિવસને આજીવિકા (મેળવવા) માટે બનાવ્યો. (૧૨) અને અમોએ તમારા પર સાત મજબૂત આસમાનો બનાવ્યા.

وَجَعَلْنَا سِرَاجًا وَهَّاجًا (13) وَأَنْزَلْنَا مِنَ الْمُعْصِرَاتِ مَاءً ثَجَّاجًا (14)

(૧૩) અને અમોએ (સૂરજને) એક રોશની આપનાર ચિરાગ બનાવ્યો. (૧૪) અને અમોએ વરસનાર વાદળોમાંથી મૂશળધાર પાણી વરસાવ્યું છે:

لِنُخْرِجَ بِهِ حَبًّا وَنَبَاتًا (15)

(૧૫) કે જેથી અમે તેના વડે અનાજ તથા શાકભાજી ઉગાવીએ :

وَجَنَّاتٍ أَلْفَافًا (16) إِنَّ يَوْمَ الْفَصْلِ كَانَ مِيقَاتًا (17)
(૧૬) અને (વૃક્ષોથી) ઢંકાયેલ બગીચાઓ બનાવ્યા. (૧૭) બેશક (હક અને બાતિલની) જુદાઇનો દિવસ વાયદાની જગ્યા છે!
يَوْمَ يُنْفَخُ فِي الصُّورِ فَتَأْتُونَ أَفْوَاجًا (18)
(૧૮) જે દિવસે સૂર ફૂંકવામાં આવશે અને તમે ગિરોહ ગિરોહ (મહેશરમાં) આવશો:
وَفُتِحَتِ السَّمَاءُ فَكَانَتْ أَبْوَابًا (19)
(૧૯) અને આસમાન(ના રસ્તાઓ) ખોલી નાખવામાં આવશે અને દરવાજાઓ બની જશે:
وَسُيِّرَتِ الْجِبَالُ فَكَانَتْ سَرَابًا (20)
(૨૦) અને પહાડોને પોતાના જગ્યાએથી ચલાવવામાં આવશે, અને તે રેતી જેવા બની જશે.

إِنَّ جَهَنَّمَ كَانَتْ مِرْصَادًا (21)
(૨૧) બેશક જહન્નમ (તેઓને) તાકીને બેઠી છેઃ
لِلطَّاغِينَ مَآبًا (22) لَابِثِينَ فِيهَا أَحْقَابًا (23)
(૨૨) જે સરકશોની (નાફરમાની કરનારની) જગ્યા છેઃ (૨૩) જેમાં તેઓ લાંબી મુદ્દત સુધી રહેશે.
لَا يَذُوقُونَ فِيهَا بَرْدًا وَلَا شَرَابًا (24)
(૨૪) ન ઠંડકની મજા ચાખી શકશે અને ન કોઇ મનપસંદ પીણુ (ચાખી શકશે):
إِلَّا حَمِيمًا وَغَسَّاقًا (25) جَزَاءً وِفَاقًا (26)
(૨૫) સિવાય કે ઉકળતું પાણી અને લોહી વાળુ પરૂ. (૨૬) આ (તેમના આમાલનો) યોગ્ય બદલો છે.

إِنَّهُمْ كَانُوا لَا يَرْجُونَ حِسَابًا (27)

(૨૭) તેઓ હિસાબ કિતાબની ઉમ્મીદ જ રાખતા ન હતા :

وَكَذَّبُوا بِآيَاتِنَا كِذَّابًا (28)

(૨૮) અને તેઓ અમારી આયતોને સંપૂર્ણપણે જૂઠલાવતા હતા.

وَكُلَّ شَيْءٍ أَحْصَيْنَاهُ كِتَابًا (29)

(૨૯) અને અમોએ દરેક વસ્તુને ગણતરી કરીને કિતાબમાં લખી દીધી છેઃ

فَذُوقُوا فَلَنْ نَزِيدَكُمْ إِلَّا عَذَابًا (30)

(૩૦) માટે સ્વાદ ચાખો, અમે તમારા માટે અઝાબ સિવાય બીજું કાંઇ વધારશું નહી.

إِنَّ لِلْمُتَّقِينَ مَفَازًا (31) حَدَائِقَ وَأَعْنَابًا (32)

(૩૧) બેશક પરહેઝગારો માટે સફળતા છે: (૩૨) લીલાછમ બગીચાઓ તથા પ્રકાર-પ્રકારની દ્રાક્ષઃ

وَكَوَاعِبَ أَتْرَابًا (33) وَكَأْسًا دِهَاقًا (34)

(૩૩) અને સમાન વયની જવાન હૂરોઃ (૩૪) અને છલકતા પ્યાલા.

لَا يَسْمَعُونَ فِيهَا لَغْوًا وَلَا كِذَّابًا (35)

(૩૫) તેઓ તેમાં ન કંઇ નકામી વાત સાંભળશે અને ન કંઇ જૂઠી વાત.

جَزَاءً مِنْ رَبِّكَ عَطَاءً حِسَابًا (36)

(૩૬) આ તારા પરવરદિગાર તરફથી હિસાબ કરેલી અતા છે અને (તમારા આમાલની) જઝા છેઃ

رَبِّ السَّمَاوَاتِ وَالْأَرْضِ وَمَا بَيْنَهُمَا الرَّحْمَٰنِ ۖ لَا يَمْلِكُونَ مِنْهُ خِطَابًا (37)

(૩૭) તે આસમાનો અને ઝમીન તથા જે કાંઇ તે બંનેની વચ્ચે છે તેનો પરવરદિગાર છે, રહેમાન (અલ્લાહ સામે) કોઈને બોલવાનો પણ અધિકાર નહિ હોય.

يَوْمَ يَقُومُ الرُّوحُ وَالْمَلَائِكَةُ صَفًّا ۖ لَا يَتَكَلَّمُونَ إِلَّا مَنْ أَذِنَ لَهُ الرَّحْمَٰنُ وَقَالَ صَوَابًا (38)

(૩૮) જે દિવસે રૂહુલ કુદુસ અને ફરિશ્તાઓ હારબંધ ઊભા હશે, અને કોઈપણ વાત નહિ કરે, સિવાય કે જેને રહેમાન રજા આપે અને યોગ્ય વાત કરે.

ذَٰلِكَ الْيَوْمُ الْحَقُّ ۖ فَمَنْ شَاءَ اتَّخَذَ إِلَىٰ رَبِّهِ مَآبًا (39)

(૩૯) આ જ તે સાચો દિવસ છે, માટે જે ચાહે તે પોતાના પરવરદિગારની તરફ પાછા ફરવાનો રસ્તો પસંદ કરે.

إِنَّا أَنْذَرْنَاكُمْ عَذَابًا قَرِيبًا يَوْمَ يَنْظُرُ الْمَرْءُ مَا قَدَّمَتْ يَدَاهُ وَيَقُولُ الْكَافِرُ يَا لَيْتَنِي كُنْتُ تُرَابًا (40)

(૪૦) અમોએ તમને નજીકમાં આવનાર અઝાબથી ડરાવ્યા, જે દિવસે ઈન્સાન પોતાના હાથે આગળ મોકલેલા (આમાલ)ને જોશે, અને નાસ્તિક તમન્ના કરીને કહેશે કે કાશ હું માટી હોત!

સુરે આઅલા ની ફઝીલત :

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે: જે કોઇ સુરે આઅલાની તિલાવત કરે તો ખુદાવંદે આલમ તેને હઝરત મોહમ્મદ, હઝરત મુસા અને હઝરત ઇબ્રાહીમ પર નાઝિલ થયેલા સહીફાઓના કુલ અક્ષરોના દસ ગણો સવાબ અતા ફરમાવશે.

શૈખ સદૂક ઈમામ જાફર સાદિક અલયહિસ્સલામથી રિવાયત નકલ કરે છે કે: જે શખ્સ વાજીબ અથવા મુસ્તહબ નમાઝમાં સુરે આઅલા ની તિલાવત કરે છે તો ક્યામતના દિવસે તેને કહેવામાં આવશે: જન્નતના જ્યાં દરવાજા થી ચાહો દાખલ થઇ જાવ.

સુરે આઅલા:

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ અલ્લાહના નામ થી જે ખુબજ મહેરબાન અને દયા કરવા વાળો છે.
سَبِّحِ اسْمَ رَبِّكَ الْأَعْلَى (1) الَّذِي خَلَقَ فَسَوّٰى (2)
(૧) તારા સૌથી મહાન પરવરદિગારના નામની તસ્બીહ કર : (૨) જેણે દરેક વસ્તુઓ પેદા કરીને મુનઝઝમ (સરખી રીતે) બનાવી:
وَالَّذِي قَدَّرَ فَهَدٰى (3) وَالَّذِي أَخْرَجَ الْمَرْعٰى ﴿٤﴾
(૩) અને જેણે તકદીર કરી અને પછી તેને હિદાયત આપી: (૪) અને જેણે ચારો ઊગાડયો:
فَجَعَلَهُ غُثَاءً أَحْوٰى (5)
(૫) પછી તેણે તેને સૂકવીને કાળું કરી નાખ્યું.

سَنُقْرِئُكَ فَلَا تَنْسَىٰ (6)

(૬) નજીકમાં અમે તને એવી રીતે પઢાવીશું કે તું ક્યારેય ભૂલીશ નહિં :

إِلَّا مَا شَاءَ اللَّهُ ۚ إِنَّهُ يَعْلَمُ الْجَهْرَ وَمَا يَخْفَىٰ (7)

(૭) સિવાય કે જે અલ્લાહ ચાહે; બેશક તે જાહેર અને છુપી રહેવાવાળી વસ્તુને જાણે છે.

وَنُيَسِّرُكَ لِلْيُسْرَىٰ (8) فَذَكِّرْ إِنْ نَفَعَتِ الذِّكْرَىٰ (9)

(૮) અને અમે તને સહેલા રસ્તા તરફ ચાલવાની તૌફીક આપીશું. (૯) તેથી યાદ અપાવજો, જો યાદ અપાવવાથી ફાયદો થતો હોય.

سَيَذَّكَّرُ مَنْ يَخْشَىٰ (10)

(૧૦) નજીકમાંજ જે અલ્લાહથી ડરે છે તે નસીહત હાંસિલ કરશેઃ

وَيَتَجَنَّبُهَا الْأَشْقَى (11) الَّذِي يَصْلَى النَّارَ الْكُبْرَىٰ (12)

(૧૧) અને તેનાથી બદનસીબ અલગ થઇ જશે (૧૨) જે ઘણી મોટી આગમાં જશે.

ثُمَّ لَا يَمُوتُ فِيهَا وَلَا يَحْيَىٰ (13) قَدْ أَفْلَحَ مَنْ تَزَكَّىٰ (14)

(૧૩) પછી ન તેમાં તેને મૌત આવશે ન તે જીવતો રહેશે. (૧૪) બેશક જે પોતાને પાકીઝા રાખશે તે સફળ થશે :

وَذَكَرَ اسْمَ رَبِّهِ فَصَلَّىٰ (15) بَلْ تُؤْثِرُونَ الْحَيَاةَ الدُّنْيَا (16)

(૧૫) અને જેણે પોતાના પરવરદિગારના નામનો ઝિક્ર કર્યો તથા નમાઝ પઢી. (૧૬) પરંતુ તમે દુનિયાના જીવનને અગ્રતા આપો છો:

وَالْآخِرَةُ خَيْرٌ وَأَبْقَىٰ (17)
(૧૭) જોકે આખેરત બહેતર અને વધુ બાકી રહેનારી છે.
إِنَّ هَٰذَا لَفِي الصُّحُفِ الْأُولَىٰ (18)
(૧૮) બેશક આ વસ્તુ અગાઉની કિતાબોમાં પણ છે:
صُحُفِ إِبْرَاهِيمَ وَمُوسَىٰ (19)
(૧૯) ઇબ્રાહીમ તથા મૂસાના સહીફાઓમાં.

સુરે શમ્સ ની ફઝીલત:

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે કે જેણે સુરે શમ્સની તિલાવત કરી તો જાણે કે તેણે જે ચીઝો પર સુરજની કિરણો પડે છે તેના બરાબર રાહે ખુદામાં સદકો આપ્યો.

તફસીર મજમઅુલ બયાનમાં ઉબય બિન કઅબથી રિવાયત નકલ કરવામાં આવી છે કે રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમે ફરમાવ્યું:
જે વ્યક્તિ સૂરે શમ્સની તિલાવત કરે છે, તેને એવો સવાબ મળશે જાણે તેણે આસમાન અને જમીન પર સૂરજ અને ચાંદના પ્રકાશમાં આવતી દરેક વસ્તુ બરાબર અલ્લાહની રાહમાં સદકો આપ્યો હોય.

સુરે શમ્સ:

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ અલ્લાહના નામ થી જે ખુબજ મહેરબાન અને દયા કરવા વાળો છે.
وَالشَّمْسِ وَضُحَاهَا ﴿١﴾ وَالْقَمَرِ إِذَا تَلَاهَا ﴿٢﴾
(૧) સૂરજ તથા તેની રોશનીની કસમ: (૨) અને ચાંદની કસમ જયારે તે તેની પાછળ ચાલે છે :
وَالنَّهَارِ إِذَا جَلَّاهَا ﴿٣﴾ وَاللَّيْلِ إِذَا يَغْشَاهَا ﴿٤﴾
(૩) અને કસમ છે દિવસની જયારે કે તે રોશની આપે છે (૪) અને કસમ છે રાતની જયારે કે તે તેને ઢાંકી દે છે:
وَالسَّمَاءِ وَمَا بَنَاهَا ﴿٥﴾
(૫) કસમ છે આસમાનની અને તેની કે જેણે તેને બનાવ્યું છે:

وَالْأَرْضِ وَمَا طَحَاهَا ﴿٦﴾
(૬) અને કસમ છે ઝમીનની અને તેની કે જેણે તેને પાથરી છેઃ
وَنَفْسٍ وَمَا سَوَّاهَا ﴿٧﴾
(૭) અને કસમ છે નફસની અને તેની કે જેણે તેને બેહતરીન બનાવી:
فَأَلْهَمَهَا فُجُورَهَا وَتَقْوَاهَا ﴿٨﴾
(૮) પછી તેણે (નફ્સને) બૂરાઇ અને તકવાથી હિદાયત આપી (બેહતરીન માર્ગદર્શક બનાવી):
قَدْ أَفْلَحَ مَن زَكَّاهَا ﴿٩﴾ وَقَدْ خَابَ مَن دَسَّاهَا ﴿١٠﴾
(૯) બેશક તે કામ્યાબ થયો જેણે પોતાને પાકીઝા કરી લીધો (૧૦) અને જેણે તેને બગાડી નાખ્યો તે બેશક નુકસાનમાં રહ્યો.

كَذَّبَتْ ثَمُودُ بِطَغْوَاهَا ﴿١١﴾
إِذِ انبَعَثَ أَشْقَاهَا ﴿١٢﴾

(૧૧) (કોમે)સમૂદે પોતાની સરકશીને લીધે રસૂલને જૂઠલાવ્યા: (૧૨) જ્યારે કે તેઓમાંનો (એક) ખરાબ વ્યક્તિ ઊભો થયો:

فَقَالَ لَهُمْ رَسُولُ اللَّهِ نَاقَةَ اللَّهِ وَسُقْيَاهَا ﴿١٣﴾

(૧૩) ત્યારબાદ અલ્લાહના રસૂલે તેમને કહ્યું કે અલ્લાહની ઊંટણી અને તેને પાણી પીવડાવવાનું ધ્યાન રાખજો.

فَكَذَّبُوهُ فَعَقَرُوهَا فَدَمْدَمَ عَلَيْهِمْ رَبُّهُمْ بِذَنبِهِمْ فَسَوَّاهَا ﴿١٤﴾ وَلَا يَخَافُ عُقْبَاهَا ﴿١٥﴾

(૧૪) પછી તેમણે તેને જૂઠલાવ્યા, અને તે ઊંટણીના પગ કાપી નાખ્યા (કત્લ કરી), જેથી પરવરદિગારે તેમના આ ગુનાહના કારણે તેમના પર અઝાબ કર્યો અને બધાને (માટીની) બરાબર કરી નાખ્યા:
(૧૫) અને તેને તેમના અંજામનો ડર નથી.

સુરે કદ્રની ફઝીલત :

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે કે સુરે કદ્રની તિલાવત કરવાવાળાનો સવાબ, માહે રમઝાનુલ મુબારકમાં રોઝા રાખનારાઓના સવાબ જેટલો છે.

ઇમામ જાફર સાદિક અલયહિસ્સલામ થી રિવાયત છે કે જે વ્યક્તિ વાજિબ નમાઝમાં સુરે કદ્ર ની તિલાવત કરે, તો અલ્લાહ તઆલા તરફથી એક મુનાદી અવાજ કરશે એ બંદા! તારા ભૂતકાળના બધા ગુનાહો માફ થઇ ગયા છે હવે તું નવી જિંદગી સાથે નેક અમલની શરૂઆત કર.

સુરે કદ્ર:

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ અલ્લાહના નામ થી જે ખુબજ મહેરબાન અને દયા કરવા વાળો છે.
إِنَّا أَنزَلْنَاهُ فِي لَيْلَةِ الْقَدْرِ ﴿١﴾
(૧) બેશક અમોએ તે (કુરાન)ને કદ્રની રાત (શબે કદ્ર)માં નાઝિલ કર્યુ.
وَمَا أَدْرَاكَ مَا لَيْلَةُ الْقَدْرِ ﴿٢﴾
(૨) અને તું શું જાણે કે કદ્રની રાત શું છે?
لَيْلَةُ الْقَدْرِ خَيْرٌ مِّنْ أَلْفِ شَهْرٍ ﴿٣﴾
(૩) કદ્રની રાત હજાર મહિનાઓથી બેહતર છે.

تَنَزَّلُ الْمَلَائِكَةُ وَالرُّوحُ فِيهَا بِإِذْنِ رَبِّهِم مِّن كُلِّ أَمْرٍ ﴿٤﴾
(૪) તેમાં ફરિશ્તાઓ અને રૂહુલ કુદુસ પરવરદિગારની ઈજાઝતથી દરેક બાબતોની (તકદીર) સાથે નાઝિલ થાય છે :
سَلَامٌ هِيَ حَتَّىٰ مَطْلَعِ الْفَجْرِ ﴿٥﴾
(૫) સવાર થવા સુધી સલામતી જ છે.

સુરે ઝીલઝાલની ફઝીલત :

હઝરત ઈમામ જાફર સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે: જે કોઈ સૂરા ઝીલઝાલની તિલાવત કરવાનું ભૂલશે નહીં અને જે કોઈ મુસ્તહબ નમાઝમાં આ સૂરાની તિલાવત કરશે, તે ક્યારેય ધરતીકંપ, વીજળી પડવાથી અથવા દુનિયાવી બલાઓથી નહીં મરે અને મૃત્યુ પછી જન્નતમાં દાખલ થશે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ થી રિવાયત થયેલ છે કે જેણે ચાર વખત સુરે ઝીલઝાલ પડ્યો તે એવો છે જાણે તેણે આખું કુરાન ખતમ કર્યું હોય.

સુરે ઝીલઝાલ:

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ અલ્લાહના નામ થી જે ખુબજ મહેરબાન અને દયા કરવા વાળો છે.
إِذَا زُلْزِلَتِ الْأَرْضُ زِلْزَالَهَا ﴿١﴾
(૧) જ્યારે ઝમીન સખ્ત રીતે ધ્રુજી ઊઠશેઃ
وَأَخْرَجَتِ الْأَرْضُ أَثْقَالَهَا ﴿٢﴾
(૨) અને પોતાનો ભાર કાઢી નાખશેઃ

وَقَالَ الْإِنسَانُ مَا لَهَا ﴿٣﴾
(૩) અને ઈન્સાન કહેશે કે તેને શું થઇ ગયું છે ?
يَوْمَئِذٍ تُحَدِّثُ أَخْبَارَهَا ﴿٤﴾
(૪) તે દિવસે તે પોતાની હાલત બયાન કરશેઃ
بِأَنَّ رَبَّكَ أَوْحَىٰ لَهَا ﴿٥﴾
(૫) કારણ કે તારા પરવરદિગારે તેને વહી કરી છે.
يَوْمَئِذٍ يَصْدُرُ النَّاسُ أَشْتَاتًا لِّيُرَوْا أَعْمَالَهُمْ ﴿٦﴾
(૬) તે દિવસે લોકો જુદા જુદા સમૂહોમાં કબરોમાંથી નીકળશે કે જેથી તેઓના આમાલ તેઓને દેખાડવામાં આવે.

فَمَن يَعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَرَهُ ﴿٧﴾
(૭) પછી જે શખ્સે ઝર્રા બરાબર નેકી કરી હશે તેને તે નિહાળશે.
وَمَن يَعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَرَهُ ﴿٨﴾
(૮) અને જેણે ઝર્રા બરાબર બુરાઈ કરી હશે તેને પણ તે નિહાળશે.

કિસ્સો:

સુરે ઝીલઝાલ

એક શખ્સ રસૂલે ખુદા સલલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ ના ઝમાનામાં ઇસ્લામને સાચો ધર્મ સમજી મુસલમાન થાય છે અને રસૂલ પાસે આવી કલમો પડે છે એ સમયમાં જ્યારે કોઇ નવું મુસલમાન થતું તો ઇસ્લામ શિખવાડવા માટે અમુક ઉસ્તાદ અને શિક્ષક રાખવામાં આવ્યા હતા જેથી નવા નવા મુસલમાન ને ઇસ્લામ શીખવાડવામાં આવે અહીંયા પણ રસૂલે ખુદા સલલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમે આ નવા મુસલમાન માટે એક ઉસ્તાદ નક્કી કર્યા અને નવા મુસલમાનને એક ખાસ જગ્યા બોલાવી ઇસ્લામના કાયદા કાનૂન શીખવાડવામાં આવતા અને થોડાક દિવસ પછી જ્યારે ઉસ્તાદે નવા મુસલમાનને આ સૂરો શીખવાડયો એટલે તેણે હવે

આવવાનું બંધ કરી દીધું જયારે બે ત્રણ દિવસ તે શખ્સ ન આવ્યો એટલે ઉસ્તાદ રસૂલે ખુદા સલલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ પાસે જાય છે અને કહે છે કે યા રસૂલલ્લાહ હવે તે નવો મુસલમાન ઇસ્લામ શિખવા નથી આવતો અને હજી શીખવાનું બાકી છે.

હઝરત રસૂલે ખુદા સલલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમે પૂછ્યું, છેલ્લે શું શિખવાડયું હતું? તે ઉસ્તાદ કહે છે સુરે ઝિલઝાલ. રસૂલે ખુદા સલલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ કહે છે હવે તેને ઇસ્લામ શીખવાની જરૂરત નથી કેમકે તે સંપૂર્ણ ઇસ્લામ શીખી ગયો છે એટલે નથી આવતો, આ સુરાની છેલ્લી બે આયતમાં છે કે જેણે કોઇ નાની એવી પણ નેકી કરી હશે તો તેનો બદલો તેને આખરેતમાં મળશે અને જેણે કોઇ નાની એવી બુરાઇ કરી હશે તો તેનો

બદલો તેને આખરેતમાં મળશે તો તેણે પોતાની આખી ઝીંદગી માટે આ વાત યાદ કરી લીધી. કોઇ બુરાઇ કરશે નહીં, અને કોઇ નેકી છોડશે નહીં.

સુરે આદિયાતની ફઝીલત :

ઇમામ જાફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે જે કોઇ પાબંદી ની સાથે સુરે આદિયાતની તિલાવત કરશે તો કયામતના દિવસે હઝરત અલી અલય્હિસ્સલામ ના ખાસ સહાબીઓમાં તેની ગણતરી કરવામાં આવશે અને તેને આપના સાથીઓની સાથે રાખવામાં આવશે.

સુરે આદિયાત:

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ અલ્લાહના નામ થી જે ખુબજ મહેરબાન અને દયા કરવા વાળો છે.
وَالْعَادِيَاتِ ضَبْحًا ﴿١﴾
(૧) કસમ છે ફૂંકાર ભરીને દોડતા ઝડપી ઘોડાઓની.
فَالْمُورِيَاتِ قَدْحًا ﴿٢﴾ فَالْمُغِيرَاتِ صُبْحًا ﴿٣﴾
(૨) કે જે (ટાપ મારી) તિખારા ઊડાડનારા છે: (૩) પછી સવારના સમયે હમલો કરનારા છેઃ
فَأَثَرْنَ بِهِ نَقْعًا ﴿٤﴾ فَوَسَطْنَ بِهِ جَمْعًا ﴿٥﴾
(૪) પછી (જંગમાં) ધૂળના ગોટેગોટા ઉડાડનારા છે. (૫) અને (દુશ્મનોના) ટોળાની વચ્ચે ઘુસી જનારા છેઃ

إِنَّ الْإِنسَانَ لِرَبِّهِ لَكَنُودٌ ﴿٦﴾

(૬) બેશક ઈન્સાન પોતાના પરવરદિગાર માટે ઘણો નાશુક્રો છે

وَإِنَّهُ عَلَىٰ ذَٰلِكَ لَشَهِيدٌ ﴿٧﴾

(૭) અને તે પોતે તે વાતનો ગવાહ છે.

وَإِنَّهُ لِحُبِّ الْخَيْرِ لَشَدِيدٌ ﴿٨﴾

(૮) અને માલો દોલતથી ખૂબજ મોહબ્બત રાખે છે.

أَفَلَا يَعْلَمُ إِذَا بُعْثِرَ مَا فِي الْقُبُورِ ﴿٩﴾

(૯) શું તે નથી જાણતો કે જ્યારે કબરોમાંથી મુર્દાને ઊઠાડવામાં આવશે ?

وَحُصِّلَ مَا فِي الصُّدُورِ ﴿١٠﴾
(૧૦) અને દિલના રાઝોને જાહેર કરી દેવામાં આવશે :
إِنَّ رَبَّهُم بِهِمْ يَوْمَئِذٍ لَّخَبِيرٌ ﴿١١﴾
(૧૧) તે દિવસે તેઓનો પરવરદિગાર તેઓની હાલતથી સારી રીતે વાકેફ હશે!

મુખ્તસર તફ્સીર (સુરે આદિયાત)

જેહાદ હકીકતમાં ખુદનો બચાવ કરવો છે ઇસ્લામે કદી પણ જંગને શરૂ કરવાનો હુકમ નથી આપ્યો અને જ્યાં જેહાદ કરવાનો હુકમ આપ્યો છે ત્યાં પોતાને અને ઇસ્લામને બચાવવાંનો હુક્મ આપ્યો છે અને અહીંયા અલ્લાહે જેહાદ કરનારાઓના પગ નીચે દોડતા ઘોડાઓની ફૂંકારની કસમ ખાધી છે.

મુસ્લિમોને ચુસ્ત તૈયાર અને એકતા સાથે રહેવું જોઈએ. (ઘોડાની કસમમાં ઉદ્દેશપૂર્ણ તૈયારી અને સક્રિયતા માટે પ્રોત્સાહન છે). મુસલમાન ને ઘોડાની સવારી કરતા આવડવું જોઈએ. ઘોડા અલ્લાહના માર્ગમાં દોડે છે પરંતુ માણસ ઘણી વાર પોતાના રબ સામે અણગમતું વર્તન કરે છે.

સુરે કાફેરૂનની ફઝીલત :

હઝરત રસૂલે ખુદા સલલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમે ફરમાવ્યું છે કે જે કોઈ સુરે કાફેરૂનની તિલાવત કરશે તો તેને ચોથા ભાગનું કુરાન પઢવાનો સવાબ અતા કરવામાં આવશે અને શૈતાનો તેનાથી દૂર ભાગી જશે.

સુરે કાફેરૂન:

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ અલ્લાહના નામ થી જે ખુબજ મહેરબાન અને દયા કરવા વાળો છે.
قُلْ يَا أَيُّهَا الْكَافِرُونَ ﴿١﴾
(૧) (અય રસૂલ આપ) કહો કે અય કાફીર લોકો!
لَا أَعْبُدُ مَا تَعْبُدُونَ ﴿٢﴾
(૨) જેની તમે પૂજા કરો છો તેની ઇબાદત હું નથી કરતો:
وَلَا أَنتُمْ عَابِدُونَ مَا أَعْبُدُ ﴿٣﴾
(૩) અને ન તમે એ મઅબૂદની ઇબાદત કરશો જેની હું ઇબાદત કરૂ છુ.
وَلَا أَنَا عَابِدٌ مَّا عَبَدتُّمْ ﴿٤﴾
(૪) અને ન હું તમારા મઅબૂદોની પૂજા કરનારો છું જેને તમે માનો છો:

وَلَا أَنتُمْ عَابِدُونَ مَا أَعْبُدُ ﴿٥﴾
(૫) અને ન તમે એ મઅબૂદની ઇબાદત કરશો જેની હું ઇબાદત કરૂ છુ.
لَكُمْ دِينُكُمْ وَلِيَ دِينِ ﴿٦﴾
(૬) તમારો દીન તમારા માટે અને મારો દીન મારા માટે.

મુખ્તસર તફ્સીર (સુરે કાફેરૂન)

મરહુમ શૈખ તુસી કહે છે કે ઇબ્ને અબ્બાસ આ સુરા વિશે ફરમાવે છે કે આ સુરા ક્યારે અને કેવી રીતે નાઝિલ થયો? આ સૂરા તે સમયે નાઝિલ થયો જ્યારે કુરૈશના કેટલાક લોકો હઝરત રસૂલે ખુદા સલલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ પાસે આવ્યા અને કહ્યું: તમે એક વર્ષ અમારા દેવતાઓની પૂજા કરો અને અમે એક વર્ષ તમારા અલ્લાહની ઇબાદત કરીશું.

આના જવાબમાં આ સૂરો નાઝિલ થયો અને આ લોકો વિશે કહેવામાં આવ્યું છે કે શું તમે મને અલ્લાહ સિવાય બીજાની ઈબાદત કરવાનો હુકમ આપો છો અય જાહિલ લોકો?

પછી બીજી એક રિવાયત આ પ્રમાણે પણ છે ચાલો, આપણે અને તમે બન્ને થોડો થોડો સમય એકબીજાના મઅબુદ ની ઈબાદત કરીએ જેથી આપણા વચ્ચેની દુશ્મની ખતમ થઈ જાય. કુરૈશ લોકો ઇસ્લામ સાથે સમજોતો કરવા માંગતા હતા પણ અલ્લાહે બતાવ્યું કે ઈબાદતમાં કોઈ સમજોતો નથી એટલે આ સૂરામાં સ્પષ્ટ કહી દેવામાં આવ્યું છે કે અલ્લાહ સિવાય બીજાની ઈબાદત ક્યારેય નહીં થાય.

પયગામ (સુરે કાફેરૂન)

1. રસૂલે ખુદા સલલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ અલ્લાહ પાસેથી આવતી વહી ના અમીન હતા એટલે કે જે શબ્દ અલ્લાહે વાપર્યો હોય તે જ શબ્દ લોકોને બતાવતા જે કૂલ રસૂલ માટે આવ્યું હતું તેને પણ રસુલ વહીના શબ્દ સાથે કુરાનમાં રાખતા અને એ જ રીતે લોકો સુધી પહોંચાડતા હતાં.

2. ખોટી ગેરવાજબી પ્રસ્તાવ સામે મોમિનને સ્પષ્ટ અને મજબૂત જવાબ આપવો જોઈએ.

3. એકતા અને વેહદતના નામે દીનની બુનિયાદ અને અકીદાને ન છેડવો જોઈએ.

4. કાફિરોને સ્પષ્ટ કહી દેવું કે મુસલમાનો ક્યારેય પોતાના ઈમાનમાંથી પાછા નહીં ફરે એટલે તેઓ માયુસ થઈ જાય.

5. કાફિરો થી અલગ છીએ તો તેની સામે પોતાની અલગ ઓળખ જાહેર કરવી અને તેને દોહરાવવી જોઈએ.

6. દીનના મામલામાં સોદો, સમજોતા કે નરમાઈ કરવી નહીં. અને પોતાનો અકીદો વારંવાર દોહરાવવો પણ જોઈએ.

7. લોકોને ખુશ કરવા માટે ખોટી રીત અપનાવવી જોઈએ નહીં. અને લોકોને સારું લાગે તેના માટે હા માં હા કરવી નહીં.

8. કુરાન ગૈબની ખબર આપે છે અને જે લોકો આ સમજોતા લઈને આવ્યા હતા તેમાંથી એક પણ મુસ્લમાન થયું નહીં અને ઈમાન લાવ્યા નહીં.

9. નેતૃત્વ માટે મજબૂત સ્થિરતા જરૂરી છે.

10. અલ્લાહની ઈબાદત જ મોમિન અને કાફિર વચ્ચેનો મુખ્ય ફરક છે.

11. માણસને ધર્મ અને દીન પસંદ કરવાની છૂટ છે જબરદસ્તી નથી. તમારો દીન તમારા માટે અને મારો દીન મારા માટે.

12. હક અને બાતિલને સ્પષ્ટ રીતે અલગ કરવું જોઈએ.
13. દરેકનો મઅબૂદ તેની દીનની ઓળખ બતાવે છે.

સુરે નસ્રની ફઝીલત:

હઝરત ઈમામ જાફરે સાદિક અલયિહિસ્સલામ ફરમાવે છે કે જે કોઈ વાજિબ અથવા મુસ્તહબ નમાઝમાં સુરે નસ્રની તિલાવત કરે તો તે પોતાના દુશ્મનો પર કામિયાબ થશે.

સુરે નસ્રઃ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ અલ્લાહના નામ થી જે ખુબજ મહેરબાન અને દયા કરવા વાળો છે.
إِذَا جَاءَ نَصْرُ اللّٰهِ وَالْفَتْحُ ﴿١﴾
(૧) જ્યારે અલ્લાહની મદદ અને જીત (ફત્હ) આવી પહોંચશેઃ
وَرَأَيْتَ النَّاسَ يَدْخُلُونَ فِي دِينِ اللّٰهِ أَفْوَاجًا ﴿٢﴾
(૨) ત્યારે તમે જોઈશો કે લોકોના ગિરોહ-ગિરોહ (લશ્કર પછી લશ્કર) અલ્લાહના દીનમાં દાખલ થશે.
فَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ وَاسْتَغْفِرْهُ ۚ إِنَّهُ كَانَ تَوَّابًا ﴿٣﴾
(૩) માટે તમે તમારા પરવરદિગારની તસ્બીહ કરો, અને તેની બારગાહમાં ઇસ્તેગફાર કરો; બેશક તે ખુબજ વધારે તૌબાનો કબૂલ કરનાર છે.

મુખ્તસર તફ્સીર (સુરે નસ્ર):

જ્યારે અલ્લાહની મદદ આવી અને જીત (ફ) નસીબ થઇ અને મક્કા ફત્હ કરી લેવામાં આવ્યું તો તેઓમાંથી અમુક મક્કાથી ભાગી ગયા અને કેટલાક લોકોએ પોતાના હથિયાર મૂકી દીધા ત્યારબાદ અરબના કબીલા અને સમૂહ, જૂથ દર જૂથ અને ટોળા પછી ટોળા. આવ્યા

ઇસ્લામ દીનમાં દાખલ થવા લાગ્યા ત્યારે અલ્લાહે આ સૂરા નાઝિલ કર્યો કેટલાક લોકો ઇસ્લામની સચ્ચાઇને કારણે ઈમાન લાવ્યા, જ્યારે કેટલાક લોકો ડરથી માત્ર બહારથી મુસલમાન બન્યા જેમ કે અબૂ સુફિયાન વિશે કિતાબોમાં જોવા મળે છે:અબુ સુફીયાન સાચા અર્થમાં મુસલમાન થયો નહતો, માત્ર તે જાહેરમાં મુસલમાન થયો હતો પરંતુ અંદરથી કાફિર હતો જેને મુનાફિક ભી કેહવાય.

જ્યારે મક્કા ફત્હ થયું અને મુસ્લમાનોએ જીત મેળવી લીધી ત્યારે રસૂલે ખુદા સલલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમને તે દિવસ યાદ આવે છે જ્યારે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ મક્કામાંથી છુપાઈને નીકળ્યા હતા કેમકે મક્કાના કાફિરો આપને કતલ કરવાનો ઇરાદો રાખતા હતા. ત્યારે આપે મદીના હિજરત કરી હતી.

અને હવે જ્યારે મક્કામાં જીત મેળવે છે ત્યાર બાદ આપ અલ્લાહનો શુક્ર કરી સજદો કરે છે અને આ સૂરા ફત્હની તિલાવત કરતા મસ્જિદુલ હરામમાં દાખલ થાય છે અને મુસલમાનો પણ આપની સાથે તકબીર કહેતા કહેતા મસ્જિદમાં દાખલ થાય છે.

આપ કઅબા નજીક આવ્યા અને બૂતોને તોડવા લાગ્યા અને આ આયત પઢતા ગયા. હક આવી ગયું અને બાતિલ ખતમ થઇ ગયું

બેશક બાતિલ તો ખતમ થવાનું જ છે. અને જ્યાં આપનો હાથ કઅબા ઉપર મોટી મૂર્તિઓ સુધી ન પહોંચ્યો તેના માટે આપે હઝરત અલી અલય્હિસ્સલામને હુકમ આપ્યો કે મારા ખંભા પર ચઢો અને આ મૂર્તિઓને નીચે પાડી દો ત્યારબાદ નબી કરીમે કઅબાનો દરવાજાને પકડીને મક્કાના લોકોને પૂછ્યું: આજે તમે મારી પાસેથી શું અપેક્ષા રાખો છો? તો બધાએ જવાબ આપ્યો: માફી. આ સાંભળીને નબીએ કરીમની આંખોમાં આંસુ આવી ગયા અને લોકો પણ રડી પડ્યા.

ત્યારબાદ આ આયત પડી આજે તમારે ઉપર કોઈ જબરદસ્તી કે ઠપકો નથી. પછી નબી કરીમે ફરમાવ્યું: તમારા બધા માટે આઝાદી છે અને તમને માફ કરવામાં આવ્યા ત્યારબાદ આપે તૌહિદ નો કલમો પડ્યો અને ફરમાવ્યું કે ભૂતકાળમાં જે ખૂનખરાબા થયા કે માલ લૂંટાયો તેની કોઈ વાત હવે નહીં થાય.

બધા જૂના મામલા બંધ કરી દેવામાં આવે છે અને બધાને સામાન્ય માફી આપવામાં આવે છે હવે તમે એક નવી જિંદગી શરૂ કરો.

કુરાનમાં દાખલ થવું માટે બે પ્રકારનો ઉલ્લેખ આવ્યો છે. એક તો લોકો દીનમાં દાખલ થાય છે, જેમ આ સૂરામાં કહેવામાં આવ્યું છે: તેઓ અલ્લાહના દીનમાં દાખલ થાય છે અને બીજું છે ઈમાન દિલમાં દાખલ થવું, જેમ સૂરા હુજરાતમાં કહેવામાં આવ્યું છે કે હજુ ઈમાન તમારા દિલોમાં દાખલ થયું નથી. એટલે કે માત્ર બહારથી મુસલમાન બનવું પૂરતું નથી, સાચું ઈમાન દિલમાં હોવું જોઈએ. હદીસમાં આવ્યું છે કે જ્યારે ઇમામ મહદી અલય્હિસ્સલામ ઝુહૂર કરશે ત્યારે દુનિયાના લોકો ફોજ દર ફોજ થઈને તેમના પર ઈમાન લાવશે. સાચી મદદ અને જીત ફક્ત અલ્લાહ તરફથી જ મળે છે, તેથી માણસે પોતાની તાકાત સાધનો અથવા માણસોની સંખ્યા પર ગર્વ ન કરવું જોઈએ.

ઘણી વખત બધું હોવા છતાં પણ હાર થઈ શકે છે, કારણ કે જીત અલ્લાહના હાથમાં છે.

ઇસ્તિગફાર એટલે અલ્લાહ પાસે માફી માંગવાનો હુકમ પણ અનેક હિકમતોથી ભરેલો છે તે દિલને વધુ નૂરાની બનાવે છે, જીત પછી આવતો ગર્વ દૂર કરવા માટે હોય છે, અથવા ઉમ્મતના ગુનાહોની માફી માટે હોય છે, અથવા નબી અને અલ્લાહ વચ્ચેની મહાન ઓળખ અને મઅરફતના કારણે હોય છે. કહવામાં આવે છે કે આ સૂરા તરતીબી રીત પ્રમાણે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ પર આખરી સૂરો છે આ સૂરા નાઝિલ થયા પછી રસૂલે ખુદા સલલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ એક વર્ષ આસપાસ આ દુનિયાની જિંદગીમાં રહ્યા.

સુરે કૌસરની ફઝીલત

આ સૂરો કુરાનનો સૌથી નાનો સૂરો છે, કવ્સર જન્નતની એક નહેર છે અને બહુ મોટી ભલાઇ છે કે જે અલ્લાહે પોતાના નબીને અતા કરી છે રિવાયતોમાં કવ્સરની સમજૂતી ખૈરે કસીર એટલે ઘણી બધી ભલાઇ થી કરવામાં આવી છે.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે જે કોઇ આ સૂરો વાજીબ અને મુસ્તહબ નમાઝોમાં પઢે તો તેને કયામતના દિવસે હૌઝે કવ્સર પરથી સૈરાબ કરવામાં આવશે અને દુનિયામાં દુશ્મનો થી દૂર રાખવામાં આવશે.

કવ્સરનો અર્થ અહીં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ માટે ઔલાદે કસીર છે, જે હઝરત ફાતેમા ઝહરા સલામુલ્લાહે અલયહાથી ફેલાઇ છે.

સુરે કૌસર

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ અલ્લાહના નામ થી જે ખુબજ મહેરબાન અને દયા કરવા વાળો છે.
إِنَّا أَعْطَيْنَاكَ الْكَوْثَرَ ﴿١﴾
(1) બેશક અમે જ આપને કૌસર (ખૈરે કસીર) અતા ફરમાવ્યું છે.
فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ ﴿٢﴾
(૨) માટે આપ આપના રબ માટે નમાઝ પઢો અને કુર્બાની આપો.
إِنَّ شَانِئَكَ هُوَ الْأَبْتَرُ ﴿٣﴾
(૩) ચોક્કસ આપનો દુશ્મન જ અબતર (ઓલાદ વગરનો) રહેશે.

મુખ્તસર તફ્સીર (સૂરે કૌસર):

(1) અલ્લાહ પોતાનો વાયદો પૂરો કરે છે

(2) ઓલાદ પણ અલ્લાહ તરફથી ભેટ છે

(3) નેઅમત મળે તો તરતજ શુક્ર અદા કરવો જોઇએ અને નમાઝ પડવી જોઇએ અને કુરબાની કરવી જોઇએ

(4) અને કુરબાની પણ અલ્લાહનો શુક્ર કરવાનો એક રસ્તો છે અને જ્યારે અલ્લાહ પાસેથી નેઅમત મળે તો શુક્ર, એ રીતે કરવાનો કે આપણી પાસે જે માલો દોલત છે તેમાંથી લોકોને પણ આપવું.

(5) ઇબાદત અને નમાઝ ખાલિસ દિલ થી અંજામ આપવી જોઇએ જે સૌથી સંપૂર્ણ અને બેહતરીન ઇબાદત છે તેમાં દિલ પણ હાજર હોવું જોઇએ નિયત પણ અલ્લાહ માટે હોવી જોઇએ અને જીભ દ્વારા હમદ અને સુરાની તિલાવત પણ કરવી જોઇએ તેમજ શરીર પણ રૂકૂ અને સજુદ દ્વારા ઇબાદતમાં જોડાય છે.

અને વુઝુ કરતી વખતે માથા અને પગ પર મસોહ કરવું પણ કદાચ એ તરફ સંકેત કરે છે કે માણસ માથાથી પગ સુધી અલ્લાહનો બંદો છે. નમાઝમાં શરીરનો સૌથી ઊંચો ભાગ, એટલે કે કપાળ, દિવસમાં ચોત્રીસ વખત ઝમીન પર ઝુકે છે, જેથી માણસમાં કોઇ અહંકાર બાકી ન રહે. હઝરત ફાતેમા ઝહરા સલામુલ્લાહ અલ્યહા ફરમાવે છે:
નમાઝનો હેતુ અને ફલસફો એ છે કે તે આત્માને અહંકારમાંથી પાક કરે છે એટલે જે કોઇ દિલથી નમાઝ પડે છે તો તેના અંદરથી ઘમંડ અને તકબ્બુર ખતમ થઇ જાય છે.
(6) દુશ્મનો અંતે નિષ્ફળ જ થવાનો છે
(7) અલ્લાહ પોતાના વલીઓની હિફાઝત કરે છે
(8) જો કોઇ દીન ની અને અવલીયાએ ખુદા ની તૌહિન કરે છે તો તેને સખત જવાબ અને સજા આપવામાં આવે છે

સુરે તૌહિદની ફઝીલત :

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે કે જે કોઇ સુરે ઇખ્લાસની તિલાવત કરે તો અલ્લાહ તઆલા તેને ફરિશ્તાઓ, આસમાની કિતાબો, રસુલો અને કયામતના દિવસ પર ઇમાન લાવનારાઓ જેટલો દસ ગણો સવાબ અતા કરશે. જે કોઇ એક વખત સુરે ઇખ્લાસની તિલાવત કરે છે તો ત્રીજા ભાગનું કુરાન પઢવાનો સવાબ મળે છે અને જે કોઇ ત્રણ વખત આ સુરાની તિલાવત કરે તો આખા કુરાન પડવાનો સવાબ અતા કરવામાં આવશે.

સુરે તૌહિદ :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ અલ્લાહના નામ થી જે ખુબજ મહેરબાન અને દયા કરવા વાળો છે.

قُلْ هُوَ اللّٰهُ أَحَدٌ ﴿١﴾
(૧) કહો કે અલ્લાહ એક જ છે.
اللّٰهُ الصّمَدُ (2)
(૨) અલ્લાહ બેનિયાઝ છે.
لَمْ يَلِدْ وَلَمْ يُولَدْ ﴿٣﴾
(૩) ન કોઇ તેની ઔલાદ છે અને ન કોઇ તેનો વાલિદ છેઃ
وَلَمْ يَكُن لّهُ كُفُوًا أَحَدٌ ﴿٤﴾
(૪) અને ન કોઇ તેની જેવુ છે અને ન હમસર છે.

મુખ્તસર તફ્સીર (સૂરે તૌહિદ):

અમુક અહલે કિતાબ અને મુશરિક લોકો પયગંબર પાસે આવ્યા અને કહ્યું કે: તમારા ખુદાની અમને ઓળખાણ કરાવો. ત્યારે આ સૂરો નાઝિલ થયો આ સૂરામાં ખુદાની ઓળખાણ કરાવવામાં આવી છે. જેમાં આવ્યું છે કે અલ્લાહને ન પિતા છે, ન માતા છે, ન સંતાન છે, ન પત્ની છે ન કોઈ ભાગીદાર છે. તે પાક અને મુનઝ્ઝહ છે. આ સૂરામાં સૌથી શુદ્ધ તવ્હીદના અકીદો છે તેથી આ સુરાને તવ્હીદ અને ઇખ્લાસ કહેવામાં આવે છે.

હદીસોમાં આવ્યું છે: દરરોજ ઓછામાં ઓછું એક વખત આ સૂરો નમાઝમાં પઢો અને પછી કહો: કઝાલિક રબ્બી એટલે મારો પરવર્દિગાર એવો જ છે.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે સુરે તવ્હીદની મિસાલ અલી ઇબ્ને અબી તાલિબ જેવી છે જે વ્યક્તિ તેમનાથી દિલથી મોહબ્બત કરે તેને

1/3 ઈમાન મળે જે દિલ અને જીભથી મોહબ્બત કરે 2/3 ઈમાન મળે અને જે દિલ, જીભ અને અમલ સાથે મોહબ્બત કરે તો સંપૂર્ણ ઈમાન મળે છે. આ સૂરાની તિલાવત નમાઝ પછીની તઆકિબાત એટલે કે દુઆઓમાં પણ ગણાય છે. રિવાયતોમાં આવ્યું છે કે: જે વ્યક્તિ દરેક નમાઝ પછી આ સૂરો પડવાનું ન છોડે તો અલ્લાહ તેને દુનિયા અને આખેરતમા ભલાઈ આપે છે અને તેને, તેના માતા-પિતા અને તેની ઓલાદને માફ કરે છે.

હઝરત ઇમામ ઝૈનુલ આબેદીન અલયિહસ્સલામ ફરમાવે છે કે અલ્લાહ જાણતો હતો કે આખરી જમાનામાં ઊંડા વિચાર કરનાર લોકો આવશે, તેથી સુરે તવ્હીદ અને સુરે હદીદની પહેલી છ આયતો નાઝિલ કરી. આ સુરાને છ અલગ અલગ દિશામાં આગળ, પાછળ, જમણે, ડાબે, ઉપર, નીચે પડવાથી માણસ ખતરાથી સુરક્ષિત રહે છે અને આફતોમાંથી અમન અને સુરક્ષા મેળવે છે.

સુરે ફલકની ફઝીલત :

ઇમામ મોહમ્મદ બાકિર અલયિહસ્સલામ ફરમાવે છે કે નમાઝે વિત્રમાં સુરે ઇખ્લાસ સુરે ફલક અને સુરે નાસની તિલાવત કરવાવાળાને ફરિશ્તાઓ કહે છે કે તને મુબારક થાય, ખુદાએ તારી આ નમાઝને કબુલીયતનો શરફ અતા કર્યો છે.

જો કોઇ શખ્સ ઘરેથી બહાર નીકળે ત્યારે સુરે ફલક

(قُلْ أَعُوذُ بِرَبِّ الْفَلَقِ)

અને સુરે નાસ

(قُلْ أَعُوذُ بِرَبِّ النَّاسِ)

પઢે, તો તે નજરે બદથી મહફૂઝ રહેશે. અને જે શખ્સને નીંદરમાં ડર લાગે, તે આયતલ કુરસી સાથે આ બંને સૂરા પઢે તો અલ્લાહ તઆલા તેની હિફાઝત કરશે અને તેને સુકૂનભરી નીંદર અતા કરશે.

સુરે ફલક:

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ અલ્લાહના નામ થી જે ખુબજ મહેરબાન અને દયા કરવા વાળો છે.
قُلْ أَعُوذُ بِرَبِّ الْفَلَقِ ﴿١﴾
(૧) કહો કે હું સુબહના પરવરદિગાર પાસે પનાહ માંગું છું
مِن شَرِّ مَا خَلَقَ ﴿٢﴾
(૨) દરેક મખ્લુકોની બદીથી :
وَمِنْ شَرِّ غَاسِقٍ إِذَا وَقَبَ (3)
(૩) દરેક બદમાશની બૂરાઇથી જ્યારે અંધારૂ છવાઇ જાય.

وَمِن شَرِّ النَّفَّاثَاتِ فِي الْعُقَدِ ﴿٤﴾
(૪) અને ગાંઠો પર ફૂંક (જાદુ-ટોણા પર ફુંક) મારનારીઓની બૂરાઇથી:
وَمِن شَرِّ حَاسِدٍ إِذَا حَسَدَ ﴿٥﴾
(૫) અને દરેક હસદ (ઇર્ષા) કરનારાની બદીથી કે જ્યારે તે હસદ કરે.

મુખ્તસર તફસીર (સૂરે ફલક):

જોકે અલ્લાહે જે કંઈ બનાવ્યું છે તે મૂળરૂપે સારું જ છે:

«الَّذِي أَحْسَنَ كُلَّ شَيْءٍ خَلَقَهُ»

અલ્લાહે દરેક વસ્તુને સુંદર રીતે બનાવી છે પરંતુ જ્યારે કોઈ વસ્તુ પોતાની સાચી જગ્યાએ ઉપયોગ કરવામાં ન આવે ત્યારે તે ખરાબ બની જાય છે. જેમકે લોખંડ એક સારી વસ્તુ છે પરંતુ તેમાંથી છરી બને અને ખોટા કામમાં વપરાય તો તે નુકસાન કારક બની જાય છે એટલે બુરાઈ અને બદી મખલૂકાતના ખોટા ઉપયોગથી છે ખુદા તરફથી નથી અને ખુદ સર્જન પણ ખરાબ નથી.

અને ફક્ત અઊઝો કહેવું પૂરતું નથી અલ્લાહની પનાહ માંગવી માત્ર અઊઝો બિલ્લાહ બોલવાથી મળતી નથી, પરંતુ તેની સાથે સારા અમલ પણ જરૂરી છે. અહલેબૈત અલયહેમુસ્સલામ મિસ્કીન યતીમ અને કેદીને ખવડાવ્યું અને કહ્યું:

«إِنَّا نَخَافُ مِنْ رَبِّنَا يَوْمًا عَبُوسًا قَمْطَرِيرًا»
અમે અમારા પરવરદિગારના કઠિન દિવસ (કયામત)થી ડરીએ છીએ પછી કુરાન કહે છે:

«فَوَقَاهُمُ اللّٰهُ شَرَّ ذَلِكَ الْيَوْمِ»
પછી અલ્લાહે તેમને એ દિવસની બુરાઇથી બચાવી લીધા. એટલે: ફક્ત ડર વ્યક્ત કરવો કાફી નથી, પરંતુ તેની સાથે સારા કામ કરવું પણ જરૂરી છે.
આ સૂરામાં તમામ બુરાઇઓમાંથી ખાસ કરીને ત્રણ બુરાઇઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે:
૧. છુપાયેલા અંધકારની બુરાઇઓ

«مِنْ شَرِّ غَاسِقٍ إِذَا وَقَبَ»
રાતના અંધકાર અને તેમાં છુપાયેલા નુકસાનોથી બચવાની દુઆ
૨. ગંદી અને ખરાબ જીભોની બુરાઇઓ

«مِنْ شَرِّ النَّفَّاثَاتِ فِي الْعُقَدِ»
જાદુ-ટોણા, ફૂંક મારનારાઓ અને ખરાબ ઇરાદાવાળા લોકોની બુરાઇથી બચવાની દુઆ.

૩. હસદ અને ખરાબ સ્પર્ધાની બુરાઈઓ

«وَ مِنْ شَرِّ حَاسِدٍ إِذَا حَسَدَ»

જ્યારે હસદ કરનાર હસદ કરે, ત્યારે તેની બુરાઈથી અલ્લાહની પનાહ માંગવી.

એક બુરાઇ જે ઉપર દર્શાવાઇ છે તે જાદુ અને ટોણો છે. તેને શીખવું અને તેનો અમલ કરવો હરામ છે. બીજી હસદ છે, હસદ કરનાર હસદ કરે ત્યારે અલ્લાહની પનાહ માંગવી દરેક હાલતમાં જરૂરી છે;

અને બીજું દરેક હાલત માં અને ખાસ જયારે કુરાન પઢીએ ત્યારે શેતાન થી બચવું છે

«فَإِذَا قَرَأْتَ الْقُرْآنَ فَاسْتَعِذْ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيمِ»

જ્યારે તું કુરાનની તિલાવત કર, ત્યારે શૈતાનથી બચવા અલ્લાહની પનાહ માંગ.

બીજાઓ પાસે રહેલા સારા ગુણો અને કમાલાત મેળવવાનો પ્રયત્ન કરવો તે સારું છે અને તેને “ગિબ્તા” કેહવાય છે અને તે કરવું બેહતર છે એટલે કોઇ પાસે સારી વસ્તુ છે તો અલ્લાહ પાસે તે વસ્તુ માંગવી કે યા અલ્લાહ મને પણ તેની જેવુ અતા કર

પરંતુ બીજાના ગુણો અને નેઅમતનો નાશ થઇ જાય ખતમ થઈ જાય એવા પ્રયત્ન કરવાને “હસદ” અને ઇર્ષા કેહવાય જે ખોટી વસ્તુ છે. હસદ નાના દિલ અને તંગ નજરિયાની નિશાની છે દુનિયામાં થયેલો પહેલુ ખૂન, હઝરત આદમ ના દીકરાએ હસદને કારણે કર્યું હતું અને આસમાનમાં થયેલો પહેલો ગુનોહ, ઇબ્લીસે હઝરત આદમ પર ઘમંડના કારણે કર્યા હતો.

હદીસો માં આવ્યું છે કે હસદ ઈમાનને એવી રીતે ખાઈ જાય છે જેમ આગ લાકડાને બાળી નાખે છે

અહલેબૈત પર જે મુશ્કેલીઓ આવી અને લોકો તેમનાથી દુર થયા તેનું કારણ પણ હસદ હતું.

કુરાન કહે છે: શું લોકો અલ્લાહે પોતાના ફઝલથી લાયક લોકોને આપેલી નેઅમત પર હસદ કરે છે? શું તેઓ નથી જાણતા કે અમે આલે ઇબ્રાહીમને કિતાબ, હિકમત અને મહાન હુકૂમત આપી હતી?

તમામ બુરાઇઓમાં હસદ સૌથી વધુ ખતરનાક બુરાઈ છે. કારણ કે હસદ કરનાર પોતાના હેતુ સુધી પહોંચવા માટે યોજનાઓ બનાવે છે, છેતરપિંડી કરે છે અને અનેક પ્રકારની બુરાઇઓમાં પડી જાય છે. હઝરત અમીરૂલ મોમેનીન અલી ઇબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છે:

«الحسد داء عياء لا يزال الا بهلك الحاسد او بموت المحسود»

હસદ એક ખતરનાક બીમારી છે, જે હસદ કરનારના નાશ અથવા જેના પર હસદ થાય તેના મોત સિવાય દૂર થતી નથી.

હસદ કરનાર હકીકતમાં અલ્લાહ સામે એઅતરાઝ કરે છે તે અલ્લાહની ઇચ્છા અને હિકમત સામે ઊભો રહે છે અને કહે છે: અલ્લાહે તેને કેમ આપ્યું અને મને કેમ ન આપ્યું? હસદ કરનાર ક્યારેય સાચી ભલાઈ અને નિખાલસ સલાહ આપતો નથી. હસદના સ્વભાવને કારણે તે બીજાઓથી ભલાઈને પણ રોકે છે. કુરાને ઘણા ગુનાહોની જડ હસદને ગણાવી છે.

ઈમામ સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે

«ان الكفر اصله الحسد»

કુફ્રની મૂળ જડ હસદ છે. જેમ લોકો પયગંબરો વિશે કહેતા હતા:

«أَبَشَرٌ يَهْدُونَنا»

શું આપણા જેવા માણસો આપણને હિદાયત કરશે?

હસદ કરનાર નમ્રતા અને શુક્ર કરનાર નથી હોતો. તે ક્યારેય બીજાના ગુણોને સ્વીકારતો નથી અને પરિણામે હક છુપાવવાના લીધે ગુનાહમાં પડી જાય છે હસદ કરનાર સામાન્ય રીતે મુનાફિક હોય છે.

«الحاسد يظهر و ده فى اقواله و يخفى بغضه فى افعاله»

હસદ કરનાર પોતાની વાતોમાં પ્રેમ દર્શાવે છે, પરંતુ પોતાના કામોમાં અંદરની નફરત અને દુશ્મની છુપાવે છે.

સુરે નાસની ફઝીલત :

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહે વ આલેહી વ સલ્લમ સખ્ત બિમાર થયા ત્યારે જીબ્રઇલ આપ હઝરત ના માથા પાસે અને મીકાઇલ પગ પાસે ઉભા રહ્યા. જીબ્રઇલ સુરે નાસની તિલાવત કરીને રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહે વ આલેહી વ સલ્લમને ખુદાની પનાહમાં આપી રહ્યા હતા. જો કોઇ શખ્સ ઘરેથી બહાર નીકળે ત્યારે અને સુરે ફલક

(قُلْ أَعُوذُ بِرَبِّ الْفَلَقِ)

અને સુરે નાસ

(قُلْ أَعُوذُ بِرَبِّ النَّاسِ)

પઢે, તો તે નજરે બદથી મહફૂઝ રહેશે. અને જે શખ્સને નીંદરમાં ડર લાગે, તે આયતલ કુરસી સાથે આ બંને સૂરા પઢે તો અલ્લાહ તઆલા તેની હિફાઝત કરશે અને તેને સુકૂનભરી નીંદર અતા કરશે.

સુરે નાસઃ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
શરૂ અલ્લાહના નામ થી જે ખુબજ મહેરબાન અને દયા કરવા વાળો છે.
قُلْ أَعُوذُ بِرَبِّ النَّاسِ ﴿١﴾
(૧) કહો કે હું ઈન્સાનોના પરવરદિગાર પાસે પનાહ ચાહુ છું:
مَلِكِ النَّاسِ ﴿٢﴾ إِلَٰهِ النَّاسِ ﴿٣﴾
(૨) જે બધાનો માલીક અને બાદશાહ છેઃ (૩) તમામ ઈન્સાનોનો માઅબૂદઃ
مِن شَرِّ الْوَسْوَاسِ الْخَنَّاسِ ﴿٤﴾
(૪) અને છુપાયેલા શેતાનના વસવસાની બદીથી (જે અલ્લાહનું નામ સાંભળી પાછો ફરી જાય છે):

الَّذِي يُوَسْوِسُ فِي صُدُورِ النَّاسِ ﴿٥﴾
(૫) કે જે લોકોના મનમાં વસવસા પેદા કરે છે:
مِنَ الْجِنَّةِ وَالنَّاسِ ﴿٦﴾
(૬) ચાહે તે જિન્નાતોમાંથી હોય અથવા ઈન્સાનોમાંથી.

મુખ્તસર તફ્સીર (સૂરે નાસ):

શૈખ તુસી ફરમાવે છે: લબીદ બિન આસમ નામના એક યહૂદી શખ્સ હતો તે પોતે અને તેની દીકરીઓ જાદુ અને ટોણો કરતા હતા અને તેઓ જાદુમાં અગિયાર ગાંઠો બાંધતા હતા પછી સુરે ફલક અને સુરે નાસ નાઝિલ થયો અને હઝરત રસૂલે ખુદા સલલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમે ઈમામ હસન અને ઈમામ હુસૈન અલયહેમુસ્સલામ ને બોલાવ્યા અને આ બન્ને સુરાનું તાવીઝ બનાવી આપ્યું અને તમામ લોકો સુધી પયગામ પોહચાડીઓ કે જાદુ ટોણા માટે આ

આ બન્ને સુરા નું તાવીઝ ફાયદા કારક છે અને આ બન્ને સુરા પઢતા રહેવું જોઇએ જેથી લોકો દરેક શર અને બુરાઈથી બચીને રહે.
કુરાનમાં કુલ «قُلْ» શબ્દ 300 કરતાં વધુ વખત આવ્યો છે
આમાંથી ઘણી જગ્યાએ અલ્લાહ તરફથી હઝરત રસૂલે ખુદા સલલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ ને હુકમ આપવામાં આવ્યો છે, જેથી તેઓ વિરોધીઓ અથવા મોમિનોને જવાબ આપે.
વસવાસ શબ્દનો મતલબ વસવસો કરનાર અથવા ખોટા વિચારો અને દિલમાં આવતા ખરાબ ખયાલો થયા છે.
પરંતુ અહીં વસવાસ નો અર્થ “વસવસો કરનાર” છે અને પનાહ તો એવી જાત પાસે માંગવી જોઈએ જે દિલના રહસ્યો અને અંદરના વસવસાઓને પણ જાણતો હોય.

«يَعْلَمُ خَائِنَةَ الْأَعْيُنِ وَ مَا تُخْفِي الصُّدُورُ»

અલ્લાહ આંખોની ખયાનતને અને દિલોમાં છુપાયેલી વાતોને જાણે છે.

રસૂલે ખુદા સલલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમે ફરમાવ્યું:
શૈતાન માણસના દિલ પર બેસેલો રહે છે જ્યારે માણસ અલ્લાહને યાદ કરે છે ત્યારે શૈતાન છુપાઈ જાય છે અને જ્યારે માણસ ગાફિલ થાય છે ત્યારે તે તેને વસવસો કરવા લાગે છે અને બેહકાવવા લાગે છે

«فاذا ذكر العبد الله خنس ... و اذا غفل وسوس»

અને જે લોકો બીજાઓના દિલમાં શંકા નાખે છે અને વસવસો પેદા કરે છે તેઓ પણ શૈતાની કામ કરે છે અને આ સુરામાં તે લોકોથી પણ બચવાનો ઝિક્ર થયો છે.
કુરાન બિસ્મિલ્લાહ થી શરૂ થયા છે જેમાં અલ્લાહ પાસેથી મદદ માંગીએ છીએ,
અને વન્નાસ પર ખત્મ થાય છે જેમાં અલ્લાહની પનાહ માંગીએ છીએ.

પયગામ (સૂરે નાસ):

1: હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ વહીના અમીન છે અને પોતાની તરફથી કંઈ કહેતા નથી.
2: ખતરાઓ એટલા ગંભીર છે કે અલ્લાહ પોતાના પયગંબરને પણ પનાહ માંગવાનો હુકમ આપે છે.
3: અલ્લાહની મદદ વગર બુરાઈઓનો સામનો કરવો શક્ય નથી.
4: ગુનેહગારોને નિરાશ ન થવું જોઈએ, કારણ કે અલ્લાહ ફક્ત મોમિનોનો નહીં પરંતુ બધા લોકોનો પરવરદિગાર છે.
5: જ્યારે પયગંબર પોતે અલ્લાહની પનાહ માંગે છે, ત્યારે આપણી ફરજ સ્પષ્ટ થઈ જાય છે.
6: માણસે પોતાને અલ્લાહની તરબીયત અને હુક્મ નીચે રહેવું જોઈએ અને તેની હુકૂમત અને બાદશાહીને સ્વીકારવી જોઈએ,

7: બેઈમાન માણસ પોતાની તાકાત, જમાત, કૌમ અથવા દોલતનો સહારો લે છે, પરંતુ અલ્લાહવાળા લોકો સમગ્ર કાયનાતના માલિક, બાદશાહ અને મઅબૂદની પનાહ લે છે.

8: સૌથી મોટા ખતરો એ છે જે સૌથી વધુ છુપાયેલા હોય, જેમ કે દિલના અંદરના વસવસો

આયતલ કુર્સીની ફઝીલત

આયતલ કુર્સીમા રહેલા વિષયો એ દિની તાલીમોનો એક ઊંડો દરિયો છે એ તેની તિલાવત કરવાની ફઝીલત તેના માનવજીવન પર પડતા અસરો અને બરકતો વિશે ઘણી હદ સુધી હદીસોમાં ખૂબ જ ભાર આપવામાં આવ્યો છે.

અલ્લામા તબાતબાઈ આયતલ કુર્સીની મહિમા. "તૌહિદ" અને અલ્લાહની "કયૂમિયત" (હંમેશાં કાયમ રહેવું અને દરેક વસ્તુને સંભાળવી) વિશે ઊંડા અર્થો ધરાવતી હોવાનું બયાન કરે છે. તેમનું વધુ કહેવું છે કે "અસ્મા ઉલ હુસ્ના"ના બધા નામોનું અંતિમ રૂપરેખા અલ્લાહની કયૂમિયત તરફ જ વળે છે.

આ આયત ઈસ્લામના પયગંબર

હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમના જમાનામાં પણ “આયતલ કુર્સી”ના નામથી ઓળખાતી હતી. આપ હઝરતે ફરમાવ્યું: “કુરાનની સૌથી મહાન આયત. આયતલ કુર્સી છે" વધુમાં કહ્યું: “શબ્દોનો સરદાર કુરાન છે. કુરાનના સૂરાઓનો સરદાર ‘સુરે બકરહ’ છે. અને ‘સુરે બકરહ’ નો સરદાર ‘આયતલ કુર્સી’ છે. "

આયતલ કુર્સી હંમેશાંથી મુસલમાનોમાં ખૂબજ મહત્વ વાળી છે. કારણ કે ઈસ્લામની તમામ તાલીમો તૌહિદ (અલ્લાહ એક છે) પર આધારીત છે અને આ પાક આયતમાં તૌહિદને ખૂબ જ અસરકારક રીતે બયાન કરવામાં આવ્યું છે. આ આયતમાં અલ્લાહની ઝાત, સિફત અને અફઆલ બધાને સ્પષ્ટ રીતે પેશ કરવામાં આવ્યુ છે.

શિયા અને સુન્ની બંને તરફથી અલગ અલગ હદીસોમાં આયતલ કુર્સીની તિલાવતની ફઝીલત અને અસરો વિશે ઘણું વર્ણન કરવામાં આવ્યું છે. દરેક હાલતમાં ખાસ કરીને:

- નમાઝ પછી
- ઊંઘવા પહેલા
- ઘરમાંથી નીકળતાં સમયે
- તકલીફ કે મુશ્કેલીમાં
- મુસાફરી દરમિયાન,
- આંખોની હિફાઝત માટે અને રોગોથી બચવા માટે....

આ બધા પ્રસંગો પર આયતલ કુર્સી પડવી મુસ્તહબ ગણવામાં આવે છે.

આય્તલ કુર્સી

اللّٰهُ لَا إِلٰهَ إِلَّا هُوَ الْحَيُّ الْقَيُّومُ ۚ لَا تَأْخُذُهُ سِنَةٌ
وَلَا نَوْمٌ ۚ لَهُ مَا فِي السَّمَاوَاتِ وَمَا فِي الْأَرْضِ ۗ
مَن ذَا الَّذِي يَشْفَعُ عِندَهُ إِلَّا بِإِذْنِهِ ۚ يَعْلَمُ مَا
بَيْنَ أَيْدِيهِمْ وَمَا خَلْفَهُمْ ۖ وَلَا يُحِيطُونَ بِشَيْءٍ
مِّنْ عِلْمِهِ إِلَّا بِمَا شَاءَ ۚ وَسِعَ كُرْسِيُّهُ السَّمَاوَاتِ
وَالْأَرْضَ ۖ وَلَا يَئُودُهُ حِفْظُهُمَا ۚ وَهُوَ الْعَلِيُّ
الْعَظِيمُ ﴿٢٥٥﴾

(૨૫૫) અલ્લાહ તે છે કે જેના સિવાય બીજો કોઇ ઇબાદતને લાયક નથી, તે હમેશાથી જીવંત (અને) બધાજનો નિગેહબાન છે, ન તેને ઝોંકુ આવે છે અને ન નીંદર. જે કાંઇ આસમાનોમાં અને જે કાંઇ ઝમીનમાં છે તે (બધુજ) તેનું જ છે. કોણ એવો છે જે તેની રજામંદી વગર તેની હજૂરમાં (કોઇના માટે) શફાઅત કરી શકે? તે જે કાંઇ તેમની સામે તથા જે કાંઇ તેમની પાછળ છે તેને જાણે છે અને તેઓ તેના ઇલ્મમાંથી કશું જાણી શકતા નથી, સિવાય એટલુ કે તે રજા આપે. તેની કુર્સી (ઇલ્મ અને તાકત) આકાશો અને ઝમીન કરતા પણ વિશાળ છે અને એ બંનેની હિફાઝત તેને બોજારૂપ લાગતી નથી, અને તે બલંદ મરતબાવાળો (અને) અઝમતવાળો છે.

لَا إِكْرَاهَ فِي الدِّينِ ۖ قَد تَّبَيَّنَ الرُّشْدُ مِنَ الْغَيِّ ۚ فَمَن يَكْفُرْ بِالطَّاغُوتِ وَيُؤْمِن بِاللَّهِ فَقَدِ اسْتَمْسَكَ بِالْعُرْوَةِ الْوُثْقَىٰ لَا انفِصَامَ لَهَا ۗ وَاللَّهُ سَمِيعٌ عَلِيمٌ ﴿٢٥٦﴾

(૨૫૬) દીનમાં કોઇ જાતની જબરદસ્તી નથી, બેશક હિદાયત ગુમરાહીથી જુદી અને વાઝેહ રીતે (જાહેર) થઇ ચૂકી છે, પછી જે કોઇ તાગૂત (જૂઠા ખુદાઓ અને બુતો)નો ઇન્કાર કરે અને અલ્લાહ પર ઈમાન લાવે, ખરેખર તેણે અલ્લાહની મજબૂત રસ્સીને પકડી લીધી, કે જે કદી તૂટનાર નથી; અને અલ્લાહ સાંભળનાર જાણનાર છે.

اللَّهُ وَلِيُّ الَّذِينَ آمَنُوا يُخْرِجُهُم مِّنَ الظُّلُمَاتِ إِلَى النُّورِ ۖ وَالَّذِينَ كَفَرُوا أَوْلِيَاؤُهُمُ الطَّاغُوتُ يُخْرِجُونَهُم مِّنَ النُّورِ إِلَى الظُّلُمَاتِ ۗ أُولَٰئِكَ أَصْحَابُ النَّارِ ۖ هُمْ فِيهَا خَالِدُونَ ﴿٢٥٧﴾

(૨૫૭) જે લોકો ઈમાન લાવ્યા છે અલ્લાહ તેમનો સરપરસ્ત (વલી) છે, તે તેમને ગુમરાહીમાંથી કાઢી હિદાયત તરફ લઈ આવે છે અને નાસ્તિકોનો સરપરસ્ત શેતાન છે જે તેમને (ઈમાનના) નૂરમાંથી કાઢી (અધર્મીના) અંધકાર તરફ લઈ જાય છે. આ (લોકો)જ આગના (જહન્નમના) રહેવાસી છે જેમાં તેઓ હંમેશા રહેનાર છે.

ઈસાલે સવાબ

અમારા આ મરહુમો અને તમારા મરહુમો માટે એક સુરે ફાતેહા પડી બખ્શી આપવા વિનંતી

મર્હૂમ મોહમ્મદ હુસૈન હાફીઝ
મર્હૂમ અલી હસનૈન હાફીઝ
મર્હુમા ફાતેમા બાનું હાફીઝ

અને હાફીઝ પરિવારના તમામ મરહુમો માટે એક વખત સુરે અલ્હમ્દ ત્રણ વખત સુરે ઈખ્લાસ પાંચ વખત સલવાત પડી જનાબે માસુમાએ કુમ (સ.અ)ને હદીયો કરવા ગુજારીશ

Designed by:
ALVI GRAPHICS
+91 7283829314